Chapter. 3

# પ્રકરણ : 3

## સંત તુકારામ

3.૧ કુટુંબજીવન અને ઘડતર પરિબળો

3.૨ સર્જન કૃતિઓ-કાવ્યકળાની દૃષ્ટિએ

3.3 તત્વજ્ઞાન

## પ્રકરણ : ૩. સંત તુકારામ

### ૩.૧ તુકારામનો જન્મ અને ઘડતર પ્રક્રિયા

ગુજરાતની જેમ જ મહારાષ્ટ્રમાં પણ સંતો અને જ્ઞાની કવિઓનું ઝાઝું મહત્વ રહ્યું છે. અખાની કટાક્ષમયી વાણી અને જ્ઞાનભર્યા સમાજ ઉદ્‌બોધનનો મહારાષ્ટ્રમાં જાણે કે તુકારામનાં અભંગોએ પ્રતિસાદ આપ્યો હતો. ગુજરાતમાં અખાનાં જન્મ પછી ૮ વર્ષ બાદ એટલે કે ઈ.સ. ૧૫૯૮ માં મહારાષ્ટ્રમાં તુકારામનો જન્મ ખૂબજ સંસ્કારી-ભક્ત પરિવારમાં થયો હતો.[૧] પૂના પાસે આવેલા દેહુ ગામના શ્રીમંત, વારકરી સંપ્રદાય સ્વીકારેલા પરિવારમાં તેઓ જન્મ્યા હતા. તુકારામનું પુરુ નામ તુકારામ બોલ્હોબા આંબિલે હતું.

તુકારામની માતાનું નામ કનકાઈ હતું અને એમની ધાર્મિક વૃત્તિ તથા સેવાભાવી સ્વભાવ તુકારામને ગર્ભમાંથી જ મળ્યો હતો. તુકારામનાં માતા કનકાઈ પૂના પાસેનાં લોહ ગામના મોરે પરિવારનાં હતાં. તુકારામનાં પિતાનું નામ બોલાજી હતું તે પણ વિઠ્ઠલનાં પરમ ભક્ત હતાં. એમને ઘેર આવી ચડેલ અતિથિઓને-તેમજ સાધુસંતોને ભોજન તથા આશરો મળી રહેતો હતો. બોલાજી-કનકાઈને ત્રણ પુત્રો થયા હતા. મોટો દિકરો સાવજી પહેલેથી જ વીતરાગી હતો. નાનો પુત્ર કાન્હજી. અને વચેટ દીકરો તે તુકારામ. બાળપણથી જ તેઓ રમતિયાળ હતા. તુકારામ નાનપણથી જ રામકૃષ્ણ ભગવાનની બાળલીલાની રમતો રમતા હતા. ઉપરાંત અન્ય રમત ગમતનાં પણ એવા શોખીન હતા કે જે જે રમતો નાનપણમાં રમ્યા હતા એ રમતોનું અભંગોમાં વર્ણનથી મળે છે. કિશોરાવસ્થામાં બાળગોઠિયાઓ સાથે રમતા રમતા વાંધો પડતાં તેઓ લડી-ઝગડી પણ પડતાં. યુવાવસ્થામાં ભજનાનંદી બન્યા પછી પણ પ્રેમ કલહ કરવાની તુકારામની આ ટેવ છતી થાય છે. એ સમયની રૂઢિનુસાર તુકારામનાં લગ્ન કિશોરાવસ્થામાં જ થયા હતા. તુકારામનું પહેલું લગ્ન થયું ત્યારે એમનું વય માત્ર બાર જ વર્ષનું હતું. તેમની પત્નીનું નામ રખુમાઈ હતું. રખુમાઈ પરણીને આવી ત્યારથી જ દમનો રોગ લાગુ પડ્યો હતો. એ સમયમાં લગ્ન એ વંશવૃદ્ધિનું એક મહત્વનું કારણ હતું. રખુમાઈની આ બિમારીને કારણે પોતાનો વંશવેલો આગળ નહીં વધે એવું લાગતા બોલાજીએ તુકારામનું બીજુ લગ્ન કર્યું. તુકારામની બીજી પત્ની જીજાઈ પૂનાનાં ધનિક શાહુકારની પુત્રી હતી. આમ એક સાથે તુકારામ બે સ્ત્રીઓના પતિનો ધર્મ નિભાવતા હતાં. બંને પત્નીઓ સાથેના ૩-૪ વર્ષ તો ખૂબ જ સારા પસાર થયા હતા. દરમ્યાન ધંધો પણ ખૂબ ફૂલ્યો ફાલ્યો હતો.

---

૧. પાંચ સંતકવિ, લે.ડૉ.શંકર ગો. તુળપુળે, સુવિચાર પ્રકાશન, પુણે, ત્રીજી આવૃત્તિ-૧૯૮૪, પૃ. ૨૮૯

દરમિયાન વૃદ્ધત્વ તરફ પ્રયાણ કરતાં બોલાજીએ પોતાનો સઘળો કારોબાર પોતાનાં મોટા પુત્ર સાવજીને સોંપવાનો નિર્ણય કર્યો. સાવજી પહેલાંથી જ સંસારમાં રહીને પણ વૈરાગી હતો. ધંધો કરવાની આવડત કે હોંશ પોતે ધરાવતો નથી એમ કહીને તેણે આ જવાબદારી સ્વીકારી નહીં. તેથી આ કાર્યભાર કિશોર એવા તુકારામનાં હાથમાં સોંપાયો. તે સમયે તુકારામની ઉંમર ૧૬-૧૭ વર્ષની હતી. તુકારામે પોતાની ફરજ સમજીને પારિવારીક ધંધામાં ધ્યાન પરોવ્યું. નામું લખવું, હિસાબ કરવો, ખાતા ખતવવા, હુંડી, વ્યાજ વગેરેમાં તુકારામે સારી એવી ફાવટ મેળવી. ખાસ ભણેલા ન હોવા છતાંય પોતાની વ્યવહાર કુશળતાથી તુકારામે વેપાર સારી પેઠે વધાર્યો. માતા-પિતાનો સ્નેહ, ભાઈઓની હૂંફ અને અઢળક ઐશ્વર્ય ના આ સમયમાં તુકારામે એક સારા વેપારી, શ્રીમંત સાહુકાર તરીકેની પ્રતિષ્ઠા મેળવી. પોતાના વેપાર ધંધામાં તુકારામ જેટલાં પાવરધા હતા એટલા જ પ્રામાણિક પણ હતાં. કોઈને છેતરતા નહતા. દરમ્યાન તુકારામ પોતાનાં માતા-પિતાનો અપાર સ્નેહ મેળવી રહ્યા હતાં. ખાસ કરીને માતા કનકાઈ તરફ તેમનો સ્નેહ વધારે હતો. તેઓ પુત્રના પિતા પણ બન્યા હતા.

પરંતુ બદલાયેલા સમયે તુકારામનાં જીવનનું સુકાન પણ જાણે બદલવાનું નક્કી કર્યું હતું. તેમના માતા-પિંતાનો દેહાંત થઈ ગયો. થોડા જ સમયમાં મોટાભાઈની પત્ની પણ મૃત્યુ પામી. દરમ્યાન ભીષણ દુકાળ પડ્યો. ખેતી-ધંધો-વેપાર પડી ભાંગ્યો. આવક ધીમે ધીમે ઘટવા માંડી. પત્નીનાં મૃત્યુના કારણે સાવજીનું રહ્યું સહ્યું ધ્યાન પણ સંસારમાંથી ઉઠી ગયું અને તેણે સંસારનો ત્યાગ કર્યો. ઘરબાર-તુકારામ જેવા ભાઈને છોડી તે તીર્થાટને નીકળી ગયો. આમ, એક પછી એક આપ્તજનો જાણે કે તુકારામથી દૂર જવા લાગ્યા હતા. હૈયામાં અગાધ શોક હોવાથી ધંધામાં તુકારામનું ધ્યાન ઓછું થવા માંડ્યું હતું. જેમને જેમને તુકારામે માલ કે નાણાં ધીર્યા હતા એ બધાંએ તેમની આ શોકગ્રસ્ત અવસ્થાનો લાભ લઈ દેવું ચૂકવવાના અખાડા કરવા માંડ્યા હતા. કેટલાકે નાદારી નોંધાવી કાયમ માટે તુકારામના નાણાં ડૂબાડ્યાં. લેણદારો પોતાના નાણાં માટે તુકારામ પાસે તકાદા કરવા માંડ્યા, લેણું વસૂલ કરવા માટે ગામનાં અન્ય વેપારી-સાહૂકારોએ તુકારામની કેટલીક મિલકતો જપ્ત કરી લીધી. ઘરબાર-મિલકત-ઢોરઢાંખર એમ ધીમે ધીમે બધે જ પતન શરું થયું. મન કઠણ કરીને તુકારામે એક પછી એક ઘા સહ કર્યે રાખ્યા હતાં.

એકવાર નજીકના ઓળખીતા પાસેથી પૈસા ઉછીના લઈને તુકારામે વેપાર નવેસરથી શરૂ કર્યો, પણ વેપારમાં ફાવટ આવી નહીં. એમના ધનિક સસરાએ પણ ભાંગી પડેલા જમાઈને વેપારમાં ફરીથી બેઠા કરવાના પ્રયત્નો કર્યા. પણ ફરી એના એજ હાલ ! આ સમય દરમ્યાન એમને પોતાની બીજી પત્ની જીજાઈનો પણ પરિચય થયો. પહેલા તુકારામ પાસે જ્યારે અઢળક સંપત્તિ હતી ત્યારે સુખેથી જીવન જીવતી પત્ની હવે કપરાં દિવસોમાં કર્કશા બની ચૂકી હતી. દરમ્યાન દુકાળે પણ

અતિ ભયંકર સ્વરૂપ બતાવવું શરૂ કર્યું હતું. કેટલાંય શ્રીમંતો ગરીબી ભોગવી રહ્યા હતાં. અન્નનાં અભાવે લોકો ઢોર-ઢાંખર ની જેમ ટપોટપ મૃત્યુ પામતા હતાં. ઝાડ-પાન-નદી-નાળાં બધું સુકું ભઠ થઈ ગયું અને જોતજોતામાં તુકારામની નજર સામે જ અન્ન-અન્ન કરતાં તેમની પહેલી પત્ની રખુમાઈ અને થોડા સમયમાં જ પુત્ર પણ મૃત્યુ પામ્યાં. તુકારામની રહી સહી હિંમત તોડવામાં આ પરિબળોએ ઘણો મોટો ભાગ ભજવ્યો.

માતા-પિતાનું મૃત્યુ, મોટાભાઈનો સંસાર-ત્યાગ, વેપારમાં ખોટ, લેણદારોની ઉઘરાણીઓ, કારમો દુકાળ, આજુબાજુ મૃત્યુનું તાંડવ, વહાલસોઈ પત્ની-પુત્રનું નજર સામે જોયેલું કમોત, બીજી પત્નીનો બદલાયેલો સ્વભાવ અને આમાંથી ઉગરવાનો કાઈ રસ્તો જ ન દેખાય એવી પરિસ્થિતિ એક સામાન્ય માનવીને ભાંગી નાંખવા માટે પૂરતી છે. આવી પરિસ્થિતિમાં માનસિક સંતાપ તો સતત રહે એવી ઘેરાયેલી અને બદલાયેલી બંધનયુકત અવસ્થા હવે તુકારામને ભોગવવાની આવી. સંસારનો અસાર, ભાઈ-ભાંડુ-સગા વ્હાલા બધા સુખના ભાગીદારો છે, દુ:ખમાં કોઈ કોઈનું નથી. આવી જીવનની કડવી વાસ્તવિકતા નજરોનજર તુકારામે જોઈ લીધી. આ સંસાર હવે તેમને માયાવી લાગવા માંડ્યો. આ બધાંથી છૂટવા હવે હરિશરણ જ બચ્યું છે એવું ધીમે ધીમે પ્રતીત થવા માંડ્યું અને ધીમે ધીમે એમનું મન ભકિત તરફ વળવા લાગ્યું. આપણાં નરસિંહ મહેતાની જેમ આ બધા દુ:ખોથી ત્રસ્ત થયેલાં તુકારામે ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાલનો ભાવ ધારણ કર્યો. સંસારી તુકારામ સંસારમાંથી ધીમે ધીમે વિરક્ત થવા લાગ્યાં. તેમને પોતાના જીવનની નવી કેડી જાણે કે સાદ આપી રહી હતી. સંસારથી વિમુખ થતાં તુકારામનું જીવન પરમાર્થ, જ્ઞાન, ઈશ્વર તરફ ઢળ્યું. આ સમયે તુકારામની ઉંમર ૨૧-૨૨ વર્ષની હતી. તુકારામે એક સામાન્ય માનવીમાંથી મુમુક્ષુ તુકારામ તરફ પ્રયાણ કર્યું.

તુકારામનાં આધ્યાત્મિક જીવનનાં આરંભથી માંડીને તેનાં સમગ્ર જીવનનું સૂક્ષ્મતાથી અવલોકન કરતાં તેમની કુલ ૩ અવસ્થાઓ જણાઈ આવે છે. પહેલી અવસ્થા સાધક દશા છે જેમાં મનથી કોઈ એક નિશ્ચય કરીને તે દુન્યવી પ્રપંચોથી વિમુખ તથા પરમાર્થના સન્મુખ થેયલા જણાય છે. બીજી અવસ્થામાં પોતાના પ્રયત્નોનું ફળ મળતું નથી એ જોઈને એકદમ નિરાશ જણાય છે. પોતે પ્રપંચ અને પરમાર્થ એમ બંને સ્થાને નિષ્ફળ થઈ રહ્યા છે એવું લાગતાં એમનું મન ઘોર નિરાશામાં સરી પડે છે. પણ આ ઘોર નિરાશાની કાળી રાત થોડો જ સમય રહે છે અને આત્મસાક્ષાત્કાર રૂપી સૂર્યોદય થતાં જ તુકારામને બ્રહ્માનંદી અવસ્થા પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સાધક, શક્તિ અને સિધ્ધ એમ ત્રણેય અવસ્થાઓ તેમના પારમાર્થિક જીવનમાં આવી ગઈ હોવાથી પહેલી અવસ્થાનો નિર્ધાર, બીજી અવસ્થાની શંકાકુશંકાઓ તેમજ નિરાશા આ તમામને વિસારે પાડી ત્રીજી સિધ્ધ અને આનંદમય

અવસ્થામાં એક સંત, જ્ઞાની સર્જક તરીકે ઉભરી આવનાર તુકારામનો થોડોક ઈતિહાસ જોવો જરૂરી બને છે. કારણકે સાધક દશામાં આવીને તેના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવા માટે દરેક મુમુક્ષુ ને થોડીક પૂર્વ તૈયારીઓ કરવી પડે છે. તુકારામે આ તૈયારીઓ કેવી રીતે કરી તે જાણવું અહીં મહત્વનું બને છે.

તુકારામની બાબતમાં કહી શકાય કે તેમનામાં પારમાર્થિક જાગૃત્તિ નાની ઉંમરે જ વિકસી હતી. તેમના સમયનાં સ્થળ-કાળ પ્રમાણે તેમની સ્થિતિ ચારેબાજુએથી ખરેખર જ ઉત્તમ હતી. ગામનાં ઘર, સીમમાં ખેતર, પોતાના ઢોર-ઢાંખરો, ઘરમાં પ્રેમાળ ભક્તિપૂર્ણ એવા માતા-પિતા, ગામમાં મહાજનીના વ્યવસાયને કારણે મળતી સારી શાખ અને પત્નીનાં સહવાસને કારણે ક્યાંય કશુય જાણે કે ખૂટતું નહોતું. બધું જ સારું અને સહજ સુંદર હતું. ક્યાંયથીયે કોઈ ખોટ કે દુઃખ નહોતું. તેથી સાહજિકપણે જ સામાન્ય સંસારી જીવોની જેમ ઈશ્વરની યાદ આવે એવું નહોતું. હા, ઘરમાં ભક્તિમય વાતાવરણ અને ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધા ચોક્કસ હતી. વંશ પરંપરાગત રીતે ચાલી આવતી પંઢરપુરની યાત્રા તેમજ વિઠ્ઠલ ભક્તિ નાં સંસ્કારો તો હતાં જ ! પરંતુ સ્વચ્છ આકાશમાં જાણે કે અચાનક જ કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવે અને અંધારુ વધવા માંડે એવી જ પરિસ્થિતિ તુકારામનાં સુખી જીવનમાં પણ નિર્માણ થઈ. એક સુંદર સ્વપ્ન જેવું તેમનું જીવન ધીમે ધીમે વેર વિખેર થવા માંડ્યું હતું. અનેક આપત્તિઓથી તુકારામ ઘેરાઈ ગયા હતા. એ વખતે એમની ઉંમર પણ આ બધી આપત્તિઓ સહન કરવાની ન હતી. સામાન્ય માણસ આમાના એકાદ સંકટમાં પણ નાસીપાસ થઈ જાય એવી પરિસ્થિતિમાં પણ તુકારામનું મન ભક્તિનાં સાત્વિક સંસ્કારોથી સિંચાયેલું હોવાથી તેમણે ધીરજ ન ગુમાવતા વિચારોની હારમાળા આરંભી. મનનું મનોમંથન આરંભાયું અને છાશમાંથી જેમ માખણ નીકળે તેમ સંકટોમાંથી પુનઃ ઉભા થયેલા એવા જ્ઞાની તુકારામ અનુભવનું ભાથુ લઈ, ભક્તિનાં માર્ગે જનારા એવા સાધક તરીકે ઉભરી આવ્યાં.

તેમનામાં રહેલા હ્રદયનિવાસી નારાયણે તેમની જાણે કે મદદ કરી અને અવિનાશી એવી સુબુદ્ધિ સુઝી અને આ સુબુદ્ધિ એટલે જ ભક્તિ! ''ददामि बुद्धियोगं तं''આ ગીતાવચન ફરીથી એકવાર સાચું ઠર્યું હતું. પોતાની આ અવસ્થાનો ચિતાર તેમણે આ અભંગમાં પ્રસ્તુત કર્યો છે.

– ''विचारिले आधी आपुल्या मनासी ।
वाचो पंथे कैसी कोण्या द्वारे ।।
तवं जाला साह्य हृदय निवासी ।
बुद्धि दिली ऐसी नास नाहीं ।।''[२](३१८२)

સૌપ્રથમ મેં મારા મનને જ પૂછ્યું. ''આવું કેમ થયું ?'' તેનો જવાબ મને ઘણા મનોમંથન પછી પણ ન મળ્યો. ઘણી શંકાકુશંકાઓ અને વિચારોથી તે ઘણાં વ્યથિત થયા અને પછી

૨. તુકારામની અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ. ૬૬૧

તેમના પ્રશ્નોનાં ઉત્તર તેમના અંતરમાં વસતા નારાયણે જ આપ્યો. નારાયણે આપેલી બુદ્ધિથી મળેલો જવાબ એટલે ભક્તિ હતો. અને આ જવાબ મળ્યા પછી તુકારામને દેહભાન અંગે પ્રશ્ન ઉભો થયો. આ પ્રશ્નનો ઉત્તર તેમણે પોતાના મનથી જ મેળવ્યો. તે કહે છે કે,

- ''देह तंव आहे प्रारब्धा आधीन ।
याचा मी का सीण वाहुं भार ॥
सरो माझा काळ तुझीया चिंतने।
कायावाचामने उच्छीतसे॥
लाभ तो न दिसे याहूनि दूसरा ।
आणिक दातारा येणे जन्में।
तुका म्हणे आलो सोसीत संकटे।
मी माझें वोखटें आहे देवा ॥''[3](૩૮૫૬)

તુકારામ કહે છે કે દેહ તો પ્રારબ્ધકર્મોને આધીન છે ત્યારે તેના યોગધર્મનો ભાર હું મારા માથે લઈને શા માટે ફરું? હું તો ઈચ્છું છું કે હે દેવ, મારો બધો વખત તારું ચિંતન કરવામાં જ જાય. હું મારા વાણી, મન અને કાયા વડે સર્વતોભાવે આ સ્થિતિ સિવાય બીજું કશું મેળવવા માંગતો નથી. હું આજ સુધી ઘણાં સંકટો વેઠતો આવ્યો છું. પણ હવે મને સમજાય છે કે આ શરીર તે હું અને શરીરનાં સંબંધીઓ તે મારા સંબંધીઓ. એ ભાવનાને હું વળગી રહ્યો હતો માટે આજે આવી પરિસ્થિતિ મારા ઉપર આવી છે. આમ, તુકારામ હવે દેહભાન અને સંસાર, સગા વ્હાલાની માયા-મમતામાંથી છૂટા થવા માટેની માનસિક ભૂમિકા તૈયાર કરતાં હોય એવું લાગે છે.

આ પ્રમાણે હજી સુધી સુખી એવા સંસારી તુકારામ સ્વાર્થી, મિથ્યા જગતથી દૂર થઈને ઈશ્વરની નજીક આવ્યા અને ત્યાંથી તેમનાં પારમાર્થિક જીવનનો આરંભ થયો એમ કહી શકાય. આ જ તેમની મુમુક્ષુતા હતી. આ અવસ્થામાં તેમને ઈશ્વરને પ્રશ્ન કર્યો, "कोंण्या मावे देवा आतुडसी?" (કોના જીવ ઉપર આ બધું?) અને આ પ્રશ્ન તદ્દન સાહજિક જ હતો કારણકે પરમાર્થનો માર્ગ તેમનાથી હજી દૂર હતો, અપરિચિત હતો. વંશપરંપરાગત રીતે ચાલી આવતી ભક્તિ અને તત્કાલિન એવા કેટલાંક સંતોના ઉત્તરો સિવાય તેઓ ભક્તિ પરમાર્થ અંગે કશું જ જાણતા નહોતા. ઈશ્વરને કેવી રીતે ઓળખવો, એ સગુણ છે કે નિર્ગુણ, સ્થૂળ છે કે સૂક્ષ્મ છે વગેરે જેવા પ્રશ્નોના તેમની પાસે ઉત્તરો નહોતા. વિચારોની અંધાધૂધીને કારણે જાણે કે તેમનું મન વિક્ષુબ્ધ થઈ ગયું.

ભક્તિમાર્ગનું અજ્ઞાન તેમનું સૌથી મોટું વિઘ્ન બન્યુ અને અજ્ઞાન કરતાંય તેમનું પોતાનું મન જ સૌથી મોટી મુશ્કેલી બન્યું. તેમનું મન ચંચળ હતું. સંસાર તરફ વળીવળીને જોતું હતું.

૩. એજન, પૃ. ૮૪૧

(પૂર્વ જીવનના સુખોનું સ્મરણ અને દુઃખદ યાદો હજી તેમને કોરી ખાતી હશે?) તુકારામે બ્રહ્મની શોધ માટે પ્રયત્નો શરૂ કર્યા પણ શરૂઆતમાં તેમનું મન તેમને સાથ આપતું નહોતું. मन माझे चपळ, न राहे નિશ્ચળ જેવી પોતાના મનની ચંચળતા અંગે તેમણે ઘણીવાર ઉલ્લેખો કર્યા છે. (મારું મન ચંચળ છે, તે નિશ્ચલ રહેતું નથી.) પોતાના દુઃખો તો હતા જ ઉપરાંત અન્યોની તકલીફ જોઈને પણ તેમના અંતરમાં વ્યથા વ્યાપી જતી હતી. આમ, બધી બાજુએથી ઘેરાયેલા તુકારામને આ બધા નો અંત એકાંતમાં રહીને જ આવશે એવું લાગવા માડ્યું હતું. તેમનું મન અન્યોની તકલીફને પણ સહન કરી શકતું નહોતું. ધીમેધીમે તેઓ દુઃખી ઉપરાંત નિરાશ પણ થવા માંડ્યા. નિરાશામાં સામાન્ય માણસની જેમ તેઓ પોતાની જ આત્મનિંદા કરવા લાગ્યા. તેમનો માનસિક ઉદ્વેગ પરાકાષ્ઠાએ પહોંચ્યો. પરંતુ આ નિરાશા અને ઉદ્વેગ થોડા સમયમાં શાંત થયાં. તેમની મનઃ સ્થિતિ સ્થિર થવા લાગી. તેમણે હતી એજ પરિસ્થિતિમાં થી આગળ વધવાનો નિર્ણય કર્યો. ધીમે ધીમે સંતોની ઓળખ, સંતોની સંગતમાં રહીને તુકારામ પરમાર્થ વિશે થોડું ઘણું જાણતા થયા. મુખ્યત્વે ઈશ્વર, ભકત, ઈશ્વર-ભકતનો સંબંધ, જ્ઞાન જેવી બાબતોથી માહિતગાર થતા ગયા તેમ તેમ તુકારામનાં મનમાં સાધકભાવ ઉત્પન્ન થવા લાગ્યો. ઈશ્વરની કૃપા, દયા, ઔદાર્ય, સામર્થ્ય, ભકતો પ્રત્યે પ્રેમ જેવા ગુણો જાણીને તેની ઉપર તુકારામ ચિંતન કરતા થયા. ધીમે ધીમે દુઃખોનાં આઘાતો અને ઉધ્વેગને કારણે વૈરાગ્ય તરફનું ખેંચાણ તેમને ચિત્ત શુદ્ધિ તરફ લઈ ગયુ અને સંસારનો પ્રપંચ છોડી ભક્તિ તરફ તેઓ ઢળવા લાગ્યા.

તુકારામ ભક્તિમાં વધુને વધુ ઊંડા ઉતરતા ચાલ્યા અને સાધક થવા તરફ તેમનું મન ગતિ કરી રહ્યું હતું. પરિવારજનો, સમાજ અને પરિસ્થિતિઓને વિસારે પાડવા માટે તુકારામે ધીમેધીમે બધાથી જાણે કે પોતાની જાતને સંકેલી લીધી.

એવા સમયે પોતાના વડિલોપાર્જીત મંદિર, વિઠ્ઠલભક્તિ, પ્રભુસેવા તરફ પોતે દુર્લક્ષ્ય કર્યુ છે એ વાતનું પણ તેમને સ્મરણ થયું અને પોતાની એ ભૂલને જાણે કે સુધારવા માંગતા હોય એવી લગનથી તેમણે ગામ નજીક આવેલાં વડીલોપાર્જીત વિઠ્ઠલમંદિરનું સમારકામ જાતે કર્યું.

પોતાની શાહુકારીનાં ધંધા-ખેતીને કારણે અથવા અન્ય કાર્યોમાં રહેલી વ્યસ્તતાને કારણે પોતે વિઠ્ઠલભક્તિથી દૂર રહ્યા એ વાતનું તેમણે દુઃખ પણ વ્યકત કર્યુ છે અને આ કારણે પણ પોતાની ઉપર આપત્તીઓ આવી હશે કે કેમ? એવા પ્રશ્નો પણ એ વખતે તુકારામ ના મનમાં જરૂર ઉદ્‌ભવ્યા હશે. वेवसाय देखे तुटी येतां તેને કારણે लज्जा वाटते जीवा त्रासलों या दुःखें એવું આત્મવૃતાંત કહી देवांचे देऊक होते ते भंग ले। चितासी जें आले करावेसे એવો કાર્યકારણભાવ પણ તુકારામે વ્યકત કર્યો છે.

ઈશ્વરભક્તિમાં અને બ્રહ્માનંદની પ્રાપ્તિ માટે વ્યાકુળ થયેલું એવું તુકારામનું મન સંસારમાંથી લગભગ ઉઠી ગયું હતું. પોતાની પત્ની જીજાઈ ઉપર સંસારનો ભાર સોંપીને તેમણે પારમાર્થિક જીવનની સાધના અને સંશોધન આરંભ્યું. તેને માટે તેમણે એકાંતવાસનો આશારો લીધો. "આવા સમયે ગીતાના ૧૩ માં અધ્યાયમાં જણાવ્યાનુસાર તેમનામાં સાધકના લક્ષણો પ્રતિબિંબિત થયા હતા. જ્ઞાનનાં લક્ષણો પણ જ્ઞાનનાં સાધનો જ છે એવું શંકરાચાર્યએ કહ્યું છે.

"अमानत्वत्वा दिगणं ज्ञानसाधनत्वात् ज्ञानशब्दवाच्यं"

અમાનિત્વાદિ લક્ષણો સાધકના સ્થાને હોવા જોઈએ. તેમાંથી જ उन्द्रियार्थेषु वैराग्यं अनहंकारं एवच जन्म मृत्युजराव्याधि दुःख दोषा नुं दर्शनम् જેવા લક્ષણો પ્રાપંચિક આપત્તીને કારણે નિર્માણ થયા હતા. એની સાથે સાથે જ पुत्रद्धार गृहादिषु મમતા ન હોવી અને विविक्त देश सेवित्वम् अरतिर्जनसंसदि જેવા લક્ષણો તુકારામમાં ઉત્પન્ન થવા લાગ્યા હતાં.)"[૪]

તુકારામને ઉંમરના એકવીસ-બાવીસમાં વર્ષ સુધીમાં તો સંસાર સુખની ક્ષણભંગુરતા અને વ્યવહારની નિષ્ઠુરતાનો સારો અનુભવ થઈ ગયો હતો. શરુઆતમાં દુઃખોને કારણે નિરાશા અને ઉદ્વેગ તેમને ઘેરી વળ્યો હોવા છતાંય સામાન્ય માણસની જેમ તેમાંને તેમાં જ જીવનની ફુલશ્રુતિ માની લીધી નહોતી. સંસારથી વિમુખ થઈને પણ જીવનનાં પરમ અર્થને શોધવા અને તેનો અનુભવ કરવા તેઓ કૃતનિશ્ચયી થયા. હતા એમ કહી શકાય, અને તેમાં જ એમની વ્યક્તિ તરીકેની અસામાન્યતા છતી થાય છે. આ સમયે તેમને જે દુઃખો પહેલા ત્રાસ આપતા હતા એ જ દુઃખોને હવે તેમણે ભક્તિ તરફ વાળનારા પ્રસંગો તરીકે જોતા થયા દુઃખોના નિમિત્તે પોતે હવે પર બ્રહ્મને પામવા કટિબદ્ધ થઈ રહ્યા છે એવો ભાવ તેમના મનમાં જાગૃત્ત થયો. તેઓ કહે છે કે,

"बरें झाले तुझे केले देवाउंल ।
लेंकरें बाउल उपेक्षिली ।।
तुका म्हणे बरे व्रत एकादशी ।
केले उपवासी जागरण ।।"[૫](૧૩૩૫)

સારું થયું મારું દેવાળું ફૂંકાયું, પત્ની બાળક મૃત્યુ પામ્યા, ખાવા ન મળ્યું એવી પરિસ્થિતિમાં હું એકાદશીનું વ્રત-ઉપવાસ-જાગરણ કરી શકયો. બીજી પત્ની હયાત હોવા છતાં તુકારામનું મન હવે કુટુંબ કે વાસનામાંથી સદંતર ઉઠી ગયું હતું.

વિઠ્ઠલ મંદિરનો જીણોદ્ધાર કર્યા પછી તુકારામ સતત વિઠ્ઠલમૂર્તિના पादसेवनम्, अर्चनं, वंदनं, दास्यं કે જે નવવિધા ભક્તિનાં પ્રકારો પૈકીનાં ૪ પ્રકાર છે, તેમાં જ મગશુલ રહેવા લાગ્યા હતા.

૪. સાક્ષાત્કારી, સંત તુકારામ, ડૉ. શંકર દામોદર, પેંડસે કોન્ટિનેન્ટલ પ્રકાશન, પુના, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પૃ. ૫-૬
૫. અભંગગાથા મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ.૨૮૦

પણ, તેમની સાચી ભક્તિ હંમેશા કીર્તનોમાં નિખરી આવતી. શરૂઆતમાં ભક્તિની સાથે તેમણે અન્યોનાં કથા-કીર્તનો પણ સાંભળ્યા. કિર્તનમાં જવા માટે થોડીક સંતવાણી તેમજ પદોનો અભ્યાસ શરૂ કર્યો.

आरंभी कीर्तना एकादशी करी
नव्हते अभ्यासी । चित आधी ॥ ધીમે ધીમે તેમાં પણ ફાવટ આવતી ગઈ.
काही पाठ केली सतांची उत्तरे ।
विश्वासे आदरे करोनियां ।।

થોડા સમય પછી કિર્તનમાં હરિદાસની પાછળ ઉભા રહીને તુકારામ ધૃપદ કહેલા લાગ્યા. તેને કારણે તુકારામમાં બહુશ્રુતપણુ તો આવ્યુંજ પણ જુના સાધુસંતોના ગ્રંથો વાંચવા જાણવાની જીજ્ઞાસા પણ ઉત્પન્ન થઈ.

આ સમયનો એક બનાવ તેની સંસાર વિરકતીનો સાચો ચિતાર આપે છે. તુકારામનું મન સંસારની ક્રુર મજાકો, દુઃખદ બનાવો તેમજ જીવનની ક્ષણભંગુરતાને કારણે દુન્યવી બાબતોથી એકદમ ખાટું થઈ ગયું હતું અને તેમણે આ બધાથી દૂર થઈને ઈશ્વર ભક્તિમાં પોતાનું ચિત્ત પરોવ્યું હતું. વધુને વધુ સમય ઈશ્વર ભક્તિ-જ્ઞાનમાં લીન રહી શકાય તે માટે તેમણે એ વખતે પોતાની શાહુકારીનાં રહ્યાં સહ્યાં હિસાબોના ચોપડાઓ, દસ્તાવેજો, કાગળો ઈન્દ્રાયણી નદીમાં પધરાવી દીધા. સંસારની આ બાકી પળોજણોથી પણ જાણે કે તેમણે છૂટકારો મેળવી લીધો. આ બાબતો તેમને કદાચ પોતાની આગળની સાધક અવસ્થામાં બાધક નિવડશે એવી લાગી હશે.

આ બનાવનું વિશ્લેષણ કરતા એક વાત ધ્યાનમાં આવે છે તે એવી કે, એ સમયે તુકારામના ગામમાં કે નજીકના પ્રદેશમાં દુકાળ પડ્યો હતો. જેને કારણે તુકારામને પણ ખેતી વેપારમાં ઘણો આર્થિક ફટકો પડયો હતો. આવા સમયે તુકારામનાં લેણદારોએ જમીન-મિલકત-ઢોર-ઢાંખર લઈને પોતાનું લેણું વસુલ કરી લીધું હતું. બીજી તરફ તુકારામને જે લોકો નાણાં આપવાના હતા તેમણે નાદારી નોંધાવી. એટલે પોતાની પાસેનાં તો બધા ગયા ઉપરાંત જે નાણાં આવવાના હતાં તે પણ ન આવી શકયા. હવે બાકી બચતા હતા છૂટક દેવાદારો, જેમની પાસેથી તુકારામનાં નાણાં નીકળતા હતા પણ પોતાની આવી પરિસ્થિતિમાં તુકારામનાં પરોપજીવી-માયાળું સ્વભાવે વિચાર કર્યો કે આ સામાન્ય છૂટક દેવાદારો મારું દેવું ચૂકવવા પેહલાથી જ સમર્થ નથી. ઉપરાંત હું જો તકાદો કરું તો મારું લેણું ચૂકવવા માટે તેઓ અન્ય શાહુકારો-વેપારીઓ પાસેથી ઉંચા વ્યાજે નાણાં લાવશે. મારા એકલા માટે ઘણાં બધાં કુટુંબો ફરીથી દેવાનાં-કરજનાં બોજા હેઠળ આવી જશે. તેથી હું જ આ બધાનું દેવું માફ કરું તો તકલીફ ફકત મને પોતાને જ થશે. બાકીના કુટુંબો હજી વધારે દેવામાંથી મુકત થઈ જશે. અને આવા વિચારોને કારણે લોકોને પોતાનાં દેવામાંથી મુક્તિ અપાવવા તુકારામે પોતાની શાહુકારીની

ખતવહીઓ નદીમાં ડુબાડી દીધી. હવે લોકોને કશું આપવાનું પણ બાકી રહેતું નથી અને કોઈની પાસેથી કશું લેવાનું પણ બાકી નથી રહેતું એવો ભાવ તુકારામના મનમાં ઉદ્ભવ્યો. આમ, સંસારની પળોજણથી બચવા, પોતાનું આટલું નાણું માફ કરનાર કોઈક વિરલો જ હોઈ શકે. પોતાની આર્થિક પરિસ્થિતિ હવે ખાસ્સી ડામાડોળ થવા માંડી હોવા છતાંય તેમણે અન્યોનો વિચાર કર્યો. જે સમાજ પ્રત્યેની તેમની લાગણી દર્શાવે છે. જે કશું આપી શકવાના નથી તેમની સાથે બળજબરી કરવાનો શો અર્થ? એવી ફિલસુફી તુકારામે આ પ્રસંગમા દર્શાવી છે. મારા મતે આ તેમનું સમાજ તરફ ઉદારતાવાદી પગલું હતું.

ઈશ્વર પ્રાપ્તિ માટે સહાયક એવો એકાંતવાસ તેમણે સ્વીકાર્યો અને ધાર્મિક ગ્રંથોનું અધ્યયન-મનન શરું કર્યુ. તુકારામે એકનાથી ભાગવત અને નામદેવનાં અભંગોનું પારાયણ કર્યુ લાગ્યા. આ અધ્યયન, પારાયણ માટે કબીરનાં વચનામૃતોનો પણ તેમણે ઉપયોગ કર્યો હોવાના તથ્યો મળી આવે છે. (મહારાષ્ટ્રમાં એ સમયે સંત કબીરનાં હિંદી પદો પણ સુલભ અને લોકપ્રિય બન્યા હતાં. કીર્તનમાં મરાઠીની સાથે જ કબીરના હિંદી પદોનો ઉપયોગ કીર્તનકારો કરતાં હતાં. એવા પણ ઉલ્લેખો મળે છે. ઘણા મરાઠી સંતોએ હિંદી ભાષામાં થોડી ઘણી કાવ્ય રચનાઓ કરી છે. મરાઠી અને હિંદી ભાષાનો આ સંબંધ આવી રીતે ઘણો જૂનો સાબીત થાય છે રામાનંદના શિષ્ય એવા વિખ્યાત ભક્ત કબીરનાં વચનામૃતોનોપણ તુકારામે પ્રતીતી થી અભ્યાસ કર્યો. નામદેવના સરળ અભંગો દ્વારા ભક્તિ સાહિત્યથી પરિચિત થયા પછી તુકારામે થોડા અધૂરા એવા આધ્યાત્મ ગ્રંથોનો અભ્યાસ પણ શરૂ કર્યો. નામદેવે જ કહ્યા પ્રમાણે,

- '' ग्रंथ श्रेष्ठ ज्ञानदेवी ।
एवु तरी ओवी अनुभवावी ।।''

જ્ઞાનેશ્વરીનું અધ્યયન શરું કર્યું. ज्ञानाचा एक। તરીકે પ્રસિદ્ધ થયેલો એવો એકનાથે લખેલો ભાગવત ટીકાનો ગ્રંથ પણ પ્રયત્નપૂર્વક તુકારામે મેળવ્યો અને તેનું મનન શરૂ કર્યું. આ ગ્રંથનો દરેક શ્લોક ફક્ત વાંચી કે મનન કરીને જ નહી પણ તેમાનાં દરેક શ્લોકની દરેક પંક્તિનો अन्वय अर्थ ध्यानासि आणिला ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો તેની સમજણ, તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કર્યો. જ્ઞાનેશ્વરનો અમૃતાનુભવ ગ્રંથ અને યોગવાસ્ઠિયનું મનન-અધ્યયન તુકારામે કર્યું હતું. તેવી જ રીતે નાથનો ભાવાર્થ રામાયણ નામનો ગ્રંથ પણ તુકારામે વાંચ્યો હતો. નામદેવ, કબીર, જ્ઞાનદેવ અને એકનાથ તુકારામનાં ગમતા ગ્રંથકારો હતાં. તેમાંય તેમનો અધિક ઝુકાવ જ્ઞાનેશ્વરી અને નાથ ભાગવત ઉપર સ્પષ્ટપણે વર્તાઈ આવે છે. તેનું કારણ એવું આપી શકાય કે આ બંને પ્રાકૃત ગ્રંથોની સહાયથી જ ભાગવત ધર્મનાં મુખ્ય બે સંસ્કૃત ગ્રંથો ભગવદ્ ગીતા અને ભાગવત માં તુકારામનો પ્રવેશ થયો હતો.

મરાઠી ટીકાઓ ઉપરથી જ તેમણે મૂળ સંસ્કૃત શ્લોકોનું જ્ઞાન મેળવ્યું હતું. ગીતાનાં શ્લોકોને અભંગમાં ભાવાર્થે કહેનારી મંત્ર ગીતા પણ તુકારામે લખી હતી. બહિણાબાઈને સ્વપ્નમાં તુકારામે આજ મંત્ર ગીતા આપી હોવાનું અનુમાન વિદ્વાનો કરે છે. ગીતા અને ભાગવત ઉપરની જ્ઞાનદેવ-એકનાથની મરાઠી ટીકાઓનો પણ તુકારામે ઉંડાણથી અભ્યાસ કર્યો હતો. ગીતા તેમનો મનપસંદ ગ્રંથ હતો તેમજ તેઓ તેના નીત્યપાઠ પણ કરતા. પોતાની ઉત્તરાવસ્થામાં, ''पाहिलीं पुराणे। घांडोळिली दरुषणे॥'' (૨૪૬૯) (બધા પુરાણો ફરી વળ્યો, તેમાંથી પસાર થયો) આ સંદર્ભમાં જ કહ્યું હશે એમ માની શકાય છે.

એકાદશીના ઉપવાસ, જાગરણ, ભજન, કીર્તન, શરીરને કષ્ટ આપીને કરી શકાય એટલા પરોપકાર, મનથી ઈશ્વરને પામવાની ઉત્કટ ઝંખના સાથે ભાગવત ધર્મના આચારોની તપશ્ચર્યા, એકાંતમાં બેસીને તીવ્ર બુદ્ધિમતાથી ધર્મ ગ્રંથોનું અધ્યયન અને સર્વસ્વ ઈશ્વરને આધિન એવી અવસ્થામાં જ્ઞાનમાર્ગે ઈશ્વર પામવાની તુકારામની અનંતયાત્રાનો આરંભ થયો. આ તમામ અધ્યયન, સુલભ એવી પ્રાસાદિક શબ્દ સંપત્તિ હસ્તગત થવાને કારણે, ધર્મના મોટા મોટા સિદ્ધાંતો ચાતુર્યનું તુકારામે બુદ્ધિપૂર્વક ગ્રહણ કર્યુ. સુરેખ અને સાદી ભાષામાં અભંગવાણી દ્વારા પોતાનું આ તમામ અધ્યયન કાર્ય કે મનન, ચિંતન તેમણે દેહુ નજીક આવેલા ભામનાથ તેમજ ભંડારા પર્વત ઉપર કર્યું હતું. આવા સમયે ત્યાં મળતું એકાંત દુન્યવી સંબંધોથી જાણે કે છૂટકારો આપતું હતું. ત્યાં જ તેમનો નવો સંબંધ પર્વત ઉપરનાં ઝાડ, પાન, પશુ-પક્ષી જેવા નિસર્ગતત્વો સાથે બંધાયો હતો. પોતાના આ નવા સંબંધોનું સંધાન તેમણે અત્યંત સુંદર, ભાવવાહી એવા શબ્દોમાં વ્યકત કરતા અભંગમાં જણાવ્યું છે,

– ''वृक્षवल्ली आम्हा सोउरी - वनचरें। पक्षीये सुस्वरे आळवीती ॥
येणे सुखे रुचे अेकांताचा वास। नाही गुणदोष आंगायेत।।
आकाश मंडप पृथ्वी आसन। रमे तेथे मन क्रिडा करु॥
कंथा कमंडळु देहे उपचारा। जाणीवी तो वारा अवस्वरु॥
हरिनामे भोजन प्रवडी विस्तार। करुन प्रकार सेउु रुची ॥
तुका म्हणे होये मनासी संवाद। आपुलाची वाद आपुल्यासी ॥''[૬] (૧૭૨૦)

વિવિધ પ્રકારની વૃક્ષવેલીઓ, વનમાં રહેનારા પશુઓ અને મધુર સ્વરથી કલરવ કરનારા પંખીઓ એ મારા સગા વ્હાલા છે. તેમનાથી મળતા આનંદને કારણે મારો એકાંતવાસ મને અતિ સુખરૂપ અને પ્રિય બની ગયો છે. આ બધાની વચ્ચે રહેવાથી કોઈ પણ પ્રકારના ગુણદોષ લાગતા નથી. આકાશ અમારો મંડપ છે અને પૃથ્વીને આસન તરીકે લીધી છે. હવે મને આનાથી વધુ કંઈ ન જોઈએ. અહીં મારુ ચિત્ત પ્રસન્નતા અનુભવે છે. વિચારી શકે છે. ક્રિડા કરી શકે છે. મારા દેહની ઔપચારિકતા પૂરી કરવા માટે મારી પાસે કંતાન અને કમંડળ છે. સમયની ગણતરી હું અઠવાડીયાના વારનાં હિસાબ

૬. સાર્થ શ્રી તુકારામગાથા, સંપાદક : વિષ્ણુબુવા જોગ મહારાજ, ઢવળે પ્રકાશન, મુંબઈ, પંદરમી આવૃત્તિ, જુલાઈ-૨૦૦૩, પૃ.૩૬૩

પ્રમાણે કરી લઉ છું. હરિકથારૂપી અમૃતરસ મારું ભોજન છે. જેને આ બધા જીવો સાથે પગંતમાં હું ગ્રહણ કરતો હોઉં છું. એકાંતમાં બેસીને અહી હું મારા મન સાથે વાતચીત કરું છું. ચર્ચા કરું છું.

આ અભંગમાં તુકારામે નિસર્ગ વર્ણન અત્યંત સુંદર રીતે કર્યું છે. વનરાજીનાં દરેક તત્વને મહત્વ આપી, તેનો પોતાની સાથેનો સંબંધ બતાવી આપ્યો છે. સાથે સાથે શાંતિ, એકાંતથી પોતાને શું મળ્યું છે, મેળવી રહ્યા છે તેની વાત પણ અહીં તુકારામે કહી છે. સંસારથી છૂટીને, પોતાના કુટુંબીજનોથી દૂર પ્રાકૃત્તિક તત્વો સાથેનો તેમનો નવો સંબંધ જાણે કે નવી ઉષ્મા આપતો હોય એવું તેમણે અનુભવ્યું છે.

તેમની આ મનઃસ્થિતિ દરમ્યાન પોતાની પત્ની, સંસાર કે વ્યવહારુંથી તેઓ તદ્દન અલિપ્ત થયા હતાં. થોડોક સમય સંસારમાં આવતા જતાં રહીને પણ તેમનું મન સતત ઈશ્વરમાં જ લીન રહેતું હતું. ભંડારા તેમજ ભામનાથ પર્વત ઉપર થયેલાં અધ્યયન-મનન-ચિંતનને કારણે હવે તેમનામાં જ્ઞાનનો સંચાર થયો હતો. દુનિયાને જોવા સમજવાની દૃષ્ટિમાં ઘણો મોટો ફેરફાર થઈ ગયો હતો. થોડો સમય એકાંત ભોગવી હવે તેઓ ફરીથી લોકો વચ્ચે આવીને નવા ઉમંગથી જ્ઞાન વર્ધનને કારણે થયેલા આત્મજ્ઞાનનો રસ પોતાના કીર્તનો દ્વારા અભંગો દ્વારા વહેંચવા લાગ્યા હતા.

પણ હવે આટલા અધ્યયન પછી વેદભ્યાસ પછી તેમને 'ગુરુ' મેળવવાની લગની લાગી હતી. સદ્‌ગુરની કૃપા દ્વારા જ બ્રહ્માનંદની પ્રાપ્તિ શકય છે – એવી તેમને પ્રતીતિ થવા માંડી હતી પ્રારંભિક જ્ઞાન મેળવ્યા પછી જ જ્ઞાન આપનારા સાચા ગુરુને મેળવવાની ઉત્કટ ઝંખના તેમના મનમાં હવે જાગી હતી. વેદ ભ્યાસ તથા ગ્રંથોના અભ્યાસે તેમને સદ્‌ગુરુનો મહિમા સમજાયો હતો. તુકારામ હવે સાચા અર્થમાં મુમુક્ષુ બન્યા હતા. પારમાર્થિક જીવનની શકય તેવી સામગ્રી તેમણે મેળવી હતી પણ છતાંય એક જ ઉણપ હતી અને તે હતી, સાચા ગુરુની ! ઈશ્વર પ્રાપ્તિની ઝંખના પહેલું કે અંતિમ ચરણ 'સાચા સદ્‌ગુરુ'ની પ્રાપ્તિ જ હોય છે તેથી હવે તુકારામની સદ્‌ગુરુ પામવાની ઈચ્છા ધીરેધીરે આર્તનાદ બની ગઈ હતી. પોતાની આ મનઃ સ્થિતિને તેમણે,

– ''आम्हांसि आपुले नावडे संचित । चरफडी चित कळवळ्यानें ॥  
न कळता झाला खोळंबा मारगा । जगीं झालो जगा बहुरुपी ॥  
कळो आलें बरें उधडले डोळे । कर्णधार मिळे तरी बरें ॥  
तुका म्हणे व्हाल ऐकत करुणा । तरी नारायण उडी घाली ॥''[૭] (૮૫૦)

આ અભંગમાં વ્યકત કરી છે. પોતાના ભૂતકાળના અનુભવો, વર્તમાન સ્થિતિ અને ભવિષ્યની આશાનું તેમણે સુંદર આલેખન કરી પોતાની સાચી પરિસ્થિતીનું વર્ણન કર્યું છે. તેમાં

૭. તુકારામની અભંગગાથા, મુંબઈ પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ.૧૯૫૦

સદ્‌ગુરુ માટેની સાચી ભૂખ, અંતઃકરણ પૂર્વક વ્યકત કરી છે અને તેમાંય 'कर्णधार मिळे तरी बरें' પંક્તિમાં તો પોતાની અંતિમ ઈચ્છા જાણેકે ઈશ્વર મેળવવાની જ છે એવું વ્યકત કર્યું છે. એનો અર્થ એવો પણ કરી શકાય કે તેઓ જાણતા હતા કે આમાં ઉતાવળથી કામ નથી થવાનું, ગુરુકૃપા થવાની 'ઘડી'ની રાહ જોવી જ પડશે અને ત્યાં સુધી ભકિત જ એ સથવારો છે. આ સમય દરમિયાનની તેમની મનઃસ્થિતિ અત્યંત આકુળ-વ્યાકુળ હતી. હવે તો સદ્‌ગુરુ અને ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન વગર તેમને જીવવું પણ વ્યર્થ લાગવા માંડ્યું હતું. થોડાજ સમયમાં તેમની આ અધીરતાનો પણ જાણે કે અંત આવ્યો હતો.

સાચા સદ્‌ગુરુની શોધમાં વ્યાકુળ થયેલા એવા તુકારામે પોતાને ઈશ્વર સાથે મેળવી આપનારા એવા સાધુ-સંતના સમાગમની લગની લાગી હતી. સદ્‌ગુરુની શોધમાં ભટકતા તેમણે અનેક સાધુ-સંતો સાથે ઈશ્વર પ્રત્યેની ઘણી બાબતોની શંકા-ચર્ચાઓ કરી પણ ક્યાંય શાંતિ મળી નહી. પોતાનાં દુઃખો ના નિરાકણ માટે તેણે સંતશરણ ધોવાનાં ઘણાં પ્રયત્નો કર્યા. તુકારામનો ઉદ્વેગ આ અભંગોમાં સ્પષ્ટ થાય છે.

– ''नेणे गति काय कवण अधोगति ।
मानिली निश्चिंती तुझ्या पायीं ॥
कर्म–धर्म कोण नेणें का उपाव।
तुझ्या पायीं भाव ठेवियेला ॥ ''[૮] (૧૦૪૬)

પોતાની પરિસ્થિતિને વ્યકત કરતા, નિખાલસતાથી પોતાની ઉણપો વર્તવતા તુકારામ કહે છે કે હે દેવ ! ઉત્તમ ગતિ કોને કહેવાય અને અધમ ગતિ કોને કહેવાય, તે વિશે હું કંઈજ જાણતો નથી. હું તો તારા ચરણોનો આશ્રય લઈને પડી રહેવાનો છું. ધર્મકર્મ એટલે શું-તેની સાધના કરવા માટે શું શું કરવું જોઈએ તેમાનું કશું જાણતો નથી. પરંતુ મેં તો મારા અંતરનો બધો જ ભાવ તારા ચરણોમાં સમર્પિત કરી દીધો છે. પાપરહિત થવા માટે શું-શું કરવું જોઈએ અને પુણ્ય કેટલાં પ્રકારનાં હોય છે તેનું મને કોઈ જ્ઞાન નથી. તારી પ્રાપ્તિ શેનાથી થાય તે હું જાણતો નથી. મેં મારો બધો ભાર તને સોંપ્યો છે. હે પાંડુરંગ ! તારે મારું જે કરવું હોય તે કરી લેજે.

– ''देव वसे चितीं । त्यांची घडावी संगती ।
ऐसें आवडतें मना । देवा पुरवावी वासना''[૯]

અહીં સદ્‌ગુરુ મેળવવા માટે તુકારામ વિઠ્ઠલ સમક્ષ વિનંતી કરે છે. તે કહે છે કે જેમના

૮. સાર્થ શ્રી તુકારામગાથા, સંપાદક : વિષ્ણુબુવા જોગ મહારાજ, પંદરમી આવૃત્તિ,જુલાઈ-૨૦૦૩, પૃ.૩૬૦
૯। એજન, પૃ.૩૬૦

ચિત્તમાં નિરંતર દેવોનો વાસ હોય એમની સંગતિમાં મને રહેવાનું સદ્ભાગ્ય આપજે. મને હરિના ભકતોનો મેળાપ થાય અને એમની સોબતમાં જ્ઞાન વધારવા મળે એવું કંઈક કરજે. તુકારામ કહે છે કે આવા જ્ઞાની સંતોની સંગતિમાં જીવવું મને ઘણું ગમશે. તું કહે એટલાં કષ્ટો ઉઠાવવા હું તૈયાર છું.

— ''टाकला तो कांटी केला उपकार ।
केले हें शरीर कष्टवूनि ॥''

એવુ પણ તેમણે વર્ણવ્યું છે.પોતાની સાધક અવસ્થામાં તુકારામ ઈશ્વરપ્રાપ્તિની શોધમાં સાચા સદ્ગુરુને પામવાની ઉત્કટ ઝંખનાની સાથે-સાથે પરોપકારનાં કર્યોમાં પણ રચ્યાપચ્યાં રહેતા હતા. જેમેકે, રસ્તામાં ચાલતાં જતા વટેમાર્ગુઓનું વજન કે સામાનનો ભાર પોતાનાં માથે ઉંચકીને તેને થોડો સમય આરામ આપવો, ચોમાસામાં મુસાફરોને રોકાણ માટે મંદિર કે પોતાનાં ઘરે લઈ આવવા, ચાલી-ચાલીને યાત્રિકોનાં પગે સોજા આવ્યા હોય તો તેમને ગરમ પાણીનો શેક કરી આપવો, પગ દબાવી આપવા, કોઈએ પોતાનાં ઢોર-ઢાખરો છૂંટા મુકી દીધાં હોય તો તેવા રખડતા-રઝળતા ઢોરોને વ્હાલપૂર્વક ઘાસચારો-પાણી આપવું, કીડીઓને ખાંડ નાખવી, ગામનાં અપંગો-વૃદ્ધો-વડીલોની સેવાચાકરી કરવી, તેમની નિયમિત દવા આપવી, તેમના નાના-મોટાં કામો હોંશભેર કરવા જેવા કામપણ તુકારામ ઈશ્વરભક્તિની જેમજ તલ્લીનતાથી કરતા. અણું-રેણું પ્રમાણે નાનામાં નાના જીવ વિશે પણ કરુણા રાખી તેને નુકશાન ન થાય, તેની જાનહાની ન થાય તેની ખાસ તકેદારી રાખતા. એટલું જ નહી પણ અન્યોને અતિ ક્ષુલ્લક જણાતા કામ જેમકે કીર્તનમાં આવેલા લોકોને ગરમી લાગતાં તેમને પંખો નાખવો, ઉનાળામાં તરસ્યા મુસાફરોને પાણી પીવડાવવું તેમજ ભૂખ્યાને ભોજન કરાવવું જેવા કામ પણ તેઓ અતિશય પ્રેમથી કરતા. ટૂંકમાં, શરીરને કષ્ટ આપીને પણ શકય એટલો પરોપકાર કરવાનો તેઓ હંમેશા પ્રયત્ન કરતા.

તુકારામનું આવું વર્તન જોઈ ગામનાં લોકો તેમની મજાક-મશ્કરી કરતા પણ કોઈનીયે પરવા કર્યા વગર તેમણે ભકિતમાર્ગે પોતાની કૂચ જ્ઞાન અને પરોપકારની સાથે-સાથે ચાલુ રાખી હતી. તેમણે દ્રવ્યની લાલસાની સાથોસાથ લોકોની પરવા પણ છોડી દીધી હતી. દુકાળનો કપરો કાળ પૂરો થયા પછી પણ ફરીથી પોતાનો એજ ધંધો-રોજગાર શરુ કરવાને બદલે, ધનોપાર્જન કરવાને બદલે તેમણે વૈરાગ્યને કારણે અંતરમાં જાગેલી ઈશ્વરભક્તિ અને તે માટે સદ્ગુરુની શોધ ચાલુ રાખી હતી. જે તેમને સામાન્યમાંથી અસામાન્ય બનાવે છે. જ્ઞાનને કારણે મનુષ્ય અંગે મળેલી સાચી સમજ, દયા, માયા, કરુણા, જીવનની ક્ષણભંગુરતા, અહંકાર ત્યાગ, નમ્રતા અને બદલાયેલો જીવનનો દષ્ટિકોણ તુકારામને સામાન્ય માનવી કરતાં ઉચ્ચ સ્થાને લઈ જાય છે.

તુકારામનાં જન્મ પ્રમાણેજ તેમને ગુરુપદેશ ક્યારે-ક્યા થયો તે અંગે ઘણાં મતમતાંત રેપ્રવર્તે છે. લગભગ દરેક સાહિત્યક અને ઈતિહાસકારોનાં મતે એકવાત ચોક્કસ છે કે તેમને ઊંમરનાં ૨૩-૨૪ વર્ષ દરમ્યાન જ ગુરુપદેશ મળ્યો હતો. ઉપરાંત ગુરુપદેશ સ્વપ્નમાં થયો અને તે દિવસે માઘ સુદ ૧૦મી ગુરુવાર હતો, એ વાત નિશ્ચિત છે. પોતાને ગુરુમંત્ર આપનાર ગુરુનું નામ બાબાજી ચૈતન્ય હતું એવું તુકારામ કેટલાંક અભંગો પરથી સ્પષ્ટ થાય છે. જેમકે,

- ''सद् गुरुरायें कृपा केली मज । परि नाहीं घडली सेवा कांही ।।
  सांपडविले वाटे जाता गंगास्नाना। मस्तकी तो जाणा ठेविला कर ।।
  भोजना मागती तूप पावशेर। पडिला विसर स्वप्नामाजी ।।
  काही कळे ऊपजला अंतराय। म्हणोनियां काय त्वरा जाली ।
  राधवचैतन्य केशवचैतन्य । बाबाजी आपले आंगितले नाम ।
  माधशुद्ध दशमी–पाहुनी गुरुवार । केला अंगीकार तुका म्हणे ।।''[१०]
  (૩૪૨૭)

અર્થાત્ હે ગુરુદેવ ! તમે તો મારી ઉપર કૃપા કરી પણ મારાથી તમારી કોઈ સેવા થઈ શકી નહી. હું સ્વપ્નમાં ગંગાસ્નાન કરવા જતો હતો ત્યારે રસ્તામાં તમે મળ્યાં અને તમારો અભયહસ્ત મારા ઉપર મૂક્યો. પોતાનાં ભોજન માટે તેમણે પાશેર ઘી માંગ્યું પણ હું આપવાનું ભૂલી ગયો. મારાથી તેમની સેવા થઈ નહિ તેથીકે પછી કોણ જાણે કયું કારણ હતું પણ મારા ગુરુએ સ્વપ્નમાં મારી પાસે આવીને કૃપા કરવામાં ઘણી ઉતાવળ કરી. તેમણે મને મારી ગુરુપરંપરા રાઘવ ચૈતન્ય ગુરુ અને કેશવ ચૈતન્ય તેના શિલ્ય એવું જણાવ્યું. મારુ નામ 'બાબાજી' છે એમ કહી મને 'રામકૃષ્ણ હરિ' એવો મંત્ર આપ્યો. એ દિવસે માઘ શુકલ ૧૦મી અને ગુરુવાર હતો, જ્યારે મને તેમની પાસેથી ગુરુમંત્રની પ્રાપ્તિ થઈ હતી. ઉપરાંત,

- ''भाजिये मनींचा जाणो नियां–भाव । तो करी उपाव गुरुराज।।
  आवडीया मंत्र सांगितला सापा । जेणे–नव्हे गुंफा कांही कोठे ।।
  जाती पुढे एक उतरले पार। हा भवसागर साधुसंत ।।
  जाणता नेणत्या ज्या जैसी आवडी। उतार सांगडी तापे पेटे ।।
  तुका म्हणे मज दावियेला तारु। कुपेचा सागरु पांडुरंग ।।''[११]
  (૩૪૨૮)

---
૧૦. એજન, પૃ. ૭૧૭
૧૧. એજન, પૃ. ૭૧૮

ગુરુદેવે મારા મનની વ્યથા જાણીને તેનો યોગ્ય રસ્તો બતાવ્યો. 'રામકૃષ્ણ હરિ'મંત્ર આપ્યો જે ઘણો સુલભ હતો. આ મંત્રનેકારણે મારા ચિત્તમાં હવે કોઈ ગૂંચવણ રહી નથી. આ મંત્ર દ્વારા ઘણાં સાધુસંતો ભવસાગર પાર કરી ગયા છે. આ મંત્ર જ્ઞાની-અજ્ઞાની સૌને તારે એવો છે. તુકારામ કહે છે કે આ મંત્ર દ્વારા પાંડુરંગ પોતે ભવસાગર પાર કરાવી આપે છે એવું મને સંતો-ગુરુઓ પાસેથી જાણવા મળ્યું છે.

આ બંને અભંગો આત્મકથનાત્મક સ્વરૂપનાં છે. જેમાંથી તુકારામનાં ગુરુ અને ગુરુમંત્રનો સમય સ્પષ્ટ થઈ જાય છે.

ગુરુમંત્ર મેળવ્યા પછી જાણે કે તુકારામનાં જ્ઞાન ભક્તિ અને સર્જનમાં ભરતી આવી ગઈ. તેમને સહજરીતે કવિત્વ સ્ફૂરવા લાગ્યું હતું. પોતાની આ સ્થિતિ ગુરુની વિશેષ કૃપાથી જ શક્ય બની છે એવું તેઓ સ્વીકારે છે.

ઉપરાંત નામદેવની સાથે આવેલા પાંડુરંગે મને સ્વપ્નમાં પોતાની શતકોટી અભંગો રચવાની પ્રતિજ્ઞા પૂરી કરવા કહ્યું છે એ વાત તુકારામે આ અભંગમાં રજૂ કરી છે.

– ''नामदेवे केले स्वप्नामाजी जागे ।
सवे पाडुंरंगे येऊनिया ।।
सांगितले काम करावें कवित्व ।
वाउगे निमित्य बोलु नको ।।
माप टाकी सळ धरिली विठ्ठले ।
थापटोनी केले सावधान ।।
प्रमाणाची संख्या सांगे शतकोटी ।
ऊरले ते शेवटी लावी तुका ।। ''[૧૨] (૩૯૩૭)

તુકારામ કહે છે કે એકવાર પાંડુરંગ સહિત નામદેવ મને સ્વપ્નમાં મળ્યા અને જગાડીને કહ્યું, ''તું કવિતા રચવાનું શરુ કર. બીજુ કશું તારે બોલવું નહિ. શતકોટી અભંગ રચવાનો મારો સંકલ્પ હતો તેમાંથી છન્નુ કરોડ અભંગ લખાઈ ચૂકયા છે અને બાકીનાં જે ચાર કરોડ રહ્યા છે તેની રચના તું કર. મારી પ્રતિજ્ઞા તું પૂરી કર.'' તેમણે મને હવે આ કામ સોંપ્યુ છે. આજ વાતનાં સંદર્ભે તુકારામ અભંગ નં. ૩૯૩૮માં પણ કહે છે કે હે સંતો ! હવે હું તમારી સંગતિમાં રહેવાનો છું. ભલે હું શૂદ્ર જાતિનો છું, મારો ધંધો હલકો છે પણ જે દિવસથી મને સ્વપ્નમાં નામદેવનાં દર્શન થયા તે દિવસથી મારા હૃદયમાં કવિત્વની સ્ફૂર્તિ થાય એવો પ્રસાદ મને પ્રાપ્ત થયો છે. આ સિવાય તેઓ હવે કવિત્વ કરવા લાગ્યા હોવાથી શબ્દોનું મહત્વ સમજાવતા કહેછે કે,

૧૨. એજન, પૃ. ૮૭૬

– ''आम्हां घरीं धन शब्दांचींच रत्नें ।
शब्दांचीच शास्त्रे यत्न करु ॥ शस्त्र यत्न करुं ॥
शब्दाचि आमुच्या जीवाचें जीवन ।
शब्दे वाटुं धन जनलोकां ॥
तुका म्हणे पहा शब्दचि हा देव ।
शब्देंचि गौरव पूजा करुं ॥''[૧૩] (૨૫૩૪)

મારા ઘરમાં શબ્દોરૂપી રત્નોનો ખજાનો છે. શબ્દરૂપી શાસ્ત્રોનું હું ઘણી કાળજીથી જતન કરું છું. શબ્દ એજ મારું જીવવાનું એકમાત્ર સાધન છે અને લોકોને પણ હું શબ્દનું જ દાન આપું છું. તુકારામ કહે છે કે જુઓ, આ શબ્દ જ દેવ છે અને શબ્દનો ગૌરવ કરીને તેના વડે જ દેવનું હું પૂજન કરું છુ.

અહીં તુકારામે શબ્દનો મહિમા વર્ણવી ભાષાને ઘણું ઉચ્ચ સ્થાન આપેલું જોઈ શકાય છે. દેવનું પૂજન કરવા માટે ઘણા સંતો-જ્ઞાનીઓએ વિવિધ વસ્તુને મહત્વની ગણાવી તેની અનિવાર્યતા સમજાવી છે. પણ તુકારામે તો શબ્દને જ ઈશ્વરને પૂજવાનું સાધન ગણાવી પોતાની અલગ જ પ્રકારની ભક્તિનું નિરૂપણ આ અભંગમાં કરેલું જોઈ શકાય છે. શબ્દને ઈશ્વરને ભજવાનું સાધન ગણાવનાર સંત તુકારામનું જ્ઞાન કેટલું વિશાળ ફલક ઉપરનું હતું તે જાણી શકાય છે. બીજુ, તુકારામનાં સમગ્ર સર્જનમાંથી ઘણી પંક્તિઓ, શબ્દો અર્થો આજે પણ મરાઠી સમાજમાં કે સાહિત્યમાં વણાયેલી છે. ઉપરનાં અભંગમાં શબ્દોને શાસ્ત્ર અને શસ્ત્ર એમ બંને રૂપે ઓળખાવ્યા છે. તેમાંથી શબ્દરૂપે શાસ્ત્રોનું પોતે જતન કરે છે તે વાત સ્પષ્ટ થાય છે. સાથેસાથે જો ત્યાં 'શસ્ત્ર' શબ્દ મુકાય તો પણ એ એટલોજ અર્થસભર બને છે કારણ કે શસ્ત્રોનું પણ કાળજીપૂર્વક જતન અને ઉપયોગ કરવો પડે છે. તુકારામની આ પંક્તિ મરાઠી ભાષામાં આજે આટલા વર્ષો પછી પણ એક બોધવાક્ય બની રહી છે. જેનો અર્થ એવો થાય છે કે - 'शब्द हे शस्त्र आहे जरा जपून वापरा' 'શબ્દ એ શસ્ત્ર છે તેનો કાળજીપૂર્વક ઉપયોગ કરો.

આમ, સદ્ગુરુ તરફથી મળેલા ગુરુમંત્રને કારણે તુકારામ આધ્યાત્મિક, પારમાર્થિક, જ્ઞાન અને ભક્તિ એમ ચારે તરફથી સર્વગુણ સંપન્ન થયા હતા. તેમનામાં જ્ઞાનોદય થયો હતો એમ પણ કહી શકાય. કોઈ ઈચ્છિત વસ્તુ પામ્યા પછી જે શાંતિનો, તૃપ્તિનો અનુભવ થાય તેવી અનુભૂતિમાં તુકારામની અવસ્થા આવી પહોંચી હતી. જ્ઞાન-ભક્તિ-ઈશ્વરની તરસને જાણે કે અમૃતકુંભ મળ્યો હતો.

---

૧૩. એજન, પૃ. ૫૩૦

આ અવસ્થામાં લોકો, સગા-સંબંધીઓ શું કહેશે, શું ધારશે તેના તરફ તુકારામે ધ્યાન આપ્યું નહી. પ્રાતઃ સ્નાન કરવું, શરીરે વિભૂતિ લગાડવી, ગળામાં તુલસીની માળા પહેરવી, જંગલમાં જઈ એકાંત સાધવું, ગામમાં લોકો સાથે વધુ વ્યવહાર ન રાખીને પણ પરોપકારના કામમાં રચ્યા-પચ્યાં રહેવું, પોતાની જાત સાથે જ સંવાદ વગેરે જેવો લક્ષણોને કારણે તેઓ પોતાની પત્નીનાં રોષનો ભોગ બન્યા હતા. ગામ લોકોની ટીકા ને પાત્ર બન્યા હતા. પણ તે ક્યાંય આવી અવસ્થામાં પણ

- ''तुका म्हणे जो संसारा रुसला ।
तेणेंचि टाकिला सिद्धपंथ ।।''

અર્થાત સંસાર દૂર થશે તોજ સિદ્ધપંથે આગળ વધી શકાશે. આ સિદ્ધાંતમાં તેમને દઢ વિશ્વાસ હતો. ઈશ્વરભક્તિ અને આત્મસાક્ષાત્કારની ઈચ્છા મનમાં રાખી તેણે સંસારમાં પણ 'જલકમલવત' રહેવાનું સ્વીકાર્યું હતું.

ભક્તિમાર્ગે વળતા પહેલાં પોતાનું જીવન કેવું હતું અને એ બદલ પોતાને કેટલો પસ્તાવો થાય છે એ અંગે પણ તુકારામે ઉદાર દિલે પોતાનાં અભંગોમાં જણાવ્યું છે.

— ''सुखें होतो कोठे घेतली स्तुती ।
बांधविला गका आपुले हातीं ।।
काय करु बहुं गुंतलो आतां ।
नये सरतां मागे पुढे ।।...''[१४] (૬૭૯)

પોતાનો ભૂતકાળ યાદ કરતા તુકારામ કહે છે કે હું તો ઘણો સુખી હતો. પણ દેહાદિ પ્રપંચનાં લોભને વશ થઈને મેં મારા હાથે જ ગળે ફાંસો ભેરવ્યો હોય એવું કૃત્ય કરી બેઠો. હવે આનો શો ઉપાય ? હું આ પ્રપંચોમાં એટલો બધો ગૂંચવાઈ પડ્યો છું કે હવે મારા પગ બંધાઈ ગયા છે. અને તેથી પાછું ફરવાનું પણ મારાથી શક્ય બને એમ નથી. મારી પાસે જે પૂંજી હતી તે બધી સંસારના વ્યવહારોમાં ખર્ચાઈ ગઈ અને ઊલટું મારે માથે દેવું થઈ ગયુ તો તે જુદુ. હું મારા ખેતરનું રક્ષણ કરી શક્યો નહિ તેથી ફસલ મારા હાથમાં ન આવી અને પત્ની-બાળકોને ભીખ માગવાનો વારો આવ્યો. ઘણાં પ્રયત્નો પછી પણ હું ઘરસંસાર ફરીથી નિભાવી શક્યો નહિ. હવે તો કોઈની આશા ન રાખતાં જે કાંઈ છે તે સર્વનો ત્યાગ કરી દઉં એવું મને થાય છે.

---

૧૪. એજન, પૃ. ૧૩૭

– ''आप आपण्या धातकर ।
शत्रु झालो मी दावेदार ॥
तु तव कृपेचा सागर ।
उतरो पाड तुका म्हणे ॥''[१५](६१३)

હે ઈશ્વર હવે તને સમજાય એવું કર ! ભવસાગરમાં હું ડૂબકીઓ ખાતો ભટકી રહ્યો છું. મને ડૂબાડવો હોય તો ડૂબાડ, અને બચાવવો હોય તો તારી મરજી.

પોતાની ચંચળ એવી ઈન્દ્રિયો તેમજ મર્કટ જેવા મનને સ્થિર રાખી પોતાનામાં ધ્યાન કેન્દ્રિત કરવા માટે પણ તુકારામે ઈશ્વરની જ સહાય માંગી છે.

– ''आता काढाकाढी करी गां पंढरीराया ।
नाहीं तरी वायागलो दासा ॥
जाणता बैसलो दगडाचे नावें ।
तिचा जो स्वभाव प्राण ध्यावा ॥''[१६] (११७८)

તુકારામ કહે છે કે પંઢરીનાં રાજા ! મને આ દેહાદિ પ્રપંચની જાની પકડમાંથી મુકત કર. જો તું આટલું પણ ન કરી શકે તો હું તારો ફોકટનો દાસ કહેવાઈશ. હું તો પથ્થરની હોડીમાં ચડી બેઠો છું. તેનો તો સ્વભાવ જ ડૂબવાનો હોય છે. એવી રીતે મનનો સ્વભાવ ઈન્દ્રિયોની તરફ દોડવાનો હોય છે અને પરિણામે અધોગતિ તરફ તે નીકળી પડે છે. મારી હાલત તો આંધળા જેવી છે, હે હરિ મને તો હવે તું જ રસ્તો બતાવે ત્યારે ખરો !

એક તરફ તુકારામે વિનંતીઓ કરીને પોતાને ઈન્દ્રિયોથી બચાવવાની વાત કરી છે તો બીજી તરફ પોતાને ઈન્દ્રિયો આપી જ શા માટે ? એવો અવળો પ્રશ્ન પણ પૂછવામાં કસર કરી નથી. જેમકે, આ અભંગમાં તુકારામ કહે છે કે

- ''तुम्ही बैसलती निर्गुणाचे खोळे ।
आम्हांसी का डोळे कान दीले ॥
नाय कळे तुझी अपकीर्ति देवा ।
अव्होरिली सेवा न देखवे ॥''[१७] (९५१)

હે દેવ ! તમે નિર્ગુણ પણાનો ગુપ્તવેશ ધારણ કરીને બેઠા છો તો પછી અમને આંખ, કાન, જીભ જેવી ઈન્દ્રિયો આપી જ શા માટે ? તમારી આવી અપકીર્તિ મારાથી સંભળાતી નથી, લોકો

૧૫. એજન, પૃ. ૧૨૩
૧૬. એજન, પૃ. ૨૪૪
૧૭. એજન, પૃ. ૧૯૩

તમારી સેવા તરફ ધિક્કાર દર્શાવે છે તે હું સાંખી શકતોનથી. તમારું પેટ બધાની બધી બાબતો સંઘરીશકે એટલું મોટે બનાવ્યું છે તો અમારું મન કેમ સાંકડું બનાવ્યું ? તમે નિર્ગુણ છો તેથી હું ઘણો દુઃખી છું. તમે મને સોંપેલું કામ કરવામાં આ બધા પ્રશ્નો આડા આવે છે તમે જાણો છો ?

તુકારામ હવે એવી અવસ્થાએ પહોંચ્યા હતા કે પોતાના ગુણદોષોને પણ ઈશ્વર સમક્ષ બતાવી શકે છે. તટસ્થતા અને નિખાલસતાનો તેમનો ગુણ અહીં ઉભરી આવતો જણાય છે. પૂર્વજીવનનાં વેપારી એવા તુકારામ હવે ઈશ્વર સાથે તાર્કીક વાતો કરવાનું સામર્થ્ય મેળવે છે તે અહીં જોવા મળે છે.

ભક્તિમાર્ગે વળ્યા પછી અને સંતપદ, જ્ઞાનીપદ પ્રાપ્ત થતા પહેલા તુકારામે પોતાની અવસ્થા દર્શાવતા ઘણા અભંગોમાં આત્મદોષદર્શન પણ વર્ણવ્યું છે. સદ્ગુરુની પ્રાપ્તિરૂપે મળેલા ગુરુમંત્ર પછી તેમનું મન વધુને વધુ ભક્તિ-જ્ઞાન તરફ વળવા લાગ્યું હતું અને હવે જીવનનાં આવા તબક્કે તેમને ઈશ્વરની સાચી ઓળખ, સાક્ષાત્કારની લગની લાગી હતી. તેમનાં જ્ઞાનમાં ભક્તિમાં હવે જાણે સાક્ષાત્કાર માટેનો આર્તનાદ પણ ભળ્યો હતો. તુકારામની ઈશ્વરનાં સાક્ષાત્કાર માટેની આર્તભક્તિ દર્શાવતા અભંગો માં તેમની ભક્તિનું નવું રૂપ જોવા મળે છે.

- ‘‘संसारतापे तापलों मी देवा । करिता यां सेवा कुटुंबाची ॥
  म्हणऊनि तुझे आठविले पाय । ये वो माझे पाय पांडुरंगे ॥
  बहुतां जन्मींचा झालो भारवाही । सुटीजे हें नाही वर्म ठावे ॥
  वेढियलों चोरी अंत बाह्यात्कारी । कणव न करी कोणी माझी ॥
  बहु दिवस झालो कासाविस । तुका म्हणें आतां धांव धाली वेगी ।
  ब्रीद तुझे जगी दीनानाथ ।’’[१८] (६६)

તુકારામ અહીં આ અભંગમાં સાંસારિધક પ્રચંચોથી ત્રસ્ત થઈને તેમાંથી મુક્તિ આપવા માટે હરિને વિનવે છે. તે કહે છે કે સંસારનાં ત્રિવિધ તાપથી હું અતિશય શેકાઈ રહ્યો છું. મારા કુટુંબની સેવા કરીને પણ હું સંતપ્ત થઈ ગયો છું. (વ્હાલસોયા માતા-પિતા, ભાભી, પત્ની-પુત્ર-ઢોરઢાંખરને પોતાની નજર સમક્ષ એકપછી એક મૃત્યુ પામતા જોઈ સાંસારિક સંબંધોની ક્ષણ ભંગુરતા તેમને સમજાઈ હશે. ઉપરાંત બીજી પત્ની પણ આર્થિક પરિસ્થિતિ બદલાતા ભારે કર્કશા બની ચૂકી હતી તેથી એનો તાપ પણ તુકારામ ભોગતા હતા. આ કારણોસર કદાચ તેમને પોતાના આત્મીયોનો પણ મોહ રહ્યો ન હોય એવી શક્યતા રહેલી છે.) તેથી હવે હું તારું શરણું પામવા ઈચ્છું છું. હે પાંડુરંગ ! ઓ મારી મા ! તું હવે ઝડપથી મારી પાસે આવ. અનેક જન્મોથી સંસારનો બોજો ઉપાડીને હું તો વૈતરા જેવો

૧૮. એજન, પૃ. ૭૪

બની ગયો છુ. આ પીડામાંથી મુક્તિ મેળવવાનો માર્ગ મને જડતો નથી. હું બધેથી દુષ્ટો વડે ઘેરાઈ ગયો છું. અંદરથી મને કામક્રોધાદિ ચોર-ડાકુઓએ બાંધી દીધો છે તો બહારથી સ્ત્રી,પુત્ર, સગા વહાલાં, ઈષ્ટ મિત્રો એ બધા લોકો મને વીંટળાઈ વળ્યા છે. હું એમના સંકજામાંથી છૂટવા માંગુ છુ. એમને કારણે મારું મન અત્યંત અસ્તવ્યસ્ત વીખાઈ ગયું છે. અત્યંત વ્યાકુળતાથી હું આ બધાથી છૂટવાનો માર્ગ શોધી રહ્યો છું. તુ મારી મદદે જલદી આવ ઝડપથી આવ, કારણકે દીનજનોના ઉદ્ધારક તરીકે હું તમને જ ઓળખું છું. બીજુ મારું કોઈ વાલી નથી.

- ''भेटीलागी जीवा लागलीसे आस ।
पाहे रात्रंदीवस वाट तुझी ॥
पुर्णिमिचा चंद्र चकोरा जीवन ।
तैसे माझें मन वाट पाहे ॥
दिवाळीच्या मूळां लेकी आसावली ।
पाहातसे वाटुली पंढरीची ॥
भुकेलीया बाळ अति शोक करी ।
वाट पाहे माऊलीची ॥
तुका म्हणे मज लागलीसे भुक
धावूनि श्रीमुख दावी देवा ।''[૧૯](२०४८)

અત્યંત કરુણભાવ, કરુણરસથી સભર એવો અભંગ મરાઠી સાહિત્યમાં તુકારામની ઓળખ આપે તેવા અભંગો પૈકીનો એક છે. આ અભંગમાં તુકારામે પ્રયોજેલા પ્રતિકો દ્વારા જ તેમની મનઃ સ્થિતિ પ્રગટ થઈ જાય છે. મનનો તડફડાટ અને તેને સુપેરે વ્યકત કરતા શબ્દોનો ઉપયોગ- આ બંનેના મિશ્રણને કારણે અત્યંત લાગણ સભર ચિત્ર આ અભંગમાં વ્યકત થતું જોવા મળે છે.

તુકારામ કહે છે કે હે દેવા ! તુ મને આવીને મળ, તું મળીશ જ એવો ભાવ, એવી આશા મારા મનમાં લઈને હું તારી રાત-દિવસ રાહ જોઈ રહ્યો છું. જેમ ચકોર પક્ષી પૂર્ણિમાનાં ચંદ્રની આતુરતાથી રાહ જોતું હોય છે એવી રીતે હું તારી વાટ જોઈ રહ્યો છું. દીવાળીનાં દિવસો આવે ત્યારે સાસરવાસી પુત્રી પોતાનાં પિયરનાં તેડાનાં દિવસો ગણે છે અને જેટલા ભાવથી પોતાના માતા-પિતાને મળવા માટે વ્યાકુળ થાય છે એવા ભાવથી હું પણ પિયર એટલે કે પંઢરપુરનો રસ્તો તાકી રહ્યો છું. કારણકે તું ત્યાંથી આવીશ એવી મારી ધારણા છે. ભૂખ્યુ બાળક જેમ માતાને ધાવવા માટે તરસે છે તેવી રીતે હું મારી વિઠ્ઠલ માવડી કયારે આવશે તેવો વિચાર કરી તલસી રહ્યો છું હું તારો ભૂખ્યો છું, એમ સમજી જા અને ઝડપથી આવી મને તારા શ્રીમુખનું દર્શન કરાવ.

૧૯. એજન, પૃ. ૪૩૧

- ''अगा करुणाकरा करितसें धांवा ।  या मज सोडवा लवकरी ॥
एकोनियां माझी करुणेची वचनें ।  व्हावे नारायण ऊतावीळ ॥
मागें पुढे अवधा दिसे रिता ठाव ।  ठेवूनि पायी भाव वाट पाहे ॥
ऊशीर तो आता न पाहिजे केला । अहा जो विठ्ठल मायबापा ॥
उरले ते एक हेंचि मज आतां ।  अवधे विचारितां शून्य झालें ॥
तुका म्हणे आतां करी कृपा दान । पाऊले समान दावीं डोळां ॥''[२०](२०५२)

તુકારામે વિઠ્ઠલને કરેલી વિનંતીઓની હદ પાર થઈ જાય એવો ભાવ વ્યક્ત કરતો આ અભંગ છે. જેટલું દુઃખ વ્યક્તિ ભોગવે છે એટલોજ એનો આર્તનાદ ઊંડો હોય છે, એ વાત અહીં સાચી ઠરે છે. તુકારામ કહે છે કે, હે કરુણાસાગર ! હું તો તારા જ નામનો પોકાર કરી રહ્યો છું. તુ જલદીથી આવ અને મને સંસારના દુઃખોથી મુક્ત કરાવ. ઓ નારાયણા મારા આ કાલાવાલા કાને ધરજે અને બનતી ઝડપે મારી ભીડ ભાંગવા દોડતો આવજે. તારા સિવાય મને આ જગતમાં બધે ઘોર અંધારુ દેખાઈ રહ્યું છે. હું તો તારા ચરણોની રાહ શ્રદ્ધાથી જોઈ રહ્યો છુ. ઓમારા માઈબાપ ! ઓ વિઠ્ઠલ ! મને તારું દર્શન આપ. હવે તારો વિરહ હું સહન કરી શકતો નથી. તારા દર્શનની આશા સિવાય મારી પાસે કશું જ બચ્યું નથી. ઘણા વિચારોને અંતે મને આ જગત શૂન્ય જેવું દેખાઈ રહ્યું છે. હે દેવ ! મારી ઉપર કૃપા કરી તારા ચરણકમળને મારી આંખો સમક્ષ લાવી મૂક. મારો જીવ જાય છે તું વિલંબ ના કરીશ.

તુકારામનાં આર્તનાદનો દરેક અભંગ અત્યંત કરુણાસભર, અશ્રુસિંચિત અને હૃદયસ્પર્શી બન્યો છે તેનું કારણ એ છે કે એમણે આ અભંગો કલ્પનાથી નથી રચ્યા, કોઈને ઉપદેશ આપવા માટે નથી રચ્યા પણ એમનો સ્વાનુભવ વ્યક્ત કર્યો છે. અહીં તેમણે કોઈએ અનુભવેલાં ભાવો નથી આલેખ્યા પણ પોતાનું જ પ્રતિબિંબ આપ્યું છે, તેમાં સચ્ચાઈનાં રણકાર સાથે કરેલું હૃદયસ્પર્શી એવું પોતાનું જ વ્યક્તિત્વ રજૂ કર્યું છે.

જે કોઈપણ સ્થળે મરાઠી ભાષામાં કીર્તન થતું હોય ભજનોની રમઝટ ચાલતી હોય એવી જગ્યાએ આ અભંગ ભૈરવી તરીકે ગાવામાં આવે છે એટલેકે કાર્યક્રમ સમાપ્તી વખતે ગવાય છે. ૧૫મી સદીમાં તુકારામે અનુભવેલાં સ્પંદનો આજની આધુનિક વ્યક્તિને પણ એટલી જ વેધકતાથી, હૃદયસ્પર્શી રીતે અસર કરી જાય છે તેમાં જ એની સમર્થતા રહેલી છે એમ કહી શકાય.

સત્યની શોધ માટે તુકારામ જાણે પોતાનાં જીવ સાથે ઉદાર થયા હતા. હવે એ સત્ય (પરમસત્ય) ની શોધ/ભાળ મળે ત્યાં સુધી જીવવું જ રહ્યું નહીતર, એ જાણ્યા વગર થયેલું મૃત્યુ પણ નિરર્થક તેમને લાગવા માંડ્યું હતું. આ પરમતત્ત્વ મેળવીને જ રહીશ. નહી તો પ્રાણ ત્યજીશ એવો

૨૦. એજન, પૃ. ૪૩૨

એમનો નિર્ધાર હતો, ઈશ્વરભક્તિની સાથોસાથ તેનો સાક્ષાત્કાર પણ પોતાને થાય તે માટે ઈશ્વરને પામવા, જાણવા, આર્તભક્તિ દ્વારા વિનવણી કરતા હતા. ઈશ્વરે તેમને દર્શન આપવા, તેમની સાથે વાત કરવી, અભય આપીને પોતાનો સ્વીકાર કરવો એવી ઈચ્છા તેમનાં આર્તભક્તિ દર્શક અભંગોમાં છતી થાય છે. જેમકે,

– ''काहो देवा काहीं न बोलाचि गोष्टी ।
कां मज हिंपुटी करीतसां ।।
कंठी प्राण, पाहें वचनासी आस ।
तों दीसे उदास धरिले ऐसे ।। ''[૨૧](૫૩૨)

હે ઈશ્વર ! તમે મારી સાથે બોલતા કેમ નથી ? મને કેમ કષ્ટ આપો છો ? પ્રાણ કંઠે લાવીને હું તમારી રાહ જોઉં છું અને તમે ઉદાસ લાગો છો. તમારો કહેતા મન સંકોચ થાય છે. મને તમારું બ્રહ્મજ્ઞાન નથી જોઈતુ તમારું સુંદર સગુણ સ્વરૂપ મારી નજરે જોવું છે એટલી જ ઈચ્છા છે. અહીં તુકારામની સગુણ ઉપાસના જોવા મળે છે.

– ''तुका म्हणे कारे धरियेला कोप । पाप सरलें नेणों पाडुरंगा ।।

કેમ પાંડુરંગ ! તુ મારાથી રિસાયો છે ? ભક્તો તને ભવસિંધુ તારક કહે છે. તો પછી

– ''आता धाव धाली नारायणा ।
मजकारणे रंक दीना ।
गुण न विचारी अवगुणा ।।
तुका करुणा भाकित से ।।''[૨૨](૬૫૪)

મારી બુદ્ધિ અલ્પ છે તેથી હુ તને સમજી શકતો નથી. હું તને કાકલૂદી કરું છું. મારા અવગુણ ના જોઈસ. મને તારી શરણમાં લે મારી ઉપર કરૂણા કર.

– ''वाटुली पाहता सिणले डोळुले ।
दाविसी पाउले कैं वो डोळा ।
तूं माय–माऊली कृपेची साउली ।
तुका म्हणे माझ्या आसावल्या बाह्या ।
तुज क्षेम धाया पांडुरंगा ।।''[૨૩](૮૦૭)

તારી રાહ જોતાજોતા મારી આંખો થાકી ગઈ છે. તારા ચરણોનું દર્શન મને કયારે થશે

૨૧. એજન, પૃ. ૧૦૮
૨૨. એજન, પૃ. ૧૬૩
૨૩. એજન, પૃ. ૬૭૪

? તુ તો મારી મા છે. કૃપાની છાંયડી ક્યારે વરસાવીશ ? તને આલીંગવા માટે (ભેટવા માટે) મારા બહુઓ, (મારી ભૂજાઓ) અતિ આતુર છે. આમ, ઈશ્વરનાં સાક્ષાત્કાર માટેની અને તેને સદેહે ભેટવાની વિલક્ષણ એવી ઉત્કંઠા અને તીવ્ર તલસાટ તુકારામ અનુભવે છે.

અભંગોમાં ઈશ્વરદર્શનની, તેનાં સગુણરૂપની સાથે પોતાની વાતો, પ્રેમભર્યા વાદ-વિવાદો કરવાની તુકારામની આકંઠ ઈચ્છા ઉત્કટ રીતે પ્રકટ થઈ છે. ઈશ્વરનાં સગુણ સ્વરૂપ દર્શનની સામે એક તબક્કે તેમને બ્રહ્મજ્ઞાન પણ નથી જોઈતું કારણકે તે પરબ્રહ્મનાં સ્વરૂપમાં જીવ વિલીન થાય છે. તુકારામની સૌથી પ્રિય દશા તે (भक्त मी तूं देव) ''હું ભક્ત તું ઈશ્વર છે'' તેથી ઈશ્વરે તેમને સગુણ-આકાર સ્વરૂપમાં દર્શન આપવા જેથી પોતે ઈશ્વરનાં ચરણે મસ્તક ઝૂકાવી શકે, તેમને ભેટી શકે, તેમની સાથે એકાંતમાં ક્ષેમકુશળની વાતોકરી શકે, સુખ દુઃખ અંગે ચર્ચા કરી શકે એવી તેમની ઈચ્છા છે અને તેમાટે ઈશ્વરે તેમને દર્શન આપવામાં વિલંબ ન કરવો જોઈએ એવી તેમણે જાણે કે પ્રાર્થના અભંગોમાં કરી છે.

- ''तू वो माझी सखी होसी पांडुरंगे ।
लवकरी येगे वाट पाहे ।
तुका म्हणे माझी पुरवी हे आस ।
धाली ब्रह्मरस भोजन है ॥''[२४] (३२४४)

પાંડુરંગને પિતા સ્વરૂપે માતા સ્વરૂપે, સખી સ્વરૂપે પોતાને દર્શન આપવા પોતાની પાસે આવવા તુકારામે વિનવણીઓ કરી છે. અને આ તમામ પાસે 'બ્રહ્મરસ'નું જાણે કે ભોજન માગે છે. બ્રહ્મરસ એટલે અહી માનસિક શાંતિ, જ્ઞાન અને સમાધી (બ્રહ્મની સાથે એકાકાર થવાની સ્થિતિ) એવો અર્થ લઈ શકાય.

- ''आर्तमाझ्या बहु पोटी । व्हावी भेटी पायांशी ।
तळमळ करी चित्त । अखंडित वियोगे ॥
तुका म्हणे पंढरीनाथा । जाणे वेथा अंतरिची ॥''[२५] (३२४४)

હુંતો તારા દર્શનની બહુ મોટી આશા લઈને બેઠો છું. તું કેમ ઉદાસ છે ? તારી કૃપાનો- તારા વચનોનો હું ભૂખ્યો છું. પાંડુરગ, તારે મારી આ ઈચ્છા પૂરી કરવી જ પડશે. મારા અંતરની આ વ્યથાથી તારા જેવો અંતર્યામી કેવી રીતે અજાણ હોઈ શકે ?

ઈશ્વરને ભેટવાની, તેનો સાક્ષાત્કાર કરવાની અધીરતા વ્યકત કતાં તુકારામ કહે છે કે, 'તને મળવા/ભેટવા માટે કયા ઉપાયો કરું ? આ શરીર જો તારી આડે આવતું હોય તો તેને બાળી નાખું

૨૪. એજન, પૃ. ૬૭૪
૨૫. એજન, પૃ. ૬૭૪

એવું પણ મને લાગે છે, ગામ-લોકો છોડીને તને ભેટવા માટે વિરાન જંગલોમાં જાઉ ? કે પછી ઉપવાસો કરીને શરીરશુદ્ધ કરું ? જીવનના દિવસો ઝડપભેર પસાર થઈ રહ્યા છે અને હે નારાયણ મનેહવે ધીરજ નથી ! તું ક્યારે મળીશ ?

તુકારામેની ઈશ્વરનાં સાક્ષાત્કાર માટેની આર્તભક્તિ ઉપરાંત ક્યારેક ઈશ્વર જલદી દર્શન નથી આપતો તેથી ઈશ્વર સાથે જે પ્રેમકલહ કર્યો છે, ક્યાંક ઉપહાસ કર્યો છે, ક્યાંક તેની હાંસી, ક્યાંક ઈશ્વરના અસ્તિત્ત્વ સામે પણ પ્રશ્નો ઉભો કર્યો છે. તુકારામનું સમગ્ર ભાવજગત ઈશ્વરની આસપાસ જફરવા માંડયું હતું હતું અને તેમણે પોતાનાં ભાવજગતને વાસ્તવિક જગતમાં જોવાની જાણેકે સ્ત્રીહઠ, રાજહઠ અને બાળહઠની જેમ રીતસરની ભક્ત હઠ ઈશ્વર સામે માંડી હતી. તેમની આવી પરિસ્થિતિ દર્શાવતા કેટલાંક અભંગો જોઈએ.

હું જો પતિત ન હોત તો તમને પાવન કોણ કહેત ? મારું નામ પહેલા આવે અને તમારું નામ મારા પછી જ આવે છે. (તુકા-રામ), લોખંડ છે તેથી પારસમણીનું મહત્વ છે. જો લોખંડ ન હોત તો પારસમણીની મહત્તા કોને સમજાત ? (તેથી ભકત છે તો ભગવાન છે એ વાત સ્પષ્ટ થાય છે.)

- ''तुका म्हणे याचक भावे ।
  कल्पतरु मान पावे ।।'' (૭૫૮)

જે અમારું છે તે માંગવાનો અમારો અધિકાર છે. હું સમાજ અને લોકલાજ ને કારણે હવે તારી સામે વધું બોલતોનથી. નહિતર તારું અસ્તિત્વ જ ન રહેવા દેત. ભકત ભગવાન માટે છે તો પછી ભકત ભગવાન સામે કોઈપણ માંગણી કરે તો ભગવાને તે પુરી કરવી પડે એવો ભક્તિમય અધિકાર ભાવ અહીં પ્રકટ થાય છે અને જાણેકે તુકારામ ભગવાનને ધમકી આપે છે.

- ''मढ्या पाशी करुणा केली ।
  तैसी गेली दुधा है'' (૯૬૧)

મડદા સામે બેસીને ગમે તેટલું કલ્પાંત કરો સમજાવો છતાંય તે વ્યર્થ છે. તેવી જ રીતે હવે મને તમારી પાસે કરુણા માંગવી વ્યર્થ લાગે છે અને હું સારી પેઠે જાણું છું કે તુ મડદું નથી છતાંય મને ખોટો પાડે છે ? આવો ઢોંગ જોઈને ગુસ્સો ના આવે ?

આ અભંગોમાં તુકારામનાં પૂર્વ જીવનની થોડીક છાંટ જણાય છે. કોઈ વેપારી કોઈ ગ્રાહકની કોઈ બાકી ન રાખે - કશુંય ઉધાર પર નહી અત્યારે જ રોકડાએ ન્યાયે તુકારામ અહીં જાણે કે આપણને પૂર્વજીવનનાં પાકકાં વેપારીની યાદ આપે છે. પોતાનાં ધંધાકીય કામકાજ સાથે અહીં તેમણે ઈશ્વર-ભક્તિને સુપેરે જોડયા છે. પૂર્વજીવનમાં તુકારામ કેવો વેપારી રહ્યા હશે તે અંગે થોડો ખ્યાલ આવે છે.

આટલી હૃદયદ્રાવક વિનવણીઓ પછી પણ પાંડુરંગ જ્યારે પ્રત્યક્ષ દર્શન નથી આપતા ત્યારે તુકારામ ફરી એકવાર સામાન્ય માણસની જેમ લડવા-ઝગડવા માટે જાણે કે છેલ્લી પાટલીએ બેસે છે. અને ઈશ્વરને સામો પડકાર ફેંકીને કહે છે કે હવે તો હું તને ગાળો પણ આપીશ. અપશબ્દો પણ બોલીશ. અહીં તેમની ભકત તરીકેની દાદાગીરી વ્યકત થાય છે.

- ''तुका म्हणे मज खवळिले भांडा ।
  आता धीर–तोंडा न धरवे'' (२२४८)

તારું દેવત્વ હવે મને સમજાયું છે. તુ ત્યારે લંપટ છે બધાને ખબર છે તું તો ભાર વેંઢારનારા બળદિયાં જેવો છું.

- ''तुका म्हणे माझे दचकलें मन ।
  वाटे वायांविण श्रम केला ।।'' (३१४९)

આ અભંગમાં ફરીએકવાર તુકારામ ઈશ્વરનાં અસ્તિત્વ સામે પ્રશ્ન ઊભો કરે છે. તે કહે છે, ''મારા મુખે તારું સતત રટણ થાય છે, મારું અંતર તારી કરુણા માગે છે પણ છે તો તુ મારી નજીક જ છતાંય મારી ઉપર આટલી વિપત્તીઓ કેવી રીતે પડે ? તુ આ દુનિયામાં છુ ખરો ? કે પછી હું નિરર્થક વાત કરી રહ્યો છુ ? અહીં 'તું હોય તો પ્રતીતિ કરાવ જેવો દ્ઢ ભવ, હઠ આવા અભંગોમાં જોવા મળે છે. અમારા જેવા પતિત, અજ્ઞાનીઓને કારણે તને નામરૂપ મળ્યું છે. નહી તો તારા જેવા નિરાકારને કોણ પૂછત ? તને અમે ઈશ્વર બનાવ્યો છે માટે તું ઈશ્વર છું. અંધારાને કારણે દિવાનું, પત્થરોને કારણે હિરા-મોતીનું, રોગીઓને કારણે વૈદોનું, ઝેરને કારણે અમૃતનું અને પિત્તળને કારણે જ સોનાનું મહત્ત્વ હોય છે એ વાત તુ ભૂલી ગયો હોય એમ લાગે છે. (૩૩૮૯)

સંશયભક્તિને જો ભકિતનોજ પ્રકાર માનવામા આવે તો તુકારામને આ પ્રકારનાં જનક કહી શકાય પોતાનાં ઈશ્વરનું નામ સ્મરણ તો નિરંતર કરવાનું ચાલું જ હોય પણ સાથેસાથે ઈશ્વરની પોતાની પ્રત્યેની દાનત તો ઠીક પણ તેનાં અસ્તિત્વ સામે પણ પ્રશ્નાર્થ ઊભો કરવો એ તુકારામની રોજીંદી ભક્તિનો જ જાણે કે એક ભાગ હતો. તુકારામ જેટલાં શ્રદ્ધાળું અને ભાવવશ છે તેટલાં જ તે ચિકિત્સક અને યુક્તિવાદી પણ છે. નિસ્પૃહતા અને ખબરદારપણું એ તેમના કવિતત્વનું મુખ્ય પાસું છે - તેમની શૈલી છે. સાથે જ તુકારામ પોતાનાં ઈશ્વર સાથેનાં માનસિક સંવાદોમાં પણ સામાન્ય મનુષ્યની જેમ જ વક્રોકિત અને ઉપહાસ પણ એટલી જ સહજતાથી વણી લે છે. નીચેના અંભગોમાં આ પ્રકાર સહજતાથી જોવા મળે છે.

- ''मजसवें नको चेष्टा । नव्हे साळी कांही कोष्टा ।
बैसे सांडानि दिमाख । जाय काळे करी मुख ॥
येथे न सरे चारा । हीण आणीक व्यापार ।
तुका म्हणे विष्णुदास । रस जाणतो नीरस ॥''[२६] (२७२)

તુકારામ કહે છે કે તારે મારી સાથે મિથ્યાં લબાડીપણું કરવું નહિ અને મારી મજાક-મશ્કરી પણ કરીશ નહિ. હું કાંઈ ડાંગરનાં છોડા જેવો હલકો નથી. તું તારા મોટાપણાનું અભિમાન તારા મનમાંથી કાઢી નાખજે. મારી સામે સીધો થઈને આવજે. જો તારે એમ ન કરવું હોય તો તારું કાળું મોઢું લઈને મારી પાસેથી ચાલતો થા. મારી સામે તારી જુઠ્ઠી લાચારી ચાલવાની નથી. તું જાણે છે કે હું કોણ છું ? હું તો વિષ્ણુનો દાસ છું. શું સારું છે અને શું નઠારું છે તે હું સારી રીતે જાણું છું.

- ''आहे तेंचि आम्ही मागों तुजपाशी ।
नव्हो तुज ऐशीं क्रियानष्ट॥
न बोलावी वर्मे तोंच बरे दिसे ।
प्रकट ते कैसे गुण करु ॥
एका ऐसें एका द्यावयाचा मोळा ।
कां तुम्हां गोपाळा नाहीं ऐसा ॥
तुका म्हणे लोकां नाहीं कळो आलें ।
करावें आपुलें जतन तों ॥''[२७] (७३४)

અહીં તુકારામ શ્રીહરિ સામે એક વ્યક્તિગત, છાનોમાનો સંવાદ કરતા હોય એવુ લાગે છે. જેમ આપણે કોઈને દબડાવતાં હોઈએ, તેનું ગૂપીત કોઈને કહી દઈશ એવી ધમકી આપતા હોઈએ એવો ભાવ આ અભંગમાં વ્યક્ત થયો છે. તુકારામ હરિને ઉદ્દેશીને કહે છે કે જો દેવ ! હું તારી પાસે જે છે તેજ માંગી રહ્યો છું. હું તારી જેમ અમુક વસ્તુ હોય તો પણ કોઈને ન આપું આવો નથી તમારું આ રહસ્ય ગુપ્ત જ રાખવા જેવું છે. લોકોને ખબર પડવી જોઈએ નહિ. મને આ વાત ની બાબતમાં એવું લાગે છે કે તમારા જેવા મોટા લોકનો આવો ગુણ કેવી રીતે પ્રકટ કરવો ? તમે જેમ એકને કંઈક આપ્યું છે તો બીજાને પણ આપવું જોઈએ એ રિવાજ કેમ ભૂલી ગયા છો ? તુકારામ કહે છે કે જ્યાં સુધી તારો આ અવગુણ લોકોમાં જાહેર થતો નથી ત્યાં સુધી તમારે જેટલી જાળવવી હોય તેટલી પોતાની મોટાઈ સાચવી લેજો. પછી હું જવાબદાર નથી.

---

૨૬. એજન, પૃ. ૧૫૮
૨૭. એજન, પૃ. ૧૪૯

તુકારામે ભક્તિની સાથોસાથ ઈશ્વર સાથે લડવા-ઝગડવા સુધીનો સબંધ કેળવી લીધો છે. ચેતવણી આપીને લડવાની વાત કરતાં તુકારામ અહીં આ અભંગમાં પોતાને શ્રીહરિ કરતાંય બળિયા ગણાવે છે. તેમનાં કહેવાનુસાર લડી-ઝગડીને પણ અંતે તો પોતે શ્રીહરિની સેવા જ કરવાના છે. તેથી હરિએ તેમની સાથે સીધારહીને વ્યવહારો કરવા એને જ તેઓ ઉચિત ગણાવે છે. આ અભંગમાં તેઓ કહે છે કે,

- ''नव्हो गाढें आळसी । जोतूं आम्हां पुढे जासी ।
अरे दिलें आम्हां हाती । वर्म वेवादाचें संती ॥
धरोनियां वाट । झालों शिरोमणि थोंट ।
तुका म्हणे देवा । वादें करीन खरी सेवा ॥''[૨૮] (૧૦૮૨)

જો હરિ ! તું મારી પાસેથી છટકી જવા માગતો હોઈશ, પણ હું તને જરાય ખસવા દેવાનો નથી. હું લડવા-ઝગડવામાં શરમાઉં કે પાછો પડું એવો જરાય નથી, પૂરેપૂરો બળવાન છું. હું તારી સાથે વાદવિવાદ કરવાનો મર્મ મને સંતજનોએ શીખવાડી દીધો છે. તુ જે રસ્તે નાસી જવાનો વિચાર કરે છે તે રસ્તાની પણ મને ખબર છે, મારી ત્યાં ચોક્કસ નજર છે. હું ગૂંડાઓનાં શિરોમણી જેવો છું. હું તારી સાથે લડી-ઝગડીને પણ તારી સે વાતો કરવાનો જ છું- એટલુ તું જાણી લે.

સંશયભક્તિની સાથોસાથ જ તુકારામનાં મનમાં ઈશ્વર પ્રત્યેની આસ્થા પણ એટલી જ બળકટ હતી. તુકારામની નિસ્પૃહી એવી એકાગ્ર ઈચ્છાશક્તિમાંથી પ્રગટેલી ભકિત એ સીદાસાદા વ્યક્તિની ભકિત નહોતી પરંતુ એ લડાયક એવા સાહુકારનાં સ્વભાવમાંથી ઊત્પન થયેલી, કોઈપણ સંજોગોમાં પીછેહઠ ન કરે એવી હતી. કોઈનેય પોતાનાં કરી લે એટલી આર્તભકિત, અખૂટ શ્રદ્ધા ઉત્કટ ભાવાવેશથી ઈશ્વરને એ કહે છે કે હવે હું આ પરિસ્થિતિથી પાછળ ખસવાનો નથી, તારું નામ લઈને આગળ વધ્યો છું તો પીછે હઠ તો નહી જ કરું, માટે પણ તારે હવે મને તારવો રહ્યો. એ માટે તુકારામે પોતાને યુદ્ધ ઉપર જતાં યોદ્ધા સાથે સરખાવ્યો છે. ભકિત શ્રદ્ધા અને જ્ઞાન રૂપી હથિયારોથી સજ્જ થયેલા યોદ્ધાની જેમ કાંતો જીતીને પાછું ફરવું અથવા મૃત્યુને ભેટી મોક્ષ પામવો એવું ઉદાહરણ આપ્યું છે. જેમકે,

- ''रणी निधता शूर न पाहे माधारे ।
ऐसा मज धीरे राख आता ॥
संसारा हाती अंतरलो दूरी ।
आता कृपा करी नारायण ॥

---

૨૮. એજન, પૃ. ૨૨૧

वागवितो तुझिया नामाचे हत्यार ।
हा चि बडिवार मिरवितो ।।
तुका म्हणे मजे फिरता माधारे ।
तेथ उणे पुरे तुम्ही जाणा ।।''[२९] (२६५७)

તો બીજી તરફ પોતાને જ વ્યાભિચારિણી સ્ત્રીનું રૂપક આપી વિરહીભાવ વ્યકત કરતો અભંગ પણ એટલી જ સહજતાથી આપે છે. તેમાં તુકારામનો સ્ત્રીભાવ વ્યકત થયેલો જોઈ શકાય છે. એક તરફ પોતાને તુકારામ બળિયો ગણાવે છે, હરિનો દાસ કહેવડાવે છે, બાળક ગણાવે છે તો કયારેક વ્યાભિચારિણી તરીકે પણ આલેખે છે. તેમાં તુકારામની પાત્રો તરીકે પોતાને લેવાની વિશિષ્ટતા છતી થાય છે. તેમાં રહેલું વૈવિધ્ય તેમને સર્જક તરીકે સ્થાપવામાં ઉપયોગી નિવડે છે. જેમકે

''हाचि नेम आतां न फिरे माधारीं ।
बैसले शेजारीं गोविंदाचे ।।
धररिधी झाले पट्टराणी बळे ।
बरिलें सावळे परब्रह्म ।।
बळियाचा अंगसंग झाला आतां ।
नाहीं भय चिंता तुका म्हणे ।।''[३०] (३३९८)

તુકારામ કહે છે કે હવે હું ગોવિંદના પલંગ સુધી જઈ પહોંચ્યો છું. ત્યાથી કયારેય પાછો ફરવાનો નથી. હું તો તેના ઘરમાં જઈને તે શ્યામળા પરબ્રહ્મની સાથે પરણીને બળજબરીથી તેની પટરાણી બની બેઠો છું. હવે જગતમાં સૌથી બળવાન એવા શ્રીહરિનાં અંગને સેવ્યા પછી મને કોઈનાથી યે ભય, ચિંતા રહ્યા નથી. હું આવા સ્વરૂપમાં જ હરિ પાસે સર્વકાળ રહીશ, હવે હું પાછો સંસારમાં આવવાનો નથી. આ મારો નિર્ણય અફર છે.

પણ, આ તમામ કાલ્પનિક સંવાદો કે ભક્તિસભર રોષ તુકારામે સાચા મનથી કર્યો નહોતો. આ જાણે કે એક પ્રેમકલહ જ હતો. નિરાશાથી, દુઃખી અવસ્થામાં પોતે કરેલા આવા નિષ્ઠુર વચનોનો તેમજ પોતે ઈશ્વર ઉપર કરેલાં પ્રહારો-ટીકાઓની, આરોપોની પોતે જ ઈશ્વર પાસે માફી પણ તેમણે એટલી જ આદ્રતાથી માગી છે, પોતાનાં માટે ક્ષમા યાચના કરી છે. આવા ક્ષમાયાચક અભંગોમાં પણ એટલી જ નરમાશ, ભાવવિવશતા અને પોતે ઘણું ખોટું કર્યુ છે તેવો અપરાધભાવ પણ સુંદર રીતે નિરૂપાયેલો જોવા મળે છે. તુકારામમાં કડકાઈ, ઈશ્વરને પણ ઝાટકી નાખે તેવો ક્રોધ અને માનવસહજ

૨૯. એજન, પૃ. ૫૫૬
૩૦. એજન, પૃ. ૭૧૨

એકબીજા ઉપર દોષારોપણ કરવાનો સ્વભાવ -જેવા વિવિધ મનોભવો તેમની આ સાધક દશામાં તેમનાં કવિત્વમાં અને તેમની ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની બળકટ ઈચ્છાને કારણે ઘણા અસરકારક રીતે વણાયેલા જોઈ શકાય છે. સાથેસાથે ભકત સહજ સમર્પિતભાવ પણ છતો થાય છે.

ઝગડીને પણ ભક્તિ પૂર્વક ક્ષમા આપીને તુકારામે પાડુરંગનો પૂર્ણપણે સ્વીકાર કર્યો જ છે. ઉલટાનું ઝગડ્યા પછી જાણે કે ઈશ્વર સાથેનું તેમનું અંતર દૂર થયું હોય એવું પણ કદાચ તેમણે અનુભવ્યું હશે. એવી જ રીતે ઈશ્વરને પણ આવો પરમભકત મળ્યાં પછી તેની ભક્તિ જોઈને આનંદ થયો હોવો જોઈએ. નાના બાળકનાં મસ્તભર્યા કરતૂતોથી કયો પિતા ગુસ્સે થાય ! તુકારામે ઈશ્વર સાથે આ અવસ્થામાં જાણે કે પિતૃભાવ-વાત્સલ્યભાવનો સંબંધ જોડ્યો છે. જેમકે...

- ''असो मागें झाले । पुढें गोड तें चांगले ।
  आतां माझे मनीं । काही अपराध न मनीं ।।
  नेदी अवसान । करितां नामाचें चिंतन ।
  तुका म्हणे बोलें । तुज आधींच गोविलें ।।''[૩૧] (૧૨૧૭)

તુકારામ જાણે અત્યાર સુધીના ઝગડાનો અંત લાવવા માગતા હોય એવી રીતે કહે છે કે આજ સુધી તો જે થયું: તે ભલે થયું પણ આજ પછી હવે હું તમને ફક્ત મીઠા અને ઉચિત વચનોજ સંભળાવીશ. એટલા માટે હવે મારાથી આજ સુધી જે કાંઈ અપરાધ થયા હોય તેને તમે મનમાં લાવતા નહિ. તમારુ નામ ચિંતન કરવામાં મને એક ક્ષણવારનો પણ વિસામો લેવા દેશો નહિ. તુકારામ કહે છે કે આ વચનથી તો મેં તમને પહેલાંથી જ બાંધી લીધા છે હવે મને માફ કરો.

– ''कृपावंता कोप न धरावा चितीं ।
  छळु वक्रोकित स्तुती करुं ।।...
  तुका म्हणे तुझ्या पायावरी सदा ।
  मस्तक गोविंदा असो माझ्या ।।''[૩૨] (૧૮૫૮)

હે કૃપાવંત મારા વિશે મનમાં ગુસ્સો લાવશો નહી હુ તો નાના બાળક જેવો ગમે તે બોલી ઉઠુ છું. તને હેરાન કરુછું, તારી મજાક કરતો રહુ છું. પણ હવે મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. તેથી હવે હું મારુ માથું તારા ચરણે મૂકીને તારે શરણે આવ્યો છું. નાદાન બાળક સમજીને તું મને માફ કરે એટલી માંગણી હું તારી સમક્ષ કરુ છું.

– ''तुका म्हणे मायबाप । मज वरि कोपो नका ।।'' (૨૭૬૩)

---

૩૧. એજન, પૃ. ૨૫૮
૩૨. એજન, પૃ. ૩૯૧

મારા નાથ, મારા જેવા નાસમજ અજ્ઞાનીએ તમારી ઉપર કશું સમજ્યા વગર આરોપો કર્યા હોય તો તમે મોટું મન રાખીને મને માફ નહીં કરો ? મારી ઉપર ક્રોધ ન કરો, મને તમારી શરણમાં લો

અને ઉપરથી તુકારામ એમ પણ કહે છે કે વિઠ્ઠલ ! આ તો મારો તમારી સાથેનો પ્રેમકલહ છે. મારો આશય તમને દુભવવાનો નહોતો. મેં તો ખરેખર ક્યારેય તમને દુભવ્યા નથી. અહીં તુકારામનો શ્રીહરિ સાથેનો રિસામણાં-મનામણાં કરવા જેટલો સંબંધ વ્યક્ત થાય છે. તેમાં સખ્યભાવ, દાસ્યભાવ, વાત્સલ્યભાવ એમ અનેક ભાવો એકપછી એક વ્યક્ત થયેલા જોવા મળે છે. આવી લડાઈ-આક્ષેપો અને અંતે પોતાની હાર કબુલી તુકારામ ઈશ્વરને ઉચ્ચપદે સ્થાપે છે, તેમાં પણ તેમની ભક્તિ જ સમાયેલી છે. આત્મિયતા અનુભવીને કોઈને પોતાનાં કરવા એ પ્રેમાળ હૃદયનું જ કામ હોઈ શકે . અહી સાચા ઉગ્ર ઝગડાનું કોઈ સ્થાન જ નથી રહેતું.

મહારાષ્ટ્રમાં ભક્તિ અને જ્ઞાનને કારણે, આદરથી પૂજાતા નામદેવ પણ આરંભમાં આવા જ આર્તભક્ત હતા. ઈશ્વરનાં સાક્ષાત્કાર માટે તેમણે પરાકાષ્ઠા ભરી આર્જવતાથી વિનવણીઓ કરતા અભંગો રચ્યા છે. તેમની સાથે તુકારામની આ આર્તભક્તિ ભર્યા અભંગોની તુલના કરતા नामाचा तुका (નામદેવના તુકારામ) કહેવામાં આવે છે. નામદેવની જેમજ તુકારામ શરુઆતમાં આર્તભક્ત અને પછી જ્ઞાનીભક્ત-જ્ઞાની કવિ બન્યાછે. નામદેવે તુકારામને સ્વપ્નમાં આવી પોતાનું અધુરુ કાર્ય પૂરુ કરવા માટે કહ્યું હતું. (નામદેવનાં ચરિત્રનો અભ્યાસ કરતા જણાયુ કે નામદેવે ''शतकोटी अभंग'' રચવાની પ્રતિજ્ઞા લીધી હતી. જે તેમનાં જીવનકાળ દરમ્યાન પુરી થઈ નહોતી તેથી તુકારામે આ પ્રતિજ્ઞા પુરી કરવા માટે બાકીનાં અભંગોની રચના કરવી એવો આદેશ નામદેવે આપ્યો હતો. જેમા વિઠ્ઠલની સંમતી હતી. જોકે તુકારામે રચેલા અભંગોને કારણે નામદેવે-તુકારામે રચેલા અભંગો 'શતકોટી' થયા કે નહી એ પ્રશ્ન ઉભો થાય છે. પણ આ પ્રશ્ન અહી અસ્થાને લેખાશે.)

સાધક અવસ્થામાં તુકારામે જે સાધના અને વાંચન કર્યું હતું એ તમામનું બુદ્ધિગમ્ય રીતે વાસ્તવિક-સાક્ષાત અનુભૂતિ તેમને કરવી હતી. ઈશ્વરની સર્વવ્યાપકતાનું જ્ઞાન મેળવીને આ સમગ્ર જગતને બ્રહ્મરૂપે જોવાનું અને એ પ્રમાણે જીવનમાં પરિવર્તન લાવવાની તુકારામની ઉત્કટ ઈચ્છા હતી. બ્રહ્મરૂપ સાદૃશ થયા પછીની આદર્શ જીવનની તેમની કલ્પના કેવી હતી તે આ અભંગ ઉપરથી જણાય છે.

— ''ऐसे भाग्य कधी लाउता होउॅन ।
अवधेदेखे जन ब्रह्मरुप ।
भग तया सुखा अंत नाही पार ।
आनंदे सागर हेलावती ।
शांति क्षमा दया मूर्तिमत अंगी ।
परावृत संगी कामादिकां ।
विवेकासहित वैराग्याचे बळ ।
धगधगितो ज्वाल अग्नि जैसा ।
भक्ति नवविधा भाव शुद्ध बरी ।
अलंकाराबरी मुकुटमणि ।
तुका म्हणे माझी पुरवी वासना ।
कोण नारायण तुजविण ।।''[33]

(२४६८)

ઈશ્વર નિરાકાર છે છતાંય જે આકારમાં ભક્ત એને જુએ છે તેઆકારમાં ઈશ્વર તેને દર્શન આપે છે તેવી તુકારામની શ્રદ્ધા હતી. સાક્ષાત્કારની ઘડી નજીક આવી રહી છે એવું દર્શાવતી ઘટનાઓ બનવા માંડી હતી. અને હવે તો ઈશ્વરમને દર્શન આપશે જ એવી દૃઢ આશા, તુકારામનાં મનમાં જાગી હતી. તે કહે છે ''હે નારાયણ, ગોવાળિયાઓએ પોતાની પુણ્યવાન આંખોથી તને જોયો છે તો તું કેવો હોઈશ ? ગોવાળિયાઓની આંખો ભાગ્યવાન કે તેઓ સ્વયં ભાગ્યવાન કે જેમણે તારું સ્વરૂપપાન કર્યુ છે. હવે મને પણ એવું ભાગ્ય મળે એવી ઈચ્છાને કારણે તારું દર્શન કરવા-તારો સાક્ષાત્કાર કરવા માટે મારો જીવ લોભીયો થયો છે. તારું પ્રત્યક્ષ રૂપ જોયા પછી એ દર્શનનું સુખ કેવું પરમાનંદ આપનારું હશે એવી કલ્પઆનોમાં મારુ મન ભટકી રહ્યું છે.

— ''तुका म्हणे देसी आलिंगन ।
अवस्था ते क्षणाक्षणा होते ।। (२५५६)

તું મને આલીંગન આપી રહ્યો છે એવી અવસ્થા હવે મને ક્ષણેક્ષણે વર્તાઈ રહી છે. અને પછી એક દિવસે.

— आदि अंता असे मध्यभाग ।
भावते भासे मग उच्चासन ।
भावारुढतुका झाला ऐकाएकी ।
देवच लौकिकी अवधा–केला ।।''[34] (१३२९)

---

૩૩. એજન, પૃ. ૫૧૭
૩૪. એજન, પૃ. ૨૭૯

જેનો આદિ, મધ્ય અને અંત છે, સમગ્ર વિશ્વની આસપાસ ચોફેર એવું ઈશ્વરી તત્વ છે અને આ તમામ કરતાં ઉચ્ચ આસને બેઠેલા એવા ઈશ્વરનો તુકારામને ભાસ થાય છે અને તેઓ અચાનક ભાવવિવશ થઈ ઉઠે છે. અત્ર-તત્ર-સવત્ર ઈશ્વર જ વિલસે છે એવું તેમને લાગે છે. આ એક અસધારણ ભાવ છે. તુકારામ જેવા સત્પુરુષ અચાનક ભાવવશ થાય છે તથા એમને એવી અનુભૂતિ થાય છે કે જાણે,

— आंत् हरि बाहेर हरि ।
हरिने घरी कोडिलें ।
हरिने कामा धातला चिरा ।
चित्तवरा मुकविले । हरिने जीवे केली साटी ।
पडिली तुटी सकळांसी ।
तुका म्हणे वेगळा नव्हे ।
हरि भावे भोवताला ॥''[૩૫] (१२५०)

હરિનાં ઘરમાં જાણે કે આપણે પુરાઈ ગયા છીએ. બધી શારિરીક ક્રિયાઓ અટકી ગઈ છે, ભૌતિક સંપત્તિ તુચ્છ લાગી રહી છે, હરિએ આપણાં જીવ સાથે અદલાબદલી કરીને આપણાં જીવને જ હરિમય, હરિરૂપ બનાવ્યું છે. ભૌતિક સૃષ્ટિનાં દરેક સંબંધો છૂટી ગયા છે- તૂટી ગયા છે અને આપણી ચોફેર હરિ જ ફરી રહ્યો છે. પોતે હવે હરિથી જુદા નથી.

એક દિવસે નામદેવ કહ્યાં મુજબનાં સ્વરૂપનાં હરિ દર્શનની જે ઉત્કંઠાથી તુકારામ રાહ જોતા હતા તેવું અપૂર્વ દર્શન-સાક્ષાત્કાર તેમને થયો.

— ''पैल आले हरि । शंखचक्र शोभे करी ।
गरुड येतो पुडत्कारे । ना भी ना भी म्हणे त्वरे ।
मुगुट कुंडलाच्या दीप्ती । तेजे लोपलां गभस्ति ।
मेघश्याम वर्णहरि । मूर्ति डोळस साजिरी ।
पीतांबर झाळके कैसा । उजळल्या दाही दिशा ।
तुका झालासे संतुष्ट । धरा आलें वैकुठपीठ ॥''[૩૬] (१५९६)

ગુરુડ ઉપર બેઠેલા, શંખચક્ર ધારણ કરેલા, મુગટ-કુંડળની દિપ્તીથી જાણે સૂર્યને પણ ઝાંખો પાડી દે તેવા તેજોમય, ગળામાં વૈજ્યંતિમાળા ધારણ કરેલા પીતાંબરથી દશે દિશાઓમાં પ્રકાશ

૩૫. એજન, પૃ. ૨૬૨
૩૬. એજન, પૃ. ૩૩૫

પાથરતા, ચતુર્ભુજ મેઘશ્યામ વર્ણના સુંદર શ્રીહરિનું દર્શન તુકારામને થયું અને ઘરમાંજ સાક્ષાત વૈકુંઠ ઉતરી આવ્યું છે એ જોઈને તેમનાં મનમાં એક પરમ શાંતિ અને તેજોમયતાનો અનુભવ થાય છે. તેઓ એકાએક સ્થિર થઈને સુખાસનમાં આવી ગયા હોય એવું અનુભવે છે.

— ''हिरा शोभला कोंदणी ।
जडित माणिकांची खाणी ॥
तैसा दिसे नारायण । मुख सुखाचें मंडण ॥
कोटी चंद्रलीला । पूर्णिमेच्या पूर्ण कला ॥
तुका म्हणे द्रष्टि धाये ।
परतोनि आधारी तेन ये ॥''[૩૭] (૪૭૫)

માણેકનાં ઢગલામાંથી જેમ હિરો તરત ઝળકી ઉઠે તેમ નારાયણનું દર્શન થયું. પુનમની રાત્રે જેમ ચંદ્ર સોળેકળાએ ખીલી ઊઠે છે એવા કરોડો ચંદ્રની તેજોમય દીપ્તીનો પ્રકાશ હરિનાં આનંદમય મુખ ઉપર છવાયેલો હતો. આ રૂપ જોઈને મારી દષ્ટિ સ્થિર અને હૃદય શાંત થઈ ગયું.

તુકારામની આ અવસ્થાનું નિરૂપણ તેમણે ઘણાં અભંગોમાં કર્યુ છે. શ્રીહરિનાં સાકાર સ્વરૂપનું નિરૂપણ અત્યંત સુંદર, વિવિધ ઉપમા-અલંકારોથી કરીને તુકારામે પોતાની કવિત્વ શૈલી તેમજ યોગ્ય શબ્દભંડોળનો આપણને પરિચય કરાવ્યો છે.

આટલી આર્તભક્તિ, દુઃખો, કષ્ટો વેઠયા પછી, વાંચન-સાધના કર્યા પછી, ઈશ્વર સામે તેના આસ્તિત્વનો પ્રશ્ન ઉભો કર્યા પછી તેની ઉપર આટ-આટલા દોષારોપણો કરી, પોતે કરેલાં આવા કૃત્યો બદલ માફી માંગી, ક્ષમા યાચી પોતાને માફ કરવા માટેની વિનંતીઓ કરી. જ્યારે તુકારામની ઈશ્વરનાં સાક્ષાત્કારની એક ભકત હઠ જ્યારે પુરી થઈ, ઈશ્વરે તેમને પોતાનો સાક્ષાત્કાર કરાવી દર્શન આપ્યાં ત્યારનાં મનોભાવો કહેતાં તુકારામની જાણે કે જીભ સિવાઈ જાય છે. કશુંય બોલી શકવાની પરિસ્થિતિમાં રહેતા નથી.

- ''तुझे रुप पाहतां देवा ।
सुख झालें भाझ्या जीवा ।
हे तों वाचे नारायणा ॥''[૩૮] (૧૧૬૪)

ઈશ્વરનાં સાક્ષાત્કારનો આનંદ તો અવર્ણનિય જ હોય છે. કરોડો ચંદ્રની સોળેકળાની ક્રાંતિ જેટલાં પ્રકાશમય એવા નારાયણનાં દર્શનને કારણે ''नारायणा चें मुख सुखाचें मंडन'' (નારાયણનું મુખ જોતા જ સુખની શરુઆત થઈ ગઈ) સુખ પ્રાપ્ત થાય છે. પણ આ સુખને વાચાથી કહી શકાય તેમ નથી, તેનું વર્ણન બોલીને કરવું શકય નથી એમ તુકારામ કહે છે.

---

૩૭. એજન, પૃ. ૩૯૬
૩૮. એજન, પૃ. ૨૪૧

બ્રહ્મ દર્શનને કારણે તુકારામનાં મનમાં સાત્વિકભાવ પ્રગટયો. મનનો તરફડાટ શાંત થયો, એક સ્થિર અવસ્થા આવી. આ અવસ્થા જેણે ભોગવી હોય એજ તેને સમજી શકે છે. પોતાની આ સ્થિતિનો અનુભવ જણાવતાં તુકારામ કહે છે કે જગતનો અંધકાર દૂર થયો અને સર્વત્ર ધવલ પ્રકાશ-તેજનો પ્રસાર થયો. આ તેજને, જ્ઞાન પ્રકાશ એવું નામ આપવામાં આવ્યું છે. ''તેને ''तत शुभ्रं ज्योतिषा ज्योतिः तद्यत् आत्मविदा विदुः (मु.२–२–९) ઉપનિષદોમાં વર્ણવવામાં આવેલી શુભ્ર જ્યોતિ કહી શકાય. આત્મજ્ઞાન થયેલાને જ તેનો અનુભવ થવો શકય છે. એ તેજ સામે કશુંય છુપાવી શકાતું નથી. સમગ્ર વિશ્વમાં પ્રસરેલા આ પ્રકાશમાં નામરૂપનાં ભેદ વિલિન થઈ જાય છે અને જે જ્ઞાનથી-ભક્તિથી સભર હોય તેજ ટકી શકે છે. તેને સમજી શકાતું નથી કારણકે તે અવર્ણનીય છે. આ અવસ્થામાં જીવને અંતિમ સત્યની જાણ થાય છે અને જીવનું જીવપણું જઈને તે પોતે જ એક તેજપુંજ બને છે. અને

- ''आनंदाचे डोहि आनंदतरंग ।
  आनंदचे अंग आनंदाचे ।
  काय सांगो जो कांहिचियां बाही ।
  पुढे चाली नाहीं आवडीनें ।।''(૩૨૫૧)

આ આનંદના અતિરેક ભર્યા આવેગમાં આનંદનાં જ તરંગો ઊઠે છે અને દેહભાન પણ ન રહે એવી અવર્ણનીય સ્થિતિ થઈ જાય છે. પણ આ સ્થિતિ એવી છે કે એને એજ ચાલ્યા કરે તેમાં કોઈ અંતરાય ના આવે એવું મન ઈચ્છે છે. આ આંતરિક અવર્ણનિય આનંદનું આંતબાહ્ય પરિણામ શું આવ્યું તે અંગે તુકારામ જ કહે છે કે

- ''स्थिरावली वृत्ति पांगुळला प्राण ।
  अंतरीची खुण पावूनियां ।
  पुंजाळले नेत्र जाले अर्धोन्मीलित ।
  कंठे सप्रद्वित रोमांच आले ।
  चित्त चाटाकले स्वरुपामाझारी ।
  न निघे बाहेरी सुखावलों ।।
  सुनील प्रकाश उदैजला विन ।
  अमृताचे पान जीवनकला ।
  राशि सूर्या झाली जीवे ओवाळणी ।
  आनंदा दाटणी आनंदाची ।
  तुका म्हणे सुखें प्रेमासी डोलत ।
  वीरलों निश्चित निश्चितीनें ।। (૪૧૫૯)

યોગેને કારણે થયેલા સાક્ષાત્કાર અને ભક્તિને કારણે થયેલા સાક્ષાત્કારમાં શું સામ્ય હોય છે તે ઉપરનાં અભંગમાંથી જાણી શકાય છે. અંતરમાં સાક્ષાત્કાર થાય એટલે મનોવૃત્તિ સ્થિર થાય છે અને પ્રાણ જાણે કંઠે આવી જાય છે. મન અને પ્રાણનો જય થાય છે. સાક્ષાત્કારનાં તેજપુંજને કારણે નેત્રો અર્ધબિડાય છે. કંઠ ગદ્દ્ગદ્ થઈ ઉઠે છે અને શરીરે રોમાંચ ફરી વળે છે. આત્મસ્વરૂપમાં વિલિન થયેલું ચિત્ત સુખસ્વરૂપમાંથી જાણે કે બહાર નિકળવા માંગતું નથી. નીલશ્યામ એવા પ્રકાશનાં તેજપુંજથી અજ્ઞાનની અઘોર એવી કાળી રાત દૂર થાય છે અને આત્મજ્ઞાનભર્યો દિવસ ઉગે છે. જીવની સાથે જ ઈડા અને પિંગળા નાડીઓ સુષુમ્ણામાં વિલીન થાય છે અને સર્વત્ર આનંદની અભૂતપૂર્વ લીલા રચાય છે. તુકારામ કહે છે કે 'એ સુખથી ભરેલો, પ્રેમથી ભરેલો એવો હું ડોલવા લાગ્યો અને મારું જીવ-અસ્તિત્વ એ પરમ સ્વરૂપમાં નિશ્ચિતપણે વિલિન થઈ ગયું. સાક્ષાત્કારને કારણે દ્વૈત નિરપેક્ષ અને અદ્વૈતાનુભૂતિનું વર્ણન તુકારામે આ અભંગમાં સુપેરે કરેલુ જોવા મળે છે.

''रक्तश्वेत कृष्ण पीत् प्रभा भिन्न ।
चिन्मय अंजन सूदलें डोळां ॥
तेणे अंजनगुणें दिव्य झालीं द्रष्टि ।
कल्पना निवाली द्वैताद्वैत ॥
देशकाल वस्तु भेद मावळला ।
आत्मा निर्वाळिला विश्वाकार ॥
न जाला प्रपंच आहे परब्रह्म ।
अहंसोहं ब्रह्म आकळलें ॥
तत्वमसि विद्या ब्रह्मानंद सांग ।
तें चि झाला अंगे तुका आता ॥(४३१३)

વિવિણ વર્ણોના પ્રભાવથી જુદુ લાગતું ત્રિગુણાતીત એવું ચિન્મય તત્વનું અંજન આંખોમાં આંજવાથી દિવ્ય દષ્ટિ પ્રાપ્ત થઈ અને તેને કારણે દ્વૈતા દ્વૈતની સાપેક્ષ કલ્પનાઓ પણ નહિવત્ થઈ ગઈ. સ્થળકાળ અને અન્ય ભેદ-ભરમ ભૂંસાઈ ગયો તથા વિશ્વાકાર આત્મસ્વરૂપમાં દેખાવવા લાગ્યો. પરબ્રહ્મ કરતા જુદો એવો આ પ્રપંચ પહેલા ક્યારેય નિર્માણ થયો નહોતો. આ વાતને ધ્યાનમાં લેતા 'अहं ब्रह्मास्मि' અને 'तत्वमसि' જેવા મહાવાક્યોએ આપેલું બ્રહ્મજ્ઞાન અને બ્રહ્માનંદમાં તુકારામ એકાકાર થઈ ગયા. તુકારામે અદ્વૈત તત્વજ્ઞાન સ્વાનુભવથી મેળવ્યું હતું એ આપણે જોઈ શકીએ છીએ.''[૩૯]

૩૯. સાક્ષાત્કારી, સંત તુકારામ, ડૉ. શંકર દામોદર, પેંડસે કોન્ટિનેન્ટલ પ્રકાશન, પુના, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પૃ.૩૫-૩૬

ઈશ્વરનાં સાક્ષાત દર્શનની પોતાની ઈચ્છા પુરી થયાને કારણે તુકારામનાં મનની અશાંત પરિસ્થિતિ એકદમ શાંત થઈ ગઈ. પોતાને ધન્ય અને કૃત્યકૃત્ય થવાની અનુભૂતિ થઈ. આવો કૃત્યોદ્‌ભાવ દર્શાવતા અનેક અભંગો તેમણે રચ્યા છે. તેમાંથી કેટલાંક અભંગોમાં ભક્તિની સાથેસાથે જ્ઞાન અને બ્રહ્મની સ્તુતી પણ જોવા મળે છે. જેમકે,

- घेतले नुतरी उचलोनि कडिवरी ।

तुका म्हणे धांस मुखी धाली ब्रह्मरस ॥[४०] (४७१)

પાંડુરંગ એવી માતા છે કે જે ભકતરૂપી બાળકને કેડ ઉપર ઊંચકી લીધા પછી ક્યારેય નીચે મુકતી નથી તેના મુખમાં બ્રહ્મરૂપ/બ્રહ્મરસપૂર્ણ એવા કોળિયા ભરાવીને તેની ભૂખ શાંત કરતી જ રહે છે. तुमचे जालिय दुरुषण । जन्ममरण नाहीं आता ॥ (६१२) હે ઈશ્વર તમારા દર્શન થવાથી જન્મ-મરણનાં ફેરામાંથી હું મુકત થયો છું. દેહભાવ બદલાઈ ગયો છે. ''अविनाश असे हे धन कधीच न संपणाहे आहे।'' અવિનાશી એવું આ આનંદનું ધન કયારેય ખૂટે એવું નથી. હવે મારો તમામ સમય બ્રહ્માનંદમાંજ પસાર થઈ રહ્યો છે. સ્વપ્નમાંપણ હું ચિંતા કરતો નથી. બ્રહ્મરસનાં ભોજનને કારણે હવે હું શાંત છું. ખુશ છુ.

ઈશ્વરનાં સાક્ષાત્કાર પછી હવે હું વિષય-વાસનાથી છૂટી ગયો છું. મારા અંગેઅંગમાં બ્રહ્મરસનો સંચાર થયો છે. મારી વાણીને ઈશ્વરનાં નામનો છંદ લાગ્યો છે અને જેમ ગંગા સાગરમાં ભળી જાય છે અને તે પોતે પણ સાગરમય બની જાય છે તેવી રીતે મારી તમામ વૃત્તિઓ પણ 'अवघ्या जाल्या ऊर्मि एकमय' ઈશ્વરમય બની ગઈ છે. બ્રહ્મનો નાદ કે તેની અનુભૂતિની વાતો કહેવાથી સામાન્ય મનુષ્યને કશુંક અજુગતું લાગે છે પણ તુકારામ કહે છે કે મને અંદર-બહાર વિઠ્ઠલ જ દેખાય છે અને મારું અંતર બ્રહ્મરસથી શાંત થઈ ગયુ છે. તુકારામની આ અનાહતનાદની અને તેને કારણે થનારી તુપ્તિનાં અભુવની અનુભૂતિ ખૂજ મહત્વની છે. સ્થળકાળમાં પરબ્રહ્મ સાથે સમરસ થવાને થાય છે.

સર્વવ્યાપકતાની અનુભૂતી અનુભવે છે. એમની દટિએ હવે સઘળે હરિ વિલસી રહ્યા હોય એવું લાગે છે.

ઈશ્વરે પોતે પોતાનું અસ્તિત્વ બતાવ્યાં પછી તુકારામ દષ્ટા થયા હતા બ્રહ્માગ્નિ તેમણે પોતાનાં દેહનું દહન કર્યું. જેને તેઓ 'हवन केला'(હવન કર્યા) એમ કહેછે અને પછી તો દેહભાન ભૂલીને

---

૧૩. તુકારામની અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ.૪૭૧

– ''तुका म्हणे आतां आनंदी आनंद ।
गोविंदी गोविंदी विस्तरला''। (२६७०) જ્યાંત્યાં ગોવિંદ જ ગોવિંદ વિસ્તરેલો હવે નજરે પડે છે.

– 'पांडुरंगे सत्य केला अनुग्रह ।'
निरसोनी संदेह बुद्धिभेद ।
जीवशिवा सेज रचिली आनंदे ।
आउठावे पदीं आरोहण ।
निजी निजरुपी निजविला तुका ।
अनुहाते बाळका हल्लरु गाती ॥''[४१](४३२७)

તુકારામ કહે છે, બુદ્ધિભેદ કરનારા બધા સંદેહોનું નિરસન કરીને, સત્યથી માહિતગાર કરીને પાડુરંગે ખરેખર મારા ઉપર અનુગ્રહ કર્યો છે. તુકારામનાં ગુરુએ સ્વપ્નમાં તેમને 'रामकृष्णहरि'નો મંત્ર આપ્યો હતો. આ મંત્રનો જપ કરતા કરતા યોગમાર્ગે થતી બ્રહ્મૈક્યની તુકારામે ભક્તિમાર્ગે પ્રત્યક્ષ પાંડુરંગની કૃપાથી મેળવી હતી. જેને કારણે જીવશિવ જ્યાં એકરૂપ થાય છે એવા તુકારામ આરુઢ થાય છે.

જ્યાં જીવશિવ એકરૂપ થાય છે તેવી સ્થિતિ ૐ કારને કારણે ઉભી થાય છે. તેથી જીવને મુક્તિ મળે છે. અહીં જીવને કૈવલ્યમુક્તિ મળે છે. ભ્રમરના ગુંજારવ પ્રમાણે અહીં એક અનંતનાદ સંભળાય છે અને આ અનંતનાદનો ઉલ્લેખ તુકારામે આ અભંગમાં 'अनुहाते बालका हल्लरु गाती' ચરણમાં કર્યો છે. 'निजरुपी निजविला तुका' આ ચરણમાં તુકારામે જીવ શિવ ઐકમની સ્થિતિનો ઉલ્લેખ કર્યો છે.

બ્રહ્મનાં સાક્ષાત્કાર પછી તુકારામના જીવનમાં ઘણું મોટું પરિવર્તન આવ્યું હતું. આ અવસ્થામાં તેમણે પોતાનું મૃત્યુ જાતે જ જોયું અને પોતાનો પુનર્જન્મ પણ થયેલો જોયો. દેહનિરપેક્ષ એવો આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થયા પછી 'મારો દેહ' અને 'હું' પણાનો ભાવ નષ્ટ થયો. સ્થૂળદેહે શરીર હોવા છતાંય જાણે તે શબવત બન્યુ અને તે શબ તેમણે સ્મશાનમાં ચિતા ઉપર મુકાયેલું તે જોયું. શરીરમાં આશ્રય લેનારો દેહ અહંકાર નષ્ટ થયેલો જોઈને કામ-ક્રોધ-માયા કલ્પાંત કરવા લાગ્યા. ચિતા ઉપર મુકાયેલાં પોતાના શબ ઉપર વૈરાગ્યરૂપી છાણાં મુકી જ્ઞાનરૂપી અગ્નીથી જીવભાવ સાથે તેનો અગ્નિ સંસ્કાર કર્યો. શરીર રૂપી માટલું ફોડીને જાણે 'तत्वमसि' મહાવાકયનો ઉચ્ચાર કરીને પોક મુકી પછી દેહ સાથે સંલગ્ન એવા નામ રૂપોને તિલાંજલી અપાઈ. આમ, જે રીતે જેણે શરીર આપ્યું હતુ તેને એ શરીર પાછું અર્પણ કર્યુ. ત્યારબાદ તુકારામ કહે છે કે એ નશ્વર દેહની રાખ બની અને ગુરુકૃપાથી

૪૧. એજન, પૃ. ૫૭૦

તેમાંથી સાક્ષાત્કારનો દીપ પ્રજ્વલીત થયો. એક વખતે પોતાના પણાનો જે અહંકાર હતો, દેહાભિમાન હતું એવું શરીર આત્મજ્ઞાન રૂપી અગ્નિથી ભસ્મીભૂત થયું. એ સમગ્ર ઘટનાનું રૂપકો દ્વારા અત્યંત સુરેખ વર્ણન તુકારામે આ અભંગોમાં કર્યુ છે. તુકારામનો આ મૃત્યુપ્રસંગ તેમના કવિત્વ, તત્ત્વજ્ઞાનને પ્રદર્શિત કરતો હોવાથી ઘણો મહત્વનો છે. લંબાણ હોવા છતાંય તેની ભાષા અને અર્થના મહત્વને કારણે આખો પ્રસંગ અહી મૂક્યો છે.

– ''झाला प्रेतरुप शरीराचा भाव । लक्षियेला ठाव स्मशानींचा ॥
रडती रात्रं दिवस कामक्रोध माय । म्हणती हायहाय यमधर्म ॥
वैराग्याच्या शेणी लागल्या शरीरा । ज्ञानाग्नि लागला ब्रह्मत्वेंसी ॥
फिरविला घट फोडिला चरणीं । महावाक्य ध्वनीं बोंब झाली ॥
दिली तिळांजुळी कुळनामरुपासी । शरीर ज्याचे त्यासी समर्पिले ॥
तुका म्हणे रक्षा झाली आपोआप । उजळीला पाप गुरुकृपा ॥ (१८९६)

– आपुले मरण पाहिलें म्यां डोळां । तो झाला सोहळा अनुपम्य ॥
आनंदे दाटली तिन्ही त्रिभुवन । सर्वात्मकपणें भोग झाला ॥
एकदेशी होतो अहंकारे आथिला । त्याचा त्याग झाला सुकाळ हा ॥
फिटलें सुतक जन्ममरणाचें । मी माझा संकोचें दुरी झालों ॥
नारायणे दिला वसतीत ठाव । ठेवूनियां भाव ठेलों पायी ॥
तुका म्हणे दिले ऊमटूनि जगीं । घेतले ते अंगी लावूनियां ॥ (१८९७)

– बोळविला देह आपुलेनि हातें । हूताशिलीं भूते ब्रह्माग्नीसीं ॥
एक वेळे झालें सकळ कारण । आता नारायण नारायण ॥
अमृत संजीवनी निववली खाउं । अंगे तये ठायी हारपलीं ॥
एकादशी विध जागरण उपवास । बारवा दिवस भोजनाचा ॥
अवधी कर्मे झाली घटस्फोटापाशी; । सबंध एकेसी करला नामीं ॥
तुका म्हणे आतां आनंदी आनंदु । गोविंदे गोविंदू विस्तारिला ॥''[૪૨] (१८९८)

પોતાના મૃત્યુ પ્રસંગ/અગ્નિદાહ પ્રસંગ ને પોતાની જ નજરે જોનાર તુકારામ આગળ વધતાં કહે છે કે,

૪૨. સાર્થ શ્રી તુકારામગાથા, સંપાદક : જોગ મહારાજ, ઢવળે પ્રકાશન, મુંબઈ, પંદરમી આવૃત્તિ,જુલાઈ-૨૦૦૩, પૃ.૩૯૫

— पिंडदान पिंडे ठेविले करुन। तिळी तिळवण मुळत्रयीं ॥
सारिले संकल्प एकाचि वचनें। ब्रह्मी ब्रह्मार्पण सेवटीच्या॥
सव्य अपसव्य बुडालें हे कर्म। एका एक वर्म एकोविष्णु ॥
पित्या पुत्रत्वाचे जाले अवसान। जानी जनार्दन अभेदेसी ॥
आहे तैसी पूजा पावली सकळ। सहज तो काळ साधियेला ॥
तुका म्हणे केला अवाध्यांचा उद्धार। आतां नमस्कार शेवटींचा ॥'' (१८९९)

મેં મારા દેહને આત્માનાત્મક વિવેકનાં હાથથી ઊંચકાવીને બ્રહ્મરૂપી સ્મશાનમાં પહોંચાડયો, ત્યાં પંચમહાભૂતનો બનેલો દેહ પરબ્રહ્મનાં બોધરૂપી અગ્નિમાં બળી ગયો. આટલું થયું એટલે મારા બધા જ કાર્યો એકદમ સિદ્ધ થઈ ગયા, પછી મારા માટે ફક્ત નારાયણનું નામસ્મરણ કરવાનું એક જ કામ બાકી રહ્યું હતું. જ્ઞાનાગ્નિ વડે જે ચિતાને મેં સળગાવી હતી તેનો ભડકો અમૃત (મોક્ષ) સંજીવની તૈયાર થઈ ગયા પછી હોલવાયો. મારા આઠે આઠ અંગનો ત્યાં જ નિકાલ થયો. તેથી અનંત જન્મોનું દસ દિવસનું સૂતક મને લાગુ પડનાર નથી. તે પછી અગિયારમે દિવસે મેં એકાદશીનો ઉપવાસ કર્યો, રાત્રે જાગરણ કર્યું અને બીજે દિવસે બારસનાં પારણાં કર્યા. જે ઘડીએ આ શરીર રૂપી માટીનાં ઘડાને પરબ્રહ્મનાં બોધની મદદથી દેવના ચરણ પાસે અફાળીને ફોડ્યો તે ક્ષણથી જ મારા તમામ કર્મોનો ક્ષય થઈ ગયો. હવે તો મારો તેમની સાથે ફક્ત નામનો જ સંબંધ બાકી રહ્યો છે. તુકારામ કહે છે કે એવી ગોવિંદમય વ્યાપ્તિનો મને અનુભવ થયો, એટલે પછી તો મને આનંદ આનંદ થઈ ગયો.

દેહરૂપી પિંડ વડે મેં પિંડદાનની ક્રિયા કરી અને એ દેહના મૂળ એવા ત્રણે ગુણને મેં તિલાંજલી આપી, તે જ તિલાંજલીને મારા હાથમાં લઈને છેવટે બ્રહ્મરૂપી સ્મશાનમાં જઈને 'બ્રહ્માર્પણ' એવો એક શબ્દનાં મંત્રનો ઉચ્ચાર કરીને મેં તમામ સંકલ્પોનો અંત કર્યો. પછી તો આખું જગત વિષ્ણુમય છે એ રહસ્ય મને પ્રાપ્ત થયું પછી સત્ય અને અપસત્ય એવું કશું કરવાનું રહ્યું જ નહિ. સૌ મનુષ્યોમાં જનાર્દનનો વાસ છે એવું જ્ઞાન મને સમજાયું તેથી એકદેશીય પિતાપુત્રનું અભિમાન ઓગળી ગયું. આવા પ્રકારનું પૂજન મેં તેની સ્વાભાવિક સ્થિતિમાં દેવને અર્પણ કરી દીધુ એટલે કાળ તો મારે માટે સહજ સાધ્ય બની ગયો. તુકારામ કહે છે કે પછી મેં સૌનો ઉદ્ધાર કરી દીધો એટલે હવે મારા છેલ્લા નમસ્કાર સૌ સ્વકારી લેજો એવી હું વિનંતી કરું છું.

સામાન્ય માનવી માટે પોતાના મૃત્યુની કલ્પના ભયાવહ હોય છે, દુઃખદાયક હોય છે. માનવીય જીવનમાં મૃત્યુની ઘટના શાશ્વત છે. પરંતુ હવેની અવસ્થામાં તુકારામને પોતાનાં મરણની કોઈ ચિંતા નહોતી, દુઃખ નહોતુ, ભય નહોતો. અવિનાશી એવા આત્મસ્વરૂપની અનુભૂતિ થયા પછી દેહનું કાળક્રમે થનારું મૃત્યુ તેમને ડગાવી કે ડરાવી શકયું નહોતું. આવી અવસ્થામાં પણ તેઓ કહે છે કે,

– ''आम्हां भयचिंता नाही धाक ।
जन्ममरण कांही एक ।
जाला उहलोकीं परलोक ।
आलें सककैक वैकुंठ ॥''[૪૩] (૬૩૦)

શરીરનો ભાવ શબવત્ થઈને તેનો અગ્નિસંસ્કાર થયા પછી તુકારામ માટે ઈહલોક જ પરલોક બની ગયું હતું પોતાની આંખોથી જ તેમણે પોતાનું મૃત્યુ જોયું અને એ વાતનું તેમને દુઃખ સહેજ પણ નથી ઉલટાનું

– ''आपुलें मरण पाहिले म्यां डोळां ।
तो–जाहला सोहळा अनुपम्य ।
आनंदे दाटली तिन्ही त्रिभुवने ।
सर्वात्मकपणे भोग जाला ॥
त्याच्या त्यागे जाला सुकाळ हा ।
फिटले सुतक जन्ममरणाचे ।
मी माझ्या संकोचे दूरी जालो ॥''[૪૪] (૨૬૬૯)

પોતાનું મૃત્યુ તેમને જાણે કે એક મહાઉત્સવ જ જણાયુ હતું. આ મૃત્યુને કારણે ત્રિભુવનમાં આનંદ વ્યાપી ગયો હતો. અત્યાર સુધી આ આનંદ તેમનાં દેહ પુરતો જ સિમીત હતો. તેનો લોપ થવાથી પોતે સર્વવ્યાપી થયા અને એ સર્વવ્યાપકતાનો આનંદ પોતે માણવા લાગ્યા.

તુકારામનાં જીવનનો આ મૃત્યુનો અનુભવ એ એક મોટો મહત્વનો વળાંક જ કહી શકાશે. આ અનુભવ પછી તેમની પોતાનાં ઉપરાંત અન્યોને જોવાની, દુનિયા જોવાની દષ્ટિ જ જાણે સમૂળી બદલાઈ ગઈ હતી. શરુઆતની સાધક અવસ્થામાં જગતમાં વ્યાપેલી અરાજકતા, કુટિલ વ્યવહાર, પોતાનું જીવન અને સંસારથી તેઓ ત્રાસી ગયા હતા. તેનાથી વિમુખ થઈ ગયા હતા. આ બધી માયાજંજાળ છોડી જંગલના એકાંતમાં જવું સારું એમ તેમને લાગતું હતું 'प्रचंच परमार्थ संपादन दोन्ही । दोन्ही निदानी न घडे त्यासी' પરમાર્થ સંપાદન પ્રચંચ અને પરમાર્થ બને એકસાથે શક્ય નથી એવો તેમનો મત થયો હતો. તેમનો આ મત સાધકાવસ્થાની દષ્ટિથી યોગ્ય પણ હતો. સંસારીક દુઃખોથી સંસાર છોડી દેવાની જરૂર નથી કારણકે આ દુઃખમય સંસારમાં પણ ગોવિંદનું અસ્તિત્વ તો છે જ, તો પછી એનાથી ભરેલા આ સંસારથી ભાગવું શા માટે ?

---

૪૩. એજન, પૃ. ૧૨૬
૪૪. એજન, પૃ. ૫૫૮

આમ, તુકારામનાં મનમાંથી સંસારનો ભય નષ્ટ થયો અને સંતકૃપાથી તેમને સંસાર અને સંસારની બહાર પણ અસ્તિત્વ ધરાવતા એવા ગોવિંદના પ્રેમનું સુખ પ્રાપ્ત થયું. આ અવસ્થાનું એક મહત્વનું પરિણામ એ આવ્યું કે, ઈશ્વરનાં સાક્ષાત્કારથી તૃપ્ત થયેલાં તુકારામને પહેલાં જે જીવનનો, સંસારનો કંટાળો આવ્યો હતો એ જીવન હવે જ્ઞાનરૂપી પ્રકાશથી પ્રકાશિત થયેલું જણાયું હતું. તેથી જીવન તરફનું એમનું ખેંચાણ શરુ થયું, સંસારમાં વળીને જોવાની એમની ઈચ્છા થઈ. પોતાના સિવાયનાં બીજાઓનો હવે વિચાર આવવા લાગ્યો હતો. પોતે જે કષ્ટો સહ્યાં છે, જે દુ:ખોથી અન્ય લોકોને પણ હવે દુ:ખમુક્ત કરવા, એમનાં માટે કંઈક કરવું, એમને પણ પોતાની જેમ ઈશ્વરભક્તિનો, બ્રહ્મનો રસ્તો બતાવી જીવનનાં આ મહત્વના પાંસાથી માહિતગાર કરવા એવું લાગ્યું. પોતાનું પેટ ભરાઈ ગયું, તૃપ્તિ મળી ગઈ એટલે હવે અન્યોનું મારે શું કામ એવો એમને વિચાર આવ્યો નહી, જે તેમની મૂઠી ઊંચેરી સિદ્ધતા દર્શાવે છે. પોતાની અભંગવાણીથી વિઠ્ઠલરસ પાઈ દરેકને બ્રહ્માનંદથી પરિચિત કરવા એવી એમની વૃત્તિ થઈ. તેમને માટે કશું કરીને કંઈક મેળવવાનું હવે બાકી રહ્યું નહોતું પણ એટલે જ હવે અન્યો માટે કંઈક કરીને જીવન વ્યતિત કરવું એવી એમની ઈચ્છા થઈ. એક સાચા જ્ઞાનીભક્તની જેમ હવે તેમનામાં સંસારનાં લોકોની તેમનાં દુ:ખોને દૂર કરવાની, એક માતાની જેમ કાળજી લઈને, યોગ્ય માર્ગે ચીંધવાની જરુર જણાઈ. કદાચ ''ગીતામાં જે જ્ઞાનોત્તર કર્મ કહેવાય છે તેનુંઆજ સ્વરૂપ હોઈ શકે. જે માર્ગે જતાં લોકોને નિરંતર-અવિનાશી સુખ અને શાંતિ મળે એ માર્ગે જવા માટે સ્વાનુભવ પૂર્ણ ઉપદેશ આપવાનું અને એને કર્મયોગ ગણીને આચરણમાં ઉતારવાનું તુકારામે હવે નક્કી કર્યું હતું.

'अणुरणीयां थोकडा । तुका आकाशाएवढा ।
गिळुनि सांडिलें कळिवर।
जीव प्रभाचा आकार ।
सांडिली त्रिपुटी । दीप उजळला घटीं।
तुका म्हणे आतां । उरलो उपकारापुरता ॥' (૯૯૩)

(કઠોપનિષત્-૨-૨૦) આ ઉપનિષદનાં યંત્રનો પડઘો આ અભંગોમાં સાંભળી શકાય છે. ''आणोरणीयान् महतो महीयान आत्मास्य जन्तोर्निहितो गुहायम्–'' જેવો જ અર્થ આ અભંગ ધરાવે છે. અણું કરતાં સુક્ષ્મ અને આકાશ કરતાં વ્યાપક એવો પરમાત્મા જીવમાત્રનાં હૃદયમાં વસે છે. જે 'अक्रतु' એટલે કે ભૌતિક વિષયોથી, વાસનાથી રહિત થાય છે તેમની શાંત બુદ્ધિને જ આ પરમાત્માનું મહત્વ સમજાય છે અને તેઓ 'वीतशोक' બને છે. 'तत्र को मोह : को शोकः' એવી એમની સ્થિતિ થાય છે.''[૪૫] હવે આ શ્લોકનાં સંદર્ભે તુકારામની સ્થિતિ સમજીએ. સાક્ષાત્કાર પછી તુકારામની આવી જ અવસ્થા થઈ. જીવ અને પરમાત્માનાં ઐક્યનું જ્ઞાન થવાથી તેઓ અણું પ્રમાણે સુક્ષ્મ અને આકાશ જેટલાં વ્યાપક થયા. દેહ એટલે હું-મારું એવી સંકુચિત ભાવના નષ્ટ થઈ ગઈ.અને 'ભવ'-જન્મ-જીવન એટલે જન્મમરણની પરંપરા એ આત્મા વિશેના અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલી ભ્રામક કલ્પના

૪૫. મહારાષ્ટ્ર સારસ્વત લે.વિ.લ.ભાવે ચોથી આવૃત્તિ, પૃ. ૬૭૩

છે એનું તેમને ભાન થયું. તેથી હવે સંસારનો ભય ન રહ્યો. કારણકે આત્મસ્વરૂપને જન્મમૃત્યુ નથી. ઈશ્વરથી જીવ જુદો નથી (જીવશિવઐકય) તેને કારણે ધ્યેય, ધ્યાતા, ધ્યાન જેવી ભેદાત્મક ત્રિપુટીનું નિરસન થયું અને તેમના હૃદયમાં પરમાત્મારૂપી જ્યોતિનું પ્રજવલન થયું. પ્રકાશનો સાક્ષાત્કાર થયો અને હવે તુકારામ ઉપકાર કરવા જેટલાં જ સિલક બચ્યા.''

— ''उपकारा साठीं बोलो हे उपाय ।
येणेंविण काय आम्हा चाड ।
बुडता हे जन न देखवे डोळा ।
येतो कळवळा म्हणऊनी ।।''[४६] (૯૪૮)

સંસરામાં દુઃખી અજ્ઞાનથી પીડિત એવા લોકોને શક્ય એટલાં ઉગારવા માટે, જ્ઞાન રૂપી અજવાળામાં પ્રકાશનું સામર્થ્ય બતાવવા માટે તુકારામ હવે સંસાર તરફ વળ્યાં, જોકે આવી પરિસ્થિતિમાં પણ તેમનું ચિત્ત ભક્તિમાં તો હતું જ. ઈશ્વર સાથેનો તેમનો સંબંધ હવે વધુ ગાઢ બન્યો હતો. પોતે પોતાની જાતને ઈશ્વરાધીન કરી દીધી હતી. અને પછીનાં પોતાનાં જીવનનું–જીવન કાર્યનું દાયિત્વ તેમણે ઈશ્વરની ઈચ્છાને આધીન કર્યુ હતું.

કાયાવાચનમન બધુ ઈશ્વરને અર્પણ કરી ઈશ્વર પ્રેમ થી જેવી પ્રેરણા આપે તે પ્રમાણે જીવવાનું, એ પ્રમાણે વર્તવું, જેવું રાખે તેવું રહેવું એવો સમર્પણ ભાવ રાખી તુકારામ જાણે ઈશ્વરની કોઈ કાર્ય કરવાની આજ્ઞાની રાહ જોવા લાગ્યા પણ હવે શું કરવું એ સમજ ન પડવાથી ભય પણ અનુભવવા લાગ્યા.

— ''जन वन आम्हा समानचिं झालें ।
काम क्रोध केले पावटणी ।।

કામ, ક્રોધ છોડી દીધા પછી (એની ઉપર વિજય મેળવ્યા પછી) હવે સંસારમાં રહેવું અને જંગલના એકાંતમાં રહેવું એમને સરખું જ લાગવા માંડ્યું. સાધક અવસ્થામાં જનસંસર્ગછોડીને વનમાં એકાંતમાં જવાની જે ઈચ્છા થતી હતી એ પણ હવે રહી નહી ષડ્વિકારો ઉપર કે મનોશત્રુઓ ઉપર પોતે વિજય મેળવ્યો છે તે કેવળ ઈશ્વરનાં સામર્થ્યને કારણે જ શક્ય બન્યો છે એવું તે સ્વીકારે છે. હવે તો ઈશ્વર રુપી સ્વામી જે આજ્ઞા કરશે તે પોતે દાસ રૂપે સ્વીકારી લેશે એવી ઈશ્વરને વિનવણી કરી પોતે સેવકની જેમ હવેશું કરવું–તેની આજ્ઞાની રાહ જોઈ રહ્યા છે એવો ભાવ વકત કરે છે.

— ''म्हणऊन तुका अवलोकनी पाय ।
वचनाची पाहे वाट एका ।। (૧૦૧૬)

ઈશ્વરના ચરણોનું ધ્યાન ધરીને પોતાનાં ભાવી કર્તવ્ય વિશે ઈશ્વર તરફથી પ્રેરણા મળે તે હેતુથી તુકારામ રાહ જોવા લાગ્યા હતા. અને એ વખતે એ તેની આજ્ઞા પણ તેમને ભગવદ્ ચરિત્રમાંથી જ મળી એવું કહી શકાય.

૪૬. તુકારામની અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ–૧૯૫૦, પૃ.૪૯૩

## ૩.૨ સર્જકની કૃતિઓ- કાવ્યકળાની દૃષ્ટિએ

તુકારામને સાક્ષાત્કાર થયા પછી તેમનાં સર્જનને વેગ મળ્યો હતો. તુકારામનું સર્જન તેમનાં સામાજિક દષ્ટિકોણ, સમાજની તત્કાલીન પરિસ્થિતિઓ અને તે અંગેના તેમનાં પ્રતિભાવો- આ બધાથી સમાંતરે ચાલ્યું છે. તુકારામના સર્જનમાં કવિત્વ સમાજને અનુલક્ષીને રહ્યું હોવાને કારણે અહીં પ્રથમ તેમનાં સમાજ અંગેનાં દષ્ટિકોણનો વિચાર કર્યા પછી જ તેમની કૃતિઓની કાવ્યકળાની દષ્ટિએ ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણેએ સ્વમુખે કહ્યા મુજબ ''धर्म संस्थापनार्थाय, विनाशायचदुष्कृताम, सभवामि युगेयुगे' નો મર્મ હવે તુકારામ સમજતા હતાં. ધર્મનું રક્ષણ કરવાની અને તેને પુનઃ સ્થાપન કરવા માટે ઈશ્વર જન્મ લે છે. હવે ઈશ્વરનું કાર્ય એજ ભકતનું કાર્ય કે કર્તવ્ય હોઈ શકે એવું તુકારામ સમજી ગયા. એમની આ સમજ એ વખતનાં વર્તમાન સમાજની પરિસ્થિતિ જોતા જાણે કે વધુ દ્રઢ બની. પોતે ધર્મપ્રમાણે આચરણ કરીને અન્યોને ઉપદેશ આપવાનો જેમને પરંપરાથી અધિકાર એ સમયમાં હતો, એવા સમાજનાં આગેવાનો જેવા બ્રાહ્મણ-ક્ષત્રિયો તમામ પ્રકારનાં દુષણોનો ભોગ બન્યા હતા. તેઓ ધર્મચ્યુત થયા હતા અને ભળતી જ બાબતોને ધર્મ સમજી બેઠા હતા. આ બાબતનું તુકારામને ઘણું દુઃખ થયુ, તેમનો જીવ કકળી ઉઠયો સમાજમાં વ્યાપેલા આ દંભને, ઢોંગને, નિર્મૂળ કરવા માટે, સુધારણા માટેનાં પ્રયત્નો કરવા એ તેમણે પોતાનું કર્તવ્ય સમજી લીધું, પોતાનો ધર્મ સમજીને એ પ્રમાણે હવે જીવનને દિશા આપી. (આ તબક્કામાં એટલે કે તુકારામને સાક્ષાત્કાર થયા પછી, જ્ઞાનની પ્રાપ્તિ પછી જ્યારે તેઓ સમાજ તરફ વળે છે ત્યારની સમાજિક પરિસ્થિતિનો અહીં ઉલ્લેખ જરૂરી છે. જે પરિસ્થિતિ ઉપર તુકારામે પ્રહારો કર્યા છે, પોતાનાં મનોભાવો વ્યકત કર્યા છે એ પરિસ્થિતિમાં તુકારામનાં સમય કરતા (બ્રહ્મજ્ઞાન પહેલા-જીવનનાં પૂર્વાર્ધ) વધારે કોઈ ફેરફારો થયા નહોતા. (પ્રકરણ-૧માં મહારાષ્ટ્રની સામાજિક સ્થિતિનાં વર્ણનોમાં અને અહીં આપેલાં વર્ણનોમાં ઝાઝો ફેર નથી. છતાંય વિહંગાવલોકન કરવું જરૂરી છે માટે એમાનાં કેટલાક મુદ્દાઓનું અહીં પુરાવર્તન કરું છું.)

તુકારામે ધર્મ એટલે શું એ વિશેની લોકોની વિકૃત કલ્પના જોઈ. ભક્તિનાં નામે ટીંલા-ટપકા કરી, ગળામાં માળાઓ ધારણ કરેલા ભકતો જોયા ધર્મનું આખું સ્વરૂપ સમૂળુ બદલાયેલું જોઈને તેઓ કકળી ઉઠ્યા. જે ખરેખર પૂણ્ય હતુ તેને પાપ ગણવામાં આવતું હતું અને પાપ એટલું આગળ વધ્યું હતુ કે તેને પૂણ્યનું સ્વરૂપ આપી દેવાયું હતુ, અને તેજ ધર્મ તરિકે બળવાન બની રહ્યું હતું. બ્રાહ્મણો ઉપદેશ આપી, તેનું આચરણ કરી લોકોમાં સંસ્કાર સીંચવાને બદલે અન્ય કાર્યો તરફ આકર્ષાયા હતા.

એકબીજાની ઈર્ષા કરવી, ચાડી કરવી, ઝગડયાં કરવું, ધર્મના નામે ભોળાં-નિર્દોષ લોકોને ફસાવી એમની પાસેથી સતત કંઈ લેવાની વૃત્તિ વધી પડી હતી. એટલું જ નહી પરંતુ લોકો

– ''संता नाहीं मान । देव मानी मुसलमान ।
ऐसे पोटाचे मारिले । देवा आशा विटंबळे ।
घाली लोटांगण । बंदी नीचाचे चरण ।
तुका म्हणे धर्म । न कुळे मा जल्याचा भ्रम ॥''[૪૮] (૩૨૭૨)

તત્કાલીન રાજકીય પરિસ્થિતિને કારણે સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ ઉપર શું પરિણામ આવ્યું હતું તેનું યથાર્થ ચિત્રણ તુકારામે અભંગોમાં કર્યું છે. પેટ માટે પારકા એવા પરધર્મીઓની સેવાચાકરી કરતા તત્કાલીન લોકોની મનઃ સ્થિતિનું એમાં વર્ણન છે. પોતાના સ્વધર્મનું અને પોતાની એવી સ્વસંસ્કૃતિનું સંરક્ષણ- જતન કરનારા સંતોને આવા ભ્રષ્ટ લોકો ગણકારતા નથી. કારણકે, તેમની દૃષ્ટિએ આવા સંતો એ સમાજનાં કનિષ્ઠ વર્ગનાં લોકો છે. પોતાને ઉચ્ચવર્ણનાં કહેવડાવતા આવા લોકો પોતાનાં સ્વકીય સંતોને માન-આદર આપતા નથી પરંતુ જેઓ સ્વદેશ અને સ્વધર્મ ઉપર આક્રમણ કરીને તેનો નાશ કરી રહ્યા છે એવા મુસલમાનોને જ આદરથી જુએ છે. આનું કારણ એ છે કે ભૂખથી પિડીત, સ્વાભિમાન શૂન્ય, લાચાર એવા આ લોકો એવું વિચારી રહ્યા છે કે મુસલમાન સત્તાધીશોની સેવા કરવાથી, તેમને ખુશ રાખવાથી જ આપણે પણ સુખી-સંપન્ન થઈ શકીશું. આવા સ્વાભિમાનશૂન્ય લોકો પરધર્મીઓને દંડવત પ્રણામ કરતા પણ અચકાતા નથી. સ્વધર્મનાં સાધુ-સંતોને તેઓ તુચ્છ ગણી રહ્યા છે. પોતાને ધાર્મિક તરીકે ઓળખવાતા લોકોને સાચા ધર્મની સમજણ જ નથી. તેઓ પારકી સત્તાનું સેવન કરીને, તેમની ચમચાગીરી કરીને મેળવેલી સત્તાના નશામાં મસ્ત હતા. તેમની મતિ ભ્રષ્ટ થઈ ગઈ હતી.

આવી જ માનસિકતા ધરાવતા લોકો ઉપર રામદાસ સ્વામીએ પણ કટાક્ષ કરતા કહ્યું છે કે 'साहेबा लोटांगणी जावें ।

વર્ણપ્રમાણે પ્રાપ્ત થયેલાં કર્તવ્યો લોકોએ છોડી દીધા હતા. જેને જેમ ફાવે તેમ કરે. કથા-પુરાણોનું વાંચન હવે કંટાળા જનક બનતું જતું હતું. કોઈપણ ધનવાન વ્યક્તિને અતિશય આદર-પ્રેમથી જોવાતો જ્યારે 'अपमानिते वेद पाठक। सात्विक शास्त्रज्ञ संपन्न।' વેદોનું પઠન કરનારા સાત્વિક વૃત્તિના મનુષ્યનું અપમાન કરવામાં આવતું હતું. પિતા-પુત્ર પાસેથી સેવા લેવાને બદલે પુત્ર-પિતા પાસેથી અને વહુ-સાસુ પાસેથી પોતાની સેવા કરાવતી હતી.સાચા હરિદાસોને પ્રણામ કરવામાં કષ્ટ અનુભવતા લોકો પોતાનાં સ્વાર્થ માટે મ્લલેચ્છોને, અધિકારીઓનાં સેવકોને પણ વંદન કરવા લાગ્યા હતા. ધાર્મિક ભ્રષ્ટાચાર વધવાથી સમાજમાં સડો પેઠો હતો અને દૂષણોએ માઝા મુકી હતી.

– 'जपतपादि साधनें । आचरणें भ्रष्टली'

---

૪૮. એજન, પૃ. ૩૭૯

બ્રાહ્મણો બધી જાતનો વેપાર કરવા માંડ્યા હતા. શૂદ્રો સફેદ રંગના કપડાં પહેરવાનું છોડીને ભૂરાં કપડાં પહેલા લાગ્યા હતાં.

– गीता लोपली गायत्री ।
भरले चमत्कार मंत्री।

ગીતા તેમજ ગાયત્રી નો મંત્રજાપ છોડીને બ્રાહ્મણો મંત્ર-તંત્રનાં રવાડે ચડ્યા હતાં. વેદોનું અધ્યયન છોડીને પંડીતો મુસ્લિમ ધર્મગ્રંથોનું વાંચન કરવા માંડ્યા હતાં.

સંતો એ જે ભવિષ્યવાણી ભાખી હતી તેનું પ્રત્યક્ષ ઉદાહરણ તુકારામે જોયું અને અનુભવ્યું. પુરાણોનો સાચો અર્થ લુપ્ત થયો હતો અને કેવળ શાબ્દિક જ્ઞાનને કારણે જ આ સાચા અર્થનો નાશ થયો છે. તેવી

– पिटु भकितचा डांगोरा। कळिकाळासी दरारा।।
तुका म्हणे करा। जयजयकार आनंदे ।।[૪૯] (૫૨૦)

જે કલિકાળને કારણે સાચા ધર્મનો લોપ થઈને અધર્મ અને પરધર્મ પ્રબળ થયો છે તેવા કલીકાળનો નાશ થાય એવી રીતે હવે અમે ભક્તિનો ઢંઢેરો પીટવાના છીએ એવો અમે ભક્તિની મદદથી ઉપાય કરવાના છીએ. માટે ઈશ્વરની ભક્તિનો જયજયકાર કરો.

વિઠ્ઠલભક્તિના સરળ અને સુખરૂપ માર્ગનો સંદેશો લોકો સુધી પહોંચાડવા માટે જ ઈશ્વરે મને મોકલ્યો છે. પોતાના જીવનકાર્યની પ્રેરણા શ્રી વિઠ્ઠલ પાસેથી જ મને મળી છે એવી સમજણ આપીને પછી તે કહેવા લાગ્યા,

– धर्म रक्षावया साठी। करणें आटी आम्हांसि।।
वाचा बोलो वेदनीति। करु संती केले तें।।
न बाणतां स्थिति अंगी। कर्मत्यागी लंडतो।
तुका म्हणे अधम त्यासी। भक्ति दूषी हरिची ।।[૫૦]

તુકારામનો આ અભંગ ઘણો મહત્વનો છે કારણ તેમાં તેમના જીવનકાર્ય તથા ઉપદેશનું સુત્રરૂપે કથન છે. આ અભંગમાના ધર્મ, વેદનીતિ, કર્મ, હરીની ભક્તિ આ બધા શબ્દો ઘણાં અર્થપૂર્ણ છે. તેને કારણે જે ભક્તિનું મહત્વ તેમણે પોતાના અન્ય અભંગોમા વર્ણવ્યું છે એવી ભક્તિનું સ્વરૂપ આ અભંગમાં સચોટ રીતે સ્પષ્ટ થાય છે. પહેલી વાત તો એ કે તુકારામની આ બધી ખટપટ ધર્મના રક્ષણ માટે છે. લોકો સ્વધર્મથી વિમુખ થયા છે. સમાજનાં આગેવાનો કહેવાતા એવા બ્રાહ્મણો-

૪૯. એજન, અભંગ નં. ૫૨૦
૫૦. એજન, અભંગ નં. ૨૬૦

ક્ષત્રિયો પણ રામ-રામને બદલે દોમદોમ કહેવા લાગ્યા છે. સ્વધર્મના ગ્રંથોનું વાંચન છોડીને પરધર્મનાં ગ્રંથોનું ચિંતન કરી રહ્યા છે. અને આ સ્થિતિ કોઈ પણ પ્રજા માટે, સંસ્કૃતિ માટે ભયાવહ છે. આ પરિસ્થિતિને બદલવા અને સ્વધર્મનું રક્ષણ કરવા માટે તુકારામે હવે કમર કસી છે અને ઈંટ ઉપર ઉભેલા વૈદિક જ્યોતિનાં પ્રકાશ તરફ, વિઠ્ઠલ મૂર્તિની ભક્તિ તરફ લોકોનું ધ્યાન દોરવાનું શરૂ કર્યું. આ તમામ કામગીરી માટે ભક્તિ એજ ધર્મસંરક્ષણ માટેનું મુખ્ય સાધન હતું.

ધર્મ રક્ષણ માટે સામાજિક રીતે પ્રજાનું ઉત્થાન જરૂરી હતું અને એ માટે તુકારામે પોતાની ધર્મરક્ષણ અંગેની સ્પષ્ટતા જાતે જ કરીને કહ્યું છે કે અમે ધર્મરક્ષણ કરવાના છીએ એટલે વેદોએ જે નીતી અને સદાચરણનો માર્ગ કહ્યો છે તે જ અમારી વાણીથી કહેવાના છીએ. અત્યાર સુધીનાં સંતો જે કરતાં આવ્યા છે તે જ કરવાના છીએ. તેમણે જે વૈદિક ભક્તિમાર્ગ ચીંધ્યો છે તેની ઉપર જ અમે ચાલવાના છીએ. વેદો કેવળ વાંચીને જ સમજાતા નથી. વેદોને સમજ્યા વગર અન્યોને તેનો સાચો-ખોટો ઉપદેશ આપવાનો અધિકાર કોઈને નથી, એવું તુકારામ ભારપૂર્વક કહે છે.

— वेदांचे गव्हर न कळे पाठकां।
अधिकार लोका नाही देश।।[५१]

વૈદિક ભક્તિમાર્ગનો હેતુ લોકો ભૂલી ગયા છે તેની જાણ કરવા માટે અને તેનું સાચું સ્વરૂપ બતાવવા માટે જ મને વૈકુંઠથી મોકલ્યો છે.

— वेदांचा तो अर्थ आम्हांसीच ठावा ।
येरानी वाहावा भार माथा ।।[५२]

એવો તુકારામનો આત્મ વિશ્વાસ હતો. કર્મયુકત ભક્તિને જ ભાગવત ધર્મ કહેવાય છે એ વાત એકનાથે સ્પષ્ટ કરેલી છે. દેહનાં કર્મો પ્રમાણે વર્ણાશ્રમમાં આપણો જે વર્ગ હોય તે વર્ગના કર્તવ્યો પુરા કરીને ઈશ્વર ચરણે ધરવા એવી ભાગવત ધર્મની વ્યાખ્યા એકનાથે કરી છે. પણ ભક્તિનો અને કર્મનો કોઈ સંબંધ જ નથી એવું માનનારો એક વર્ગ ત્યારે પણ હતો અને એવું માનનારાઓની તુકારામે સખત શબ્દોમાં ઝાટકણી કાઢી છે.

— न बाणता स्थिति अंगी ।
कर्म त्यागही लंड तो
तुका म्हणे अधम त्यासी भक्ति दूषी हरीची ।।[५३]

---

૫૧. એજન, અભંગ નં. ૫૧
૫૨. એજન, અભંગ નં.૨૨૬૬
૫૩. એજન, અભંગ નં.૨૬૦

આત્મજ્ઞાન થયા વગર, આત્મ સ્વરૂપમાં મગ્ન થવાની પરમસ્થિતિ જેને પ્રાપ્ત થઈ નથી અને કેવળ જે દેખાડા માટે, દંભી ભક્તિ કરે છે તથા દેખાડાભરી-દંભી ભક્તિ માટે કર્મનો ત્યાગ કરે છે તેને તુકારામ અતિ લુચ્ચો ગણાવે છે. આવા માણસને તુકારામે અધમ કહ્યો છે અને આવા લોકો હરિભક્તિનાં માર્ગને દૂષિત કરે છે એમ પણ કહ્યું છે. વળી ઉમેરે છે કે આવા ઢોંગીઓ ભક્તિને સંન્યાસની સાથે સરખાવીને પોતાના કર્તવ્ય-શૂન્ય આચરણથી ભક્તિમાર્ગ વિશે સામાન્ય લોકોમાં ગેરસમજ વધારે છે. આ દેહકર્મો વિશેનું સ્પષ્ટીકરણ પણ તુકારામ પોતે જ કરે છે.

– ''वेदविहित तुम्हीं आर्उका हो कर्मे।
बोलतो ती वर्मे संतांपुढे।
चारी वर्ण जाले एकाचिये अंगी ।
पाप पुण्य जगी विभागिले।''[૫૪]

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણો એક જ પરમેશ્વરનાં અંગરૂપ છે. જે તે વર્ણનાં જે કર્તવ્યો વેદોએ કહ્યા છે તે કર્તવ્યો પુરા કરીને ભક્તિ કરવી જોઈએ. આંબો, બોર, વડ, બાવળ અને ચંદન વગેરે વૃક્ષો ભલે અલગ-અલગ હોય, દરેકનાં ગુણધર્મો ભલે ભિન્ન હોય પરંતુ એ બધામાંનો અગ્નિ તો એક જ છે. એ પ્રમાણે ભિન્ન ગુણોને કારણે વર્ણભેદ પણ થયા હોય છતાંય આ સૌમાં એક જ પરમેશ્વર તત્વ રહેલું છે. જ્ઞાની મનુષ્યો વિધિ નિષેધાતીત - હોવાને કારણે કર્મ ન કરે તો કદાચ ચાલી શકે પણ બાકીનાઓએ તો પોતાનાં સામાજિક, આર્થિક અને ધાર્મિક એવા કર્તવ્યો કરવા જ જોઈએ. જે તે વર્ણે કર્તવ્યો પુરા કરીને ભક્તિ કરવી એવો તુકારામનો આગ્રહ છે. કર્તવ્યશૂન્ય વ્યક્તિની ભક્તિ સ્વીકારતા ઈશ્વરને સંકોચ થાય છે. આ અંગે તુકારામની ભૂમિકા શંકરાચાર્ય જેવી લાગે છે. તુકારામ ભકત-જ્ઞાની, સમાજસુધારકની સાથોસાથ એક કર્મયોગી વ્યક્તિ તરીકે પણ આપણી સમક્ષ ઉભરી આવે છે.

હવે તુકારામે લોકોને વર્ણભેદ, વેદોક્ત ધર્મની સાચી સમજ આપવાની સાથે સાથે વ્યવહારમાં, અને સમાજમાં પણ સુધારણાનું જાણે કે કાર્ય હાથમાં લીધું. ધર્મનું પાલન કરીને દંભી ભ્રષ્ટાચારી લોકોને ઉઘાડા પાડવાનું કામ પોતાનું જીવનકાર્ય માની લીધું હતું. સ્વભાવમાં એક પ્રકારની કડકાઈ, કઠોરતા લાવીને કોઈ નાના-મોટા, ધનિક-ગરીબ, નીચ-ઉંચ નો ભેદભાવ રાખ્યા વગર, કોઈની શરમમાં આવ્યા વગર આ કાર્ય તુકારામે પાર પાડ્યું હતું. એમ કહી શકાય.

મીણથીયે પોચો આ ભકત જ્યારે પાખંડીઓ ઉપર તૂટી પડે છે ત્યારે વજ્ર થી પણ કઠણ બનીને પોતાની વાણીથી દુર્જનોનાં મર્મસ્થળ ઉપર જ આકરો પ્રહાર કરે છે. તુકારામનાં સમયમાં

૫૪. એજન, અભંગ નં.૫૪

ઢોંગી, ધુતારા જેવા સંતો હતા જે ભોળી જનતામાં ધર્મ વિશેનાં ભ્રામક ખ્યાલોનો ફેલાવો કરી પોતાની સેવા કરાવતા હતા. લોકોનો ધિક્કાર કરતી વખતે તુકારામની વાણી અત્યંત વેધક બને છે. પોતાનાં પેટ ગુજારા માટે અન્યોનાં મોઢામાથી કોળિયો છીનવી લેનારા, ઉભા બજારમાં કથા કીર્તનની હાટડી માંડનારા પોથી પુરાણકારો ઉપર તુકારામ જાણે કે તૂટી પડે છે. ('उष्टया पत्रावळी गोळा करुन' એંઠી પતરાળી ભેંગી કરીને) અન્યોના સારા સર્જનને પોતાનું સર્જન કહેનારા પોતાને ઉત્તમકવિ કહેવડાવનારા અસત્યકવી, કપાળે ટીંલા ટપકાં, ગળામાં માળા ધારણ કરી પોતાનાં અપકૃત્યોનો ઢાંકપિછોડો કરનાર સંત મહંતોને પણ ''मुखी ब्रह्मज्ञान व मनीं धनमान'' નું આચરણ કરતાં જોઈને, અરે તમે તો આવા વેશ ધારણ કરીને ખોટો દેખાડો કરીને ભગવાનનેય છોડતા નથી એવા વાગ્બાણો તુકારામ છોડે છે. પોતાની આજુબાજુ શિષ્યો-સંતોનું ટોળું રાખી પોતાને ગુરુ કહેવડાવતા લે-ભાગુઓ છે. સાચા સંતોનું એકપણ લક્ષણ ન જાણનારાઓ પોતાને સંત તરીકે ઓળખાવે છે ત્યારે તુકારામને તેમને શરણે જનારી ભોળી જનતા ઉપર દયા તો ક્યારેક ધૃણા ઉપજે છે. શૂદ્ર ના સ્પર્શની પોતે અભડાયાનું દુઃખ કરનાર અબ્રાહ્મણ છે એવું તુકારામ કહે છે. થોડી-ઘણી શિક્ષા મેળવીને સભામા વાદ-વિવાદ કરતાં અનુભવ શૂન્ય પોથી પંડિતો ઉપર પ્રહાર કરતાં તુકારામ તેમને ભિક્ષાપાત્ર હાથમાં લઈને ભીખ માંગતા અભાગી જીવ સાથે સરખાવે છે. સમાજમાં કોઈ પણ દાંભીકો, પાખંડીઓ, ધૂતારાઓ, ઢોંગીઓ, પોતાને સંત-પંડિત તરીકે ઓળખાવતા લોકો તુકારામની તીક્ષ્ણ વેધક વાણીથી બચ્યા નથી. સાત્વિક ઈશ્વરની પૂજા-ભકિતને બદલે સમાજ હવે તંત્ર-મંત્ર, દોરા ધાગાઓ,ડાકલાં વગાડીને ધુણનારાઓને શરણે ગયો છે તેથી તુકારામે શક્તિ, માનભાવ, મૌની, પાખંડી, મલંગ, ફકીર જેવા સંપ્રદાયોનો સખત વિરોધ કરી તેમનાં પાંખડ ખુલ્લા પાડ્યા છે. જો કે તુકારામનો સાચો વિરોધ કોઈ સંપ્રદાય કે પંથ ઉપર નહોતો પરંતુ તેના ઓઠા હેઠળ ચાલનારા દંભ અને ભક્તિહીન પાંડિત્ય ઉપર હતો.

અહીં આપણને અખો યાદ આવ્યા વગર રહેતો નથી. બંને સર્જકો એક જ બાબત ઉપર કેટલી સમાનતાથી વિચારે છે એ અહીં સ્પષ્ટ થાય છે. આ જ સમયે કે જ્યારે તુકારામ મહારાષ્ટ્રમાં સમાજનાં અનિષ્ટોની ઝાટકણી કાઢતાં હતા ત્યારે અખો ગુજરાતમાં સમાજનાં દૂષણોને કોરડાં વીંઝતો હતો. બંને જ્ઞાની સર્જકો પોતાના આત્મજ્ઞાન પછી નો ઉપયોગ કે લાભ પોતાના સુધી જ સિમીત ન રાખતા સમગ્ર સમાજને આપવા નીકળ્યા છે. મને મળ્યુ તે મારું એવો સ્વાર્થી અભિગમ ન રાખતાં બધાને બ્રહ્મજ્ઞાન આપવા નીકળેલા આ સંતોએ દાનવીર કર્ણની જેમ પોતાનું સર્વસ્વ (તમામ જ્ઞાન, ભક્તિ) સમાજાર્પણ કર્યું છે. તેઓ ધારત તો પોતાની મસ્તીમાં મસ્ત રહીને પોતાનું જ્ઞાન પોતે જ પચાવતા રહીને જીવન પુરું કરી શકતા હતા. પણ અખો કે તુકારામ એટલાં નિઃસ્વાર્થ હતા કે મારું હવે જે થવાનું હોય તે થાય/થઈ ગયું છે પણ તમે સુધરો, તમે કંઈક મેળવો એવી એમની ભાવના રહી.

હતી. સંતો, જ્ઞાનીઓ એક ચોક્કસ પદે પહોંચ્યા પછી એકસરખું વિચારતા હોય એમ લાગે છે. કારણકે તુકારામનાં ઘણાં અભંગો અખાના ઘણાં છપ્પાઓની સાથે મળતા આવે છે, જેમ કે,

– ચર્ચાવાદમાં તોલે થયો,
  ગુરુ થયો ત્યારે મણમાં ગયો,
– કથા-કીરતન બહુ કરતા ફરે,
  પણ અખા હાંસલ તે લેખે સરે, (કૃપા અંગ)
– અખા વસ્તુ ગૂંગાનો ગોળ,
  તાહા ઉપાય તે માયાની ટોળ
– પોતે હરિ ન જાણે લેશ,
  કાઢી બેઠો ગુરુનો વેશ, (ગુરુ અંગ)
– પોતાના પખાં નવ જુએ,
  અને હાડચામડાં મુરખ ધૂએ (છોત્ય અંગ)
– કવિતા થયે ન કાઢ્યું કર્મ,
  એ પેટ ભર્યાનો લાધ્યો ધર્મ (ખલજ્ઞાની અંગ)
– કથા સુણી શ્રોતા શું ખપ્યો,
  જો ગુણ ગાઈ ગાનારો ન વટ્યો ?
– પંડ પખાળે પૂજે પાહાણ,
  અને મનમાં જાણે હું તો જાણ. (જડભક્તિ અંગ)
– સાચું સાધન શુદ્ધ વિચાર,
  જે હું માહારાનો કાઢે પાર, (જડભક્તિ અંગ)
– તપ-તીરથ દેહ દમવા કાજ,
  જાણ્યું ઉન્નત તનમન આવે વાજ, (દંભભક્તિ અંગ) વગેરે જેવા

અનેક ઉદાહરણોમાં બંને સર્જકોની સમાંતર વિચારધારા જોવા મળે છે.

પરમાર્થનો સાચો માર્ગ શોધનારા ભકતોને તો ઈશ્વર તારે જ છે. પરંતુ આ માર્ગે પહોંચતા પહેલા અધવચ્ચે ભટકી જનારા પ્રમાર્થીઓને તુકારામ કહે છે તમે જેને સંત માનો છોએને માટે ભક્તિ સર્વસ્વ નથી. દેહ એનો દેવ છે. ભોજન એની ભક્તિ છે અને મરણ એજ એની મુક્તિ છે. કોઈને એના સાચા સ્વરૂપની જાણ નથી એટલે ખોટા રસ્તે જઈ રહ્યા છે. જેમને એની જાણ છે છતાંય એ જ રસ્તે જનારાઓને ભાગ્ય ઉપર છોડ્યા વિના કોઈ ચારો નથી. જે પોતે પોતાને ઈશ્વર તરીકે ઓળખાવે છે એવા દંભિકો મોતથી છૂટકારો મેળવી શકાતા નથી.

-“देवे उचलली स्वसुखे मेदिनी આવા ઢોંગીઓથી તો એક ગુણ પણ ઉચકાતી નથી. અમે થયાં એવું જેઓ કહે છે તેમનું મને આશ્ચર્ય થાય છે કારણકે પરમાર્થ તો सती चे वाण છે. (સતીનું રખોપુ) જીવની કિંમત આપીએ ત્યારે પરમાર્થ સુખ હાથમાં આવે છે. કોઈ શૂરવિરનાં હાથમાં શોભનારા શસ્ત્રો કોઈ અભણનાં હાથમાં મુકવાથી તે હાસ્યાસ્પદ જ બને છે. નાક જ ન હોય એવાઓ ચૂંક પહેરીને તે હિરાની છે એવો દેખાડો કરી રહ્યા છે. આ સાધુડાઓ પોતાને ઈશ્વરનાં ગણાવે છે પણ પોતે ઈશ્વરની ઉપાસના કરતા નથી. માન મેળવવા માટે તેઓ ખોટા ભ્રામક ગ્રંથો રચે છે. પણ તેમનું અંતરંગ તો કંઈક જુદુ જ છે. જેમ સાપનો ઉપવાસ, બગલાનું ધ્યાન ઠગાઈથી ભરેલું છે તેવી જ રીતે દાંભિકોનાં અંતરની બુદ્ધિ પણ ઠગાઈથી ભરપુર છે. સાસુનાં મરણથી વહુ જેમ પોંક મૂકીને રડે છે તે બધા જુએ છે. પણ એના અંતરનો ભાવ તો હાશકારો અનુભવતું હોય છે એટલે કે તે બતાવે છે તેના કરતા જુદુ તેના મનમાં હોય છે. કથા સાંભળવા જનારા કથાશ્રવણથી ડોલી ઉઠે છે પણ કથાસાર તેમને સ્પર્શતો પણ નથી. તે જાણે કે એક બહુરૂપીનાં રૂપ જેવું જળની રહે છે. જપ કરવા એટલે ઉંઘવાની જ અવસ્થા છે એવું પણ તુકારામે કહેવાનું બાકી રાખ્યું નથી.

જેઓ પોતે અશુદ્ધ છે એવા દાંભિકોને આખુંયે ત્રિભુવન ખોટું લાગે છે, માયાવી લાગે છે એમા કોઈ આશ્ચર્ય નથી.

તુકારામને આવા माये चे मैंद (માયાથી દોરાતા ઘેટા બકરાં) ગાડરીયો પ્રવાહ જોઈને પોતે એકાંતમાં જ સુખી હતા એવું લાગે છે. જેમ લીમડાનાં ઝાડનાં મૂળીયામાં ગમે તેટલી ખાંડ નાંખો તો પણ કડવાશ તો રહેવાની જ છે એ વાત સ્વીકાર્યે જ છૂટકો છે એવી રીતે ભકિત, જ્ઞાનના પાયામાં ગમે તેટલી દાંભિકતા, આડંબર પૈસો નાંખો તોય ઈશ્વરની પ્રાપ્તિ થવાની નથી એ વાત આ લોકો સમજી લે એ જરૂરી છે. અંતરનો રંગ ક્યારેક તો બહાર પડવાનો જ છે. પછી તમારા ભકતો સમુદાયો ઉપર તમારી શી છાપ પડસે એનો વિચાર કર્યો છે? કોઈ ભુખ્યો માણસ ગમે તેટલાં ઓડકારો ખાય તો પણ તેને તૃપ્તિનો અનુભવ થતો નથી. પેટ ઉપર ચિંથરા બાંધીને ગર્ભવતી હોવાને ગમે તેટલો દેખાવ ઉભો કરો તોપણ पोटि पोर आणि स्तनी दूध - પેટમાં જો બાળક અને સ્તનોમાં દૂધ નહીં હોય તો ફજેતી જ થવાની છે. એવી જ રીતે,,

नेत्री जळ व अतरी बळबळ (આંખોમાં પાણી અને અંતરમાં વ્યથા) નહીં હોય તો તે चावटीचे बोल (નટીના બોલ) જ કહેવાશે.

તુકારામનાં મતે પરમાર્થએ ખાવાનો ખેલ નથી. ગમે તેનું ત્યાં કામ નથી. અહીં તો કોઈ જાતીવંત જ જોઈએ. પણ अनुभवाविण अवधा, शीण અનુભવ વગર બધુ વ્યર્થ છે. એ વાત આ

તુષ્ણોચ્યા મજુરાંના તુષ્ણાના મંજૂરોને ગળે ઉતરતી નથી. આ લોકોની તૃપ્તિની ભૂખ વધતી જાય છે અને તે પૂરી થતી નથી. તેથી અંતે આવા લોકો વિષયાંચે લોલિંગત વિષય વાસનાના કીડા થઈ જાય છે, પોતે ડૂબે છે અને બીજાને પણ ડૂબાડે છે. જે નાવડી પોતે પત્થરની છે તે બીજાને કેવી રીતે પાર ઉતારી શકે. એક થાકેલા પાસે બીજો થાકેલો જાય તો બંનેની ગતિમાં કોઈ ફેર પડતો નથી. તેથી જે પરમાર્થનો સાચો અર્થ સમજ્યો નથી, જેના શરીરે સંતના ચિહ્નો ઉપસ્યા નથી અને અન્યોને ઉપદેશો આપી રહ્યા છે એવા આ ખોટા પિંડ પોષકોની જ્ઞાન ગોષ્ટિ ને આગ લાગે તો પણ શું? એવું પણ તુકારામે અંતિમવાદી વિધાન કહ્યું છે. તેમની વાણીમાં એક પ્રકારની ભેદકતા હોવાથી ઉપહાસ અને ઉદાહરણનો યોગ્ય ઉપયોગ સંતુલીત રીતે જોવા મળે છે. ભકિતનો બજાર ગોઠવીને બેસલા સ્વાર્થી સંતોનાં ગુરુપણાને તુકારામ ધિક્કારે છે. ત્યારે તેઓ વધુ નિષ્ઠુર બને છે.

- भोजन माराव्या पैजारा, (એવા દુષિત અન્નને પેકી દેવું જોઈએ) त्यांचे हाणोनि फोडा तोंड (સેવાઓનું તો મોં તોડી નાંખવું જોઈએ.) અને त्यांचे दिवशी रांड गली महारापाशी (વેશ્યા એ દિવસે શૂદ્ર પાસે ગઈ) એવા કડક શબ્દો દુષ્કર્મો કરનારને દંડવાના આવેશમાંથી પ્રગટ્યા છે એવું જોઈ શકાય છે.

જો કે તુકારામનાં આવા શબ્દો, વાણી–પ્રહારોને કારણે તે સમયનાં દાંભિકો, જુઠાણાંઓ ઉપર યોગ્ય તે અસર પડી હતી કે નહી એ વાત અહીં અસ્થાને પણ છે અને કોઈની દરકાર રાખ્યા વગર પોતાને જે કહેવું હોય તે ચોખ્ખા શબ્દોમાં તુકારામે કહ્યું જ છે. શાણા માણસને સમજાવવા માટે એક શબ્દ પણ પુરતો છે જ્યારે વંઠેલાને તો દંડ પણ કરવો પડે છે. અને આવો દંડ કરવામાં કશું ખોટું નથી, ઉલટાનું પુણ્ય છે. કારણકે તેમનાં જ શબ્દોમાં आडवाटा जाता लावी नीट सोर्ई એ જ ખરી ધર્મનીતી છે. (આડે રસ્તે જનારાને સાચી દિશા એકવાર તો બતાવી જ પડે) કડવો રસ લીધા વગર (દવા વગર) દુઃખ કેવી રીતે દૂર થાય? કડવો રસ પીવડાવનારા વૈદ્ય સામે રોગી મો મચકોડે છે પરંતુ એ જ કડવા રસને કારણે પોતે નિરોગી થશે એ વાત સમજતા નથી. આ કડવા રસ માટે વૈદનો શો વાંક ગુનો છે? તુકારામ કહે છે કે तुमचे पुढे बरे व्हावे म्हणुन ही तीक्ष्ण उत्तरे मी देंत आहे । (આગળ જતા તમે સાચા માર્ગે જઈ શકે, તમારાં ભલા માટે આવા વેધક ઉત્તરો આપું છું. ) તમને ડૂબતા હું ઉઘાડી આખે જોઈ શકતો નથી. તેથી હું મારા તરફથી ઈશ્વરનાં નામે તમને બચાવવાના પ્રયત્નો કરું છું. તમે ઉગરો કે ન ઉગરો પણ હું તો મારા કર્તવ્યો કરવાનું ચાલુ રાખીશ. ગંગાજળ તો વહેતું જ રહે છે. કોઈ તેમાં ડૂબકી મારીને પૂણ્ય કમાવે કે ન કમાવે મારી ઈશ્વરભકિત ચાલુ જ રહેશે.

– "बोलिलों ते काहीं तुमचिया हिता ।
वदन नेणतां क्षमा कीजे ॥
वाट दावी तथा नलगे रुसावे ।
अतित्यायी जीवे नाश पावें ॥
निंब दिला रोग तूटाया अंतरी ।
पोभाळितां वरी आतं चरे ॥
तुका म्हणे हित देखण्यासि कळे ।
पडती आंधळी कृपामाजी ॥"[૫૫]

તુકારામનાં કઠોર વચનો, અને વાણીથી જેમને ગુસ્સો આવ્યો હોય તેમને ઉપર્યુક્ત અભંગમાંથી પોતાનું સમાધાન મળી જાય છે. જેમને આ બધુ ન માનવું હોય અને તુકારામનાં વચનોથી તેઓ દુભાયા હોય તો તુકારામ તેમને ક્ષમસ્વ (માફી માંગવા) માટે તૈયાર જ છે. તુકારામે કરેલા સમાજના દૂષણો ઉપરનાં પ્રહારો એ એક પ્રકારનો તેમનો ઉપદેશ જ છે. ભક્તિ માર્ગના પ્રચાર માટે વિધાયક કાર્યો કરતાં પહેલા સમાજમાં રહેલી ખોટી ભ્રામક કલ્પનાઓ, સંસ્થાઓ તથા સંપ્રદાયોનો એકવાર તો તેમને છેડ ઉડાડવો જ પડ્યો હતો. એકવાર પ્રહાર કરવા છતાંય સુધર્યા નથી તેવાઓને તો અનેક ઘા (મરણતોલ ફટકા – જેવી આકરી વાણી) કરીને સુધારણાનું કાર્ય કર્યું હતું એમ કહી શકાય. આ સંદર્ભે તુકારામને હવે બંડખોર જ્ઞાની કે ઉગ્ર સંત પણ કહી શકાય.

લેખક શ્રી. મ.માટે એ પોતાના "संत पंत व तंत" નામના પુસ્તકમાં "तुकाराम बुवांच्या मनाचे सामाजिक दुखणे" ના પોતાના લેખમાં તુકારામનાં અભંગોમાંથી તેમના મનમાં રહેલી, અભંગોમાં નિરૂપાયેલી એવી સામાજિક બદીઓ અંગેનું દુઃખ વ્યકત કરતી કુલ ૪૭ પંકિતઓ (વચનોનું) નું ચયન કર્યુ છે. જેના ઉપરથી તુકારામની જાતિભેદથી શરૂ કરીને અંતે સર્વભેદાતીત થયાની પ્રક્રિયા સ્પષ્ટ થાય છે.

સંસારના કર્તવ્યોને ભક્તિપૂર્વક પૂરા કરી સમાજનું કલ્યાણ થાય તે રીતે કરી અને અંતે ઈશ્વરની પ્રાપ્તિ અર્થે જ તુકારામે પોતાનો ઉપદેશ આપ્યો હોવાથી તે પૂર્ણપણે સમાજલક્ષી છે એમ કહી શકાય. ભક્તિથી મળતો આનંદ ભોગવવાનો અધિકાર સૌને છે. કીર્તન ભક્તિથી પ્રાપ્ત થનારા આનંદને તેઓ બ્રહ્મરસ તરીકે ઓળખાવે છે. ભક્તિથી મળતા બ્રહ્મરસ માટે કોઈ ભેદભાવ નથી.

– "समाधीचे सुख साडा ओवाळुन।
ऐसे हे कीर्तन ब्रह्मरस ॥" (૧૩૦૪)

---

૫૨. એજન, અભંગ નં.૬૧

અને આ બ્રહ્મરસનું સેવન કરવાનો

– ''ब्राह्मण क्षत्रिय वैश्य शुद्र चांडाळा आहे अधिकारा
बाळे नारी नर आदि करोनि वेश्याही ।।'' (૧૧૪૨)

સમાજમાં આગેવાન ગણાતા એવા ત્રણ વર્ણો ઉપરાંત શૂદ્રો, ચાંડાળ તથા વેશ્યા જેવા સમાજના કનિષ્ઠ ગણાતા લોકો પણ આ ભક્તિરૂપી બ્રહ્મરસ મેળવવાનો અધિકાર ધરાવે છે. સ્ત્રીઓ-બાળકો પણ આ આનંદમાં સહભાગી થઈ શકે છે. તેથી જ તુકારામે

- ''यारे यारे लहानथोर ।
याति भलते नारी नर।।''

કહીને બધાને આહવાન કર્યું છે. આ ભક્તિરસ એટલે કે બ્રહ્મ રસ તો ઈશ્વરનો પ્રસાદ છે. બ્રહ્માદિક વગેરે દેવોને પણ દુર્લભ એવા આ બ્રહ્મરસથી દૂર ના ભાગશે. સંસારમાં રહીને પણ તમે તેનો લાભ લઈ શકો છો.

સર્વત્ર આ બ્રહ્મરસનો વિલસીજ રહ્યો છે, દૈવી પાત્ર માંથી જાણે કે ઠલવાઈ રહ્યો છે. અને તેને લેવાનો દરેકનો સમાનં હક્ક છે.

''જ્ઞાનદેવે પણ આ વાતને પોતાના

- ''या मराठीच्या नगरीत ब्रह्मविद्येचा सुकाळ ।
घेणे देणे सुखचि वरी। हो देई लोका ।।''[૫૬]

શબ્દોમાં વર્ણવીને દરેકને ભક્તિનો સમાન હક્ક આપ્યો હતો.

તુકારામને પણ આ બ્રહ્મરસ સમાજનાં દરેક વર્ગને, વર્ણને, કોઈ પણ ભેદભાવ રાખ્યા વિના સમાન રૂપે વહેંચવો છે. કારણકે સમગ્ર વિશ્વમાં સચરાચરમાં પણ શ્રી હરી જ વ્યાપ્યો છે તો પછી માણસ-માણસમાં શા માટે કરવો જોઈએ? એવો તેમનો મત છે. તેથી કોઈ બીજાની નિંદા કરવી જોઈએ એટલું જ નહીં પણ પરસ્પર જીવભાવની મૈત્રી તેમનામાં નિર્માણ થવી જોઈએ એવી જે ભાગવત ધર્મની શીખ છે એને અનુસરવું જોઈએ.

નિર્ગુણ બ્રહ્મજ્ઞાનનો જો સામાજિક ઉત્થાનમાં ઉપયોગી ન થાય તો એવું આ જ્ઞાન પણ નિરર્થક છે.

- भूतांच्या मत्सरे । ब्रह्मज्ञान नेले चारे ।
शिळल्या सांगे गोष्टि । भेदक्रोध वाहे पोटी ।
निंदास्तुती स्तवनी। तुका म्हणे वेची वाणी ।।''[૫૭]

૫૬. પ્રાચીન મરાઠી વાડમયાચે સ્વરૂપ, પ્રા.હ.શ્રી.શેણોલીકર, કોન્ટિનેન્ટલ પ્રકાશન, પુણે, પ્રથમ આવૃત્તિ-૧૯૮૫, પૃ. ૭૪
૫૭. તુકારામની અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ.૨૫૩

જે ભૂતોની પણ નિંદા કરે છે એવાનું તો બ્રહ્મજ્ઞાન પણ ફોગટ છે. કારણકે આવું કહેનારો મનુષ્ય કેવળ પઢિક પંડિત (વાંચીને પંડિત થયેલો) હોય છે. તે એકબાજુએ બ્રહ્મજ્ઞાનની વાતો કહે છે પણ તેના મનમાં તો અનેક ભેદભાવની જાળ પથરાયેલી હોય છે. એવો આ પઢિક પંડિત અન્યોની નિંદા સિદ્ધ કરવામાં અને પોતાની મોટાઈ સિદ્ધ કરવામાં પોતાની વાણીને વ્યર્થ વાડફે છે. સમાજમાં ચાલતા અનેક ભેદભાવો નષ્ટ કરવા એ જ તો બ્રહ્મ વિદ્યાનો હેતુ છે. જ્ઞાનેશ્વરે પણ તેથી જ આ બ્રહ્મ વિદ્યાનો મર્મ દરેકને સમજાય તે માટે મરાઠી ભાષામાં રચ્યો.

બ્રહ્મવિદ્યાનો સાચો હેતુ દરેક વ્યક્તિને માનસ-માનવમાં રહેલી મૂળભૂત સમાનતા સમજાય અને એ સમજણ દરેક માનવીમાં સ્થપાઈને તે હવે સંતુલીત બને એવો જ્ઞાનદેવ તુકારામનો મત છે. તેથી તુકારામનાં અદ્વૈત તત્વજ્ઞાન અને ભક્તિનો સમાજ સાથે કોઈ સંબંધ નથી એવું કહેવું યોગ્ય નથી કારણકે તે મુખ્યત્વે તો ભક્તિપંથ સમાજ-વિમુખ છે અને તેમનો સમગ્ર દષ્ટિકોણ સમાજનાં ઉત્થાન માટે જ છે. એવું તેમના સર્જન ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે.

મનુષ્યની મોટાઈ તેની જાત ઉપરથી નહી પણ તેના ગુણ ઉપરથી પરખાઈ આવે છે. આ અંગે વધુ સ્પષ્ટતા કરતા તુકારામ કહે છેં કે ,

- आसुरी स्वभाव निर्दय अंतर ।
  मानसी निष्ठुर अतिवादी ॥
  याति कुळ येथे असे अप्रमाण ।
  गुणाचें कारण असे अंगी ॥(૩૩૭)

નિર્દય અંતઃકરણ અને અસુરી સ્વભાવની વ્યક્તિ કેવળ ઉચ્ચ જાતિ કે વર્ણની છે તેથી તે મોટી થઈ જતી નથી. આવા સંજોગોમાં જાતિ કે વર્ણની કોઈ મહત્તા નથી. પણ જેના અંગે દયા, ક્ષમા, શાંતિ જેવા સદગુણો છે. તે જ ખરી મહાન વ્યક્તિ છે પછી તે કોઈ પણ જાતિ કે વર્ણની હોય.

જે પરપીડા અને પરસ્ત્રી ગમન કરે છે, નિંદા, કૂથલી વગર જે બેચેન બને છે, પરોપકાર અને પૂણ્ય કાર્યથી દૂર ભાગતો હોય એવી વ્યક્તિ ખરેખર તો અસ્પૃશ્ય કહેવાને લાયક છે. સ્પૃશ્ય જાતિમાં જન્મેલી આવી વ્યક્તિઓને જ અસ્પૃશ્ય ગણવી જોઈએ, આવી વ્યક્તિઓથી ઉલટુ આભડછેટ પણું આવે છે. અસ્પૃશ્ય જાતિમાં જન્મેલી વ્યક્તિઓ બ્રાહ્મણ કરતાંય શ્રેષ્ઠ હોઈ શકે છે. તુકારામનાં મતે બ્રાહ્મણ-બ્રહ્મરસ મેળવનારી વ્યકિતમાં આ ગુણો હોવાથી જ તે બ્રહ્મ રસ પામવા યોગ્ય બન્યો છે. એમ કહી શકાય.

- "ब्राह्मण तो याती अंत्यज असता ।
मानावा तत्वता निश्चयेसी ।
रामकृष्णनामें उच्चारी सरेल ।
आठवी सावळें रुप मनी ।
शांति क्षमा, दया अंलकार अंगी ।
अभंग प्रसंगी धैर्यवंत ।
तुका म्हणे गेल्या षड्ऊर्मी अंगे ।
साडुंनिया मग ब्रह्मचि तो ॥"[૫૮] (૧૨૩૫)

અર્થાત્ જે રામકૃષ્ણ નામનો સરળ ઉચ્ચાર કરે છે, મનમાં શ્યામલ એવી શ્રી હરિની મૂર્તિનું ધ્યાન ધરે છે. શાંતિ, ક્ષમા, દયા જેવા સદ્ગુણોથી જે અલંકૃત છે. સંકટના સમયે પણ જે ધીરજ ગુમાવતો નથી. કામક્રોધ જેવા ષડરિપુઓ થી જે પર છે એવો મનુષ્ય જો જાતિથી અંત્યજ હોય તો પણ તે તુકારામની દૃષ્ટિએ સાચો બ્રાહ્મણ છે. આજ વાતનો પડઘો એકનાથની પંક્તિઓમાં જોવા મળે છે. "

- "होका वर्णामाजी अग्रणी ।
जो विमुख हरिचरणी ।
त्याहून श्वपच श्रेष्ठ मानी ॥
तो भगवदभवत थेमळ ॥[૫૯]

ભકિતમાર્ગમાં ઈશ્વર પ્રાપ્તિનો તથા ભક્તિનો અધિકાર શૂદ્રો પણ ધરાવે છે. શૂદ્રના અડવાથી જે પોતાને અસ્પૃશ્ય થયા હોય એમ સમજે છે તેમના મનમાં જ કોઈ વિકાર કે આભડછેટ હોય છે. તેમની આ ભેદભાવની ભાવનામાં જ તેમનો દોષ જણાઈ આવે છે.

વર્ણોની મૂળ એકતાની ભૂમિકા ક્યારેય ખંડિત થયેલી હોતી નથી. બંને સમાન ભૂમિ ઉપર જ ચાલે છે અને તેથી જ આ મૂળભૂત એકતા તરફ ધ્યાન આપવું જરૂરી છે. જેનાથી સામાજિક ભેદભાવને કારણે ઉત્પન્ન થનારી વિષમતાઓ દૂર થશે અને સામાજિક અન્યાયો દૂર કરી શકાશે, એવો તુકારામનો મત હતો.

– "ज्यासि आवडी हरिनामाची ।
एक बहु शुचि ।
जपतो हीरनाम बीज ।
तोचि वर्णामाजि द्रिज ।
तुका म्हणे वर्ण–धर्म ।
अवघे आहे समब्रह्म ॥"[૬૦]

---

૫૮. એજન, પૃ. ૩૩૭

૫૯. મરાઠી સાહિત્ય ઈતિહાસ, ખંડ-૨, ભાગ-૧, મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ, પુણે, ૧લી આવૃત્તિ, પૃ. ૩૧૫

૬૦. તુકારામની અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, અભંગ નં.૧૫૫૮

સાચો શૂદ્ર અને સાચો બ્રાહ્મણ કોણ તથા વર્ણ પ્રમાણે ધર્મ એટલે કે કર્તવ્યો ભિન્ન હોય તો પણ તે બધામાં બ્રહ્મ કેવી સમાનતાથી સમાયેલું છે તેનું વર્ણન ઉપરના અભંગમાં જોવા મળે છે. હરિનામનો જેને નાદ લાગ્યો છે તેને બ્રહ્મશુચિ કહી શકાય અને હરિનામનો જય કરનાર જ સાચો દ્વિજ કહી શકાય. ગુણકર્મને કારણે બ્રાહ્મણત્વ આવે છે, જન્મથી નહી. તેથી વર્ણવ્યવસ્થામાં શ્રેષ્ઠ કનિષ્ઠતા હોવી ન જોઈએ. અને સર્વત્ર સમાન છે એવા બ્રહ્મની સમતા હોવી જોઈએ. અભકત બ્રાહ્મણ કરતા, વિઠ્ઠલભકત એવો મોચી પણ ઉચ્ચ કુળનો માનવો એવો તુકારામનો મત હતો.

વર્ણ અને જાતીના કારણે મળતું શ્રેષ્ઠ કનિષ્ઠત્વ અને એને આધારિત એવી સામાજિક વિષમતાઓ અને અસ્પૃશ્યતા તુકારામને માન્ય નહોતી. તે મૂળભૂત એકતા અને સમાનતાના પુરસ્કર્તા હતા. શાંતિ, ક્ષમા, દયા જેવા સદ્‌ગુણો ને કારણે વ્યક્તિ મહાન બને છે જન્મથી નહીં એવું તેઓ દ્રઢ પણે માનતા હતા. સમાજ વ્યવસ્થાને સમૂળી બદલી નાખવાના તેઓ હિમાયતી નહોતા. વર્ણ ધર્મ અને આભડછેડ અંગે તેમણે વ્યકત કરેલો ખેદ તેમનાં સર્જનમાં જોઈ શકાય છે. ઉચ્ચ કુળમાં જન્મ્યાનું ખોટું અભિમાન કે પોતાના ઉચ્ચ વર્ણનું મિથ્યાભિમાન કર્યા વગર અન્યોનાં મુળભૂત અધિકારો છીનવ્યા વગર, બધાની મુળભૂત સમાનતા ને ધ્યાનમાં લઈને દરેક જણ સાથે માણસાઈથી વર્તવું-સદ્‌વ્યવહાર કરવો જોઈએ એ વાત ફરીફરીથી તેમણે કહી છે. કોઈને પણ દુભવનારો, ત્રાસ આપનારો વ્યક્તિ પોતાનો દાવેદાર છે એમ તેઓ કહે છે. સમાજનાં બંધારણ કે વ્યવસ્થાને તેઓ તોડવા માંગતા નહોતા પરંતુ તેમાં પેસી ગયેલા સડાને પોતાની કડક-આકરી ટીકાઓ/વાણી દ્વારા સુધારવા માંગતા હતા.

ખોરંભાયેલી વર્ણ વ્યવસ્થા, અસ્પૃશ્યતા આભડછેટ, ઉચ્ચ કુળ વર્ણમાં જન્મ્યાનો અહંકાર ઉપરાંત ફળ જ્યોતિષનો પણ તે વખતે ઘણો પ્રસાર પ્રચાર થયો હતો. ફળ કથન અને જ્યોતિષમાં માનનારો વર્ગ ઘણો મોટો હતો. આવા તથાકથિત ફળ જ્યોતિષનો અને એ માર્ગે અપાર રિધ્ધ સિધ્ધિ મેળવવાના હેતુથી અધર્મ આચરનારાઓ સામે પણ તુકારામે જાણે લાકડી વિંઝી છે.

– ''अवधा तो शकुन । हृदयी देवाचे चरण ।
येथे नसतां वियोग । लाभा उणे काय मग ।
तुका म्हणे हरिच्या दासा । शुभकाळ अवघ्या दिशा ।''[६१]

તુકારામ કહે છે હ્રદયમાં હરિના ચરણોનું સ્મરણ હોય એટલે તે શુભશુકન જ થયા ગણાય. હરિનાં સ્મરણોનો વિયોગ થાય તો તેને અપશુકન ગણાય. જેની વાણીમાં સદાય હરિનામ રહે છે તેને માટે સદૈવ દરેક બાબત શુચિર્ભુત જ હોય છે. હરિભકતો માટે સદાય દરેક દિશાઓ-ક્રિયાઓ શુભ જ હોય છે. તેમને માટે શુકન-અપશુકન અને સ્થળકાળની મર્યાદા હરિકૃપાને કારણે ક્યારેય બાધક નીવડતી નથી.

૬૧. એજન, અભંગ નં.૧૫૧૭

તુકારામને સ્ત્રીબુદ્ધિ ધરાવતાં વિષયાક્ત લોકો પ્રત્યે પણ ભારે ચીડ હતી. આવા લોકોને તે બાઉલેચે દાસ (સ્ત્રીનો દાસ) અને પિત્રાસ ઉદાસ (પિતૃઓ તરફ ઉદાસ) તરીકે ઓળખાવે છે. આવાઓ ઉપર તો, ''તેમના મોં પર થુકવું જોઈએ'' એવો ઉદ્દગાર કાઢે છે. આવા વિષયાંધ લોકોને સ્ત્રીઓ કૂતરાની જેમ પાલતું બનાવીને પોતાની દેવસેવાની જેમજ સેવાચાકરી કરાવે છે. જો આવા વિષયાંધ લોકો (પુરુષો) પરણેલા હોય તો તેમની પત્ની જાણે કે (ગાઢવ પશુ) ગધેડા જેવો બનાવીને આયુષ્ય બગાડી નાખે છે. આ વિષય ઉપર બધુ કટાક્ષ કરતા તુકારામ કહે છે કે,

– ''बाउंले अधीन होय ज्याचें जिणें ।
त्याच्यां अवलोकने पडिजे द्वाड।
भावुडाच्या परी गारोड्याच्या ।
बाउंलेच्या मना येउंल ते खरे ।
अभागी ते पुरे बाउलेचे ।
तुका म्हणे भेंग्या गाढवाचे जिणे ।
कुतऱ्याचे खाणे लगा बगा ।।''[६२]

જેણે પોતાનું જીવન પરસ્ત્રીને આધીન કર્યું છે એવાનું મોઢું જોવાથી અપશુકન થાય છે. મદારીના વાંદરાની જેમ એવા લોકો સ્ત્રીનાં ઈશારે નાચે છે. આવા અશુભ લોકોનું જીવવું જ વ્યર્થ છે. આવા લોકોનો પોતાનો તો કોઈ મત જ હોતો નથી. તેમણે એ સ્ત્રીની ઈચ્છામાં જ પોતાનું સર્વસ્વ સમાવી દીધેલું હોય છે આવાઓનું જીવન બાંડા ગધેડા જેવું હોય છે. કૂતરાની જેમ લવલવ ખાઈને પોતાનું જીવન પસાર કરે છે. તેનો શો અર્થ ?

સ્ત્રી સંમોહિત પુરુષો ઉપરાંત કામાસક્ત પુરુષોની એક અનોખી જમાત પણ તુકારામની તીક્ષ્ણ નજરથી બાકાત રહી શકી નથી. આવા પુરુષો વેશ્યાઓ પાસે જતા હોય છે. સાધુસંતોના દર્શન કરવા તેમને અઘરા લાગે છે પણ વેશ્યાને ત્યાં તેઓ ફૂલહાર લઈને જાય છે. વેશ્યા, દાસી જેવી સ્ત્રીઓ તેમને પ્રિય લાગે છે.

– ''तुका म्हणे आता लाज धरी बुच्या ।
टाचरांच्या कुच्या मारा वेगी''[६३]

પોતાની સ્ત્રી ઉપરાંત અન્ય, પરસ્ત્રી ઉપર મોહાંધ થયેલા લોકોને તુકારામ ગધેડા કરતાંય નિર્લજ્જ ગણાવે છે અને એવા લોકોને તો અણીદાર જોડાથી મારવા જોઈએ એવો સખત પ્રતિભાવ વ્યક્ત કરે છે.

---

૬૨. એજન, અભંગ નં.૨૯૭૮

૬૩. એજન, અભંગ નં.૩૦૬૬

તુકારામનાં સમાજમાં પ્રવર્તતી બદીઓ વિશે તથા તેમની સામે તુકારામનાં પ્રતિભાવો, તેમણે કરેલી આકરી ટીકાઓ, પ્રહારો જોતાં આપણને તત્કાલિન સમાજનું વધુ સ્પષ્ટ ચિત્ર જોવા મળે છે. અભંગો દ્વારા પોતાનો સુધારાત્મક અભિગમ દર્શાવતા તુકારામે તત્કાલીન સમયની સામાજિક પરિસ્થિતિનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. આ નિરુપણમાં તુકારામનું અવલોકન કેટલું સુક્ષ્મ હતું તે પણ ધ્યાનમાં આવે છે.

કેટલાંક લોકોને પોતાની યુવાનીનો નશો હોય છે, મદ હોય છે. મદથી છકેલા સાંઢની જેમ સમાજમા તેઓ રહેતા હોય છે. આવા લોકોની ગરદન અભિમાનથી ફુલેલી-ઉંચી જ રહેતી હોય છે. ભકતો-જ્ઞાનીઓનાં જ્ઞાનને તેઓ નમતા નથી. આવા લોકોનો જન્મારો કૂતરાની જેમ ઘેર ઘેર ભટકવામાં જ પુરો થાય છે. 'पाहे परनारी पापद्रष्टि' આવા લોકો પરસ્ત્રીને પણ ગંદી નજરોથી જુએ છે શું આવા લોકો સમજતા નથી કે યુવાની તો આજે આવી છે ને કાલે જવાની છે?

— ''वेगळे निधतां संसार करीन ।
नाहीं तरी प्राण देते आतां ।
तुका म्हणे जाला कामाया अंकित ।
सांगे मनोगत तैसा वर्ते ॥''[૬૪]

કામાસકત લોકો સ્ત્રીઓને આધીન થઈને પોતાનાં કુટુંબીજનોનો ત્યાગ કરે છે અને વ્યસનાધીન કેવી રીતે થાય છે તેનું વર્ણન આ અભંગમાં જોવા મળે છે. પોતાના પતિને વરામા કરીને તેના માતા-પિતાથી જુદાં રહેવા માટે કારણભૂત બનનારી પત્ની અને કુટુંબ તોડનારી સ્ત્રીઓની આ વૃત્તિ ઘણી જુની છે. એકનાથે પણ આ વૃત્તિનું વર્ણન કરેલું જોવા મળે છે. તુકારામને સ્ત્રીઓની આ ઘરફોડિયા પ્રવૃત્તિ જરાય પસંદ નહોતી. માતા-પિતાથી છુટા પડીને (કે તેમને છૂટા પાડીને) તેમનાથી દૂર રહેવા જવું એ આજસુધી ચાલતું આવતું સમાજનુ એક દુષણ રીતી જ છે જે તુકારામનાં સમયમાં પણ હતું અને આજે પણ છે.

તેથી જ ઈશ્વરભક્તિ અને સંત સંગતિની સાથે સાથે કૌટુંબિક તેમજ સામાજિક નિતિમત્તાનો પુરસ્કાર તેમણે પોતાના અભંગોમાં તેમજ કીર્તનોમાં અખંડ રીતે કરેલો જોવા મળે છે. તેમના મતે સર્વજીવોનાં હૃદયમાં વસતા ઈશ્વરની ભક્તિમાં અને સામાજિક નીતિમત્તા માં અભેદ સંબંધ છે. તુકારામનું કાર્ય એક તરફી નહતું સંતજનોની જેટલી સ્તુતી તેમણે કરી છે એટલી જ દુર્જનો-દુષ્ટોની કડક ટીકાઓ પણ કરી છે. સજ્જનો સાથે તુકારામ નમ્રતાની પરાકાષ્ઠા સમાન હતા તો દંભી-આડંભરીઓ ની ટીકા કરતી વખતે, તેમની ઉપર પ્રહારો કરતી વખતે જાણે પહાડ બનીને તૂટી પડે છે.

૬૪. એજન, અભંગ નં.૪૨૪૪

સમાજમા પ્રવર્તતા ઢોંગ, દંભ, દુષ્ટતા જોઈને તેમનું મન કકળી ઉઠે છે અને કોઈનીયે શેહ શરમ રાખ્યા વગર તે એની ઉપર સખત પ્રહારો કરીને જાણે કે જનોઈવઢ ઘા કરે છે. વૈદ જેમ ખુલ્લા ઘા ઉપર મલમપટ્ટા કરે છે તેવી રીતે નહીં પરંતુ સડેલા ઘાને કે સડેલા અંગને જ સમૂળગો કાપી નાખવામાં તુકારામ માને છે. તુકારામ ને ફક્ત ઉપદેશક જ નહી પણ વિદ્રોહી બનીને સમાજને પડકારતા જોઈ શકીએ છીએ.

બ્રહ્મજ્ઞાન અને ઈશ્વરભક્તિનો પ્રભાવ જેનાં આચરણમાં નથી એવા જ્ઞાન અને ભકિતનો ઢોંગ કરનારાઓ ઉપર પણ તુકારામે ભારે કટાક્ષો કર્યા છે. કારણકે આવા વિષય લંપટ લોકો પોતે તો છેતરાયા જ હોય છે અને બીજાને પણ છેતરતા હોય છે. માયા-બ્રહ્મની પોકળ વાતો કહેનારાઓને તેમણે ધર્મ ઠગો કહ્યા છે. દંભ, માન ઈચ્છાને વશ થયેલાઓને તુકારામે કયારેય સંત તરીકે સ્વીકાર્યા નથી. આવા લોકોને તેઓ ''ખોટા જ્ઞાનના ભારવાહક એવા આંધળાઓની'' ઉપમા આપી છે. અને એવા લોકોને સજા કરવામાં પોતે ડરવાના નથી એવું કહી શકે એટલા નિર્ભય પણ છે.

– ''तुका म्हणे भ्रय न धरी मानसी ।
एसीयाचे विसी करता दंड ।।'' (૫૫૦)

દાઢી જટા વધારીને, શરીરમાં કોઈ મહાન આત્મા પ્રવેશ્યો છે એમ કહીને ધૂણતા લોકોને તુકારામ સંત તરીકે સ્વીકારવા જરાય તૈયાર નથી. કારણકે જે પોતાનાં આત્મસ્વરૂપને જ ઓળખી શકયો નથી તે બીજાનાં આત્મા અંગે શી સમજ આપી શકે? એવું તેઓ ભારપૂર્વક જણાવે છે.

- ''विधीचाही लोप बुडविला वेद
शास्त्राचाहि बोध हरविला ।।
शुद्ध परमार्थ बुडविला''[૬૫]

શાકત પંથીઓ ઉપર પણ તુકારામે ભારે પ્રહારો કરેલા જોવા મળે છે. શાકત પંથીઓ એ વેદ વહિત કર્મો ન કર્યા હોવાને કારણે વેદ પણ ડૂબાડયા અને શાસ્ત્રજ્ઞાન પણ મેળવ્યું નથી એવા લોકોને કારણે શુધ્ધ પરમાર્થ પણ રહ્યો નથી એવુ તુકારામ કહે છે. શાકત પંથીઓમાં મદ્યપાન, માંસાહાર, બલી જેવા દૂષણોને કારણે તુકારામે તેમને પણ પોતાનાં પ્રહારોમાંથી બાકાત રાખ્યા નથી. તે સમયે શાકતપંથીઓના ક્રિયાકાંડની વિધિઓ તથા જીવબલીની પ્રથાને કારણે સામાન્ય જનતામાં તેમનાથી શાકતપંથીઓનો ભારે કડપ હતો. તેમનાથી ભય પામીને, ડરીને પ્રજા તે કહે તે પ્રમાણે કરવા તૈયાર થઈ જતી હતી. પોતાની બુદ્ધિથી વિચારવાનું લોકોએ છોડી દીધું હતું. શાકતોની જેમ જ વેદાજ્ઞા ન પાળનારાઓ ને પણ તુકારામે પાંખડી કહીને તેમની ખબર લીધી છે. તેની ઉપરથી વેદવિહિત, ભક્તિયુક્ત કર્મને તુકારામે કેટલું મહત્વ આપ્યું છે તે જાણી શકાય છે.

---

૬૫. એજન, અભંગ નં.૭૯૦

હુક્કા ગગડાવનારા મદ્યપા કરનારા, ભાંગ-અફીણ ને પરમાર્થનું સાધન સમજનારા, સર્વત્ર સર્વ સમાન કહીને વિષયનો ભોગ કરનારા, શિષ્યોનો મોટો સમૂહ બનાવી તેમની પાસેથી પોતાની સેવા, માન, આદર કરી લેવામાં માનનારાઓ સામે તુકારામે લાલ આંખ કરી સામાન્ય જનતાની આંખ ઉઘાડવાનો પ્રયત્ન કર્યો છે. સમાજમાં આવા ઢોંગી ધુતારાઓ ને આકરી સજા કરવાથી જ એક નવો દષ્ટિકોણ ઉદ્‌ભવશે એવું પણ તુકારામ માનતા હતા તેથી આવા ધૂતારાઓને તો પોતે નરકમાં ડૂબાડીને જ જંપશે એવું પણ કહે છે.

- सोंगाच्या नरकाडी ।
तुका बोडोनिया सोडी ॥

મનમાં સાચો ભક્તિભાવ જ્ઞાન ન હોય અને છતાં પોતાની વિદ્વત્તાનો દેખાડો કરનારાઓને તુકારામે बैसे बगला निश्चल ध्यानी જેમ બગલો આંખો બંધ કરીને જાણે ભક્તિમાં લીન હોય એવો દેખાવ કરે તેની સાથે સરખાવ્યા છે આવા બગ-ભકતો નો

- तुका म्हणे त्याचा संग ।
नको सब्द स्पर्श अंग ॥

સ્પર્શ તો શું પણ તેનો શબ્દ પણ કાને પડવા દેવો નહીં એવો મત ધરાવે છે. અહં બ્રહ્મ કહેવડાવી કે જેઓ ભક્તિ-જ્ઞાન કે બ્રહ્મથી સાવ અજાણ છે એવા ઢોંગી પાખંડીઓનું તો મોઢું જોવા પણ તુકારામ તૈયાર નથી.

તુકારામની બાજ નજરોમાંથી બાવાઓની જમાતો પણ છટકી શકી નથી. પોતાને ગુરુ કહબેવડાવી ચેલાઓનો સમૂહ વધારવામાં જ માનનારાઓ સામે પણ તુકારામે કોરડા વીંઝ્યા છે. આવી જમાતોમાં કહેવાતા ગુરુઓ લાંબી દાઢી, જટા વગેરે વધારે છે. ક્રોધ આવતા જ શિષ્યો તથા સામાન્ય જનો ઉપર ગાળો-અપશબ્દો કે શાપનો વરસાદ વરસાવનારાઓમાં આત્મજ્ઞાન તો કયાંથી હોય? ભાંગ-અફીણ-ગાંજાનાં નશામાં ચકચૂર રહેતા આવા ગોસાવીઓ પોતે જ ભાનમાં હોતા નથી. તો પછી અન્યોને તો તેઓ શો ઉપદેશ આપી શકે? આવા પાંખડીઓ પોતે તો ડૂબે છે અને ઈશ્વરને પણ પોતાની જમાતનો જ ઓળખાવે છે. વાસનાથી ઘેરાયેલા એવા જોગીઓ ઉપર તુકારામને સખત ચીડ હતી એ પણ આ અભંગો ઉપરથી જાણી શકાય છે. સાધુત્વ ન હોવાથી ગળામાં માળાઓ ધારણ કરીને સાધુનો ઢોંગ કરનારાઓને એ સમયે તુકારામથી ભારે ભય રહ્યો હશે. પોતાની પોલ આ આખાબોલો જ્ઞાની સંત લોકો સમક્ષ ઉઘાડી ન પાડે તેવી દહેશત સતત તેમના મનમાં રહેતી હશે. કારણકે તુકારામ કહે છે કે,

- तुका म्हणे मानदंभ जया चित्ती ।
  तयाचि फजिती करु आम्हीं ॥ (૩૨૦૮)

ખોટો માન-દંભ કરનારાઓની તો હવે અમે ફજેતી કરવાના છીએ એમની પોકળ વાતોને ખુલ્લી કરી એમની ધૃષ્ટતા સાબીત કરીશું.

સાધુત્વનો તેમજ પોતે મહાન હોવાનો દંભ કરનારા દાંભીકો પોતાની માયા જાળવી સામાન્ય લોકોને છેતરતા હતા તેમને પણ તુકારામે સખત ઝટકયા છે. આવા લોકો દેખીતી રીતે ધન દોલતની લૂંટ કરનારા લૂંટારુઓછે એમ સમજવામાં લોકોને વાર લાગે છે અને બીજી દુ:ખદ બાબત એવી કે સાચા સાધુ સંતો ઉપરનો લોકોનો વિશ્વાસ ઉઠી જાય છે. તેથી ધર્મના નામે, વ્યકિતના નામે, વૈરાગ્ય કે બ્રહ્મજ્ઞાનના નામે ટીલાં - ટપકાં કરી, ગળામાં માળાઓ પહેરી ભોળી જનતાને લૂંટનારા, ફસાવનારા સ્વાર્થી, પેટભરુઓનો તુકારામે બરાબર ઉઘડો લીધો છે અને એ પણ સમાજ શુદ્ધિની ભાવનાથી. લોકોને ઉઘાડી રીતે છેતરનારા દુષ્ટ દુર્જનોને પણ એટલાં જ કડકાઈથી વાઢ્યા છે અને એમને સાથ સહકાર આપનારાઓ પણ એમના જેટલા જ દંડનીય છે એવું પણ કહ્યું છે. દુર્જનો અને એમની સાથેના સોબતીઓનાં તો નાક કાપી નાખવા જોઈએ. નહીંતર આવા લોકો સમાજનાં બીજા બધા ભોળા લોકને પણ સધમ્ કરી નાંખશે. એવું તુકારામ માનતા હતા.

બ્રહ્મજ્ઞાનની ખોટી વાતો કરીને લોકોને છેતરનારા તાંત્રિકો તરફ તુકારામને સખત ચીડ હતી. આવા તાંત્રિકોના ચિત્તમાં કામ, ક્રોધ, લોભ જ હોય છે છતાંય વિરક્તીનો ખોટો દેખાડો કરનારાઓ પોતે આ બધાથી પર છે, મુક્ત છે એવું અન્યોને ઠસાવે છે. અને આવા લોકોની સાથે રહેનારા તેમની વાતોમાં આવી જનારાઓની પણ છેવટે અધોગતિ જ થાય છે. તુકારામની આ ચીડ નીચેના અભંગમાં વ્યક્ત થાય છે.

- ''मुखे सांगे ब्रह्मज्ञान ।
  जन लोकाची कापितो मान ।
  ज्ञान सांगतो जनासी । नाही अनुभव आपणासी ।
  कथा करितो देवासी । अंतरी आशा बहु लाभाची ।
  तुका म्हणे तोचि वेडा ।
  त्यांचि हाणूनि थोबाड फोडा ॥[૬૬]

આવા ઢોંગીઓને તેમણે કૂતરો, ગધેડો જેવા પશુઓ સાથે સરખાવ્યા છે સાથે સાથે સામાજિક ક્રિયાઓને પણ તેમાં સાંકળી છે.

૬૬. એજન, અભંગ નં.૪૦૨૧

- ''काय केले जळचरी ।
ढीवर त्यांच्या धातावरी ।
हा तो ठायीचा विचार । आहे यांत वैराकार ।
श्वापयाते बधी । निरपवराधें पारधी ।
तुका म्हणे खळा । संता पीडिती चांडाल ।।''[६७] (१७२१)

માછલી જેવાં જળચર પ્રાણીઓએ શું અપરાધ કર્યો છે? પણ તે છતાંય માછીમાર તેને પોતાની જાળમાં ફસાવી તેનો શિકાર કરે છે. પારધી હરણ મૃગ જેવા નિર્દોષોને હણે છે. આ એનું જન્મજાત વેર છે તેવી જ રીતે દુષ્ટ, અધમો સજ્જનોને તથા સામાન્ય નિર્દોષ પ્રજાને ધર્મનાં, જ્ઞાનનાં માર્ગે ફસાવી તેમને પીડા આપે છે. તુકારામને આવા દુર્જનો ઉપર ભારે રોષ છે. મને બીજાની પીડા જોઈને અતિશય ગુસ્સો આવે છે. (माझे संतापले मन। परमीडा आयकोन ।। (१२३१) એવું તે કહે છે તેથી જ પરપીડક મારો દાવેદાર છે. (परपीडवुं तो आम्हीं दावेदार) એવું જણાવે છે.

સજ્જન માણસો, કષ્ટોભરી જીંદગી પણ સુખેથી જીવતા હોય છે. આવા સંજોગોમાં સમાજના કાટા જેવા દુર્જનો તેમને તકલીફ આપે છે, તે જોઈને તુકારામનું લોહી ઉકળી ઉઠે છે.

તુકારામે દાંભીકો માટેનો સૌમ્ય ઉપાય પણ કહ્યો છે. તેઓ કહે છે કે આ બધું કહેવાનો સાર એજ કે આવા દાંભિકો રૂપી સમાજના કંટકોને સુધારવા શકય નથી. તેથી તેમનો ત્યાગ કરવો એજ સૌમ્ય ઉપાય છે. દુષ્ટો સજ્જનોને પીડે, ત્રાસ આપે એ તેમનો જાતિ ગુણ છે. આવા તમોગુણી લોકો પાસે સારા આચાર-વિચારો ની કોઈ અસર થતી નથી તેથી તેમને ઉપદેશ આપીને શો ફાયદો? અહીં તુકારામે જાણે અસહકારને શસ્ત્ર બનાવ્યું છે.

- तुका म्हणे काय उपदेश खळा।
न्हाउनि फाऊण क्षते कुंडी।। (२२०७)

કાગડાએ ગમે તેટલાં પવિત્ર ઠેકાણે સ્નાન કર્યું હોય પણ છેવટે તો તે ગંદકીમાં જાય છે. આ તેનો જાતી સ્વભાવ છે.

– ''दुर्जनाची जाति ।
त्याचे तोंडी पडे माती ।
त्याची बुद्धि त्यासी नाडी ।
वाये अनुचित बडबडी।
पाहे संताकडे । दोषद्रष्टि पाहे भडें ।
उचनीच नाहीं। तुका म्हणे खळा काही ।।

---

६७. એજન, અભંગ નં.૧૭૨૧

દુર્જનોની જાત જ એવી છે કે તેને સત્પુરુષ અને સામાન્ય લોકો ના ભેદ પણ સમજાતા નથી. તે સંતો સામે દ્વેષ ભરી નજરે જુએ છે અને ગમે તેમ બોલે છે.

- तैसी अधमाची जाति य अधम ।

उपदेश कश्रम करावा तो।[૫૨]

અધમ લોકોને ઉપદેશ આપવો એ વ્યર્થ કામ કર્યા જેવુ છે. તેમનો જાતિ સ્વભાવ છોડીને તેઓ સારા વિચારો ગ્રહણ કરી શકતા નથી. ટૂંકમાં જેમની પાસે સદ્ભાવ જનથી એવા લોકોને જ્ઞાન-ભક્તિ-બોધની વાતો કહેવાનો કોઈ અર્થ નથી એવું તેમને સમજાયું અને એવું જ એક તબક્કે તેમણે ઉપદેશમાં પણ કહ્યું. તો બીજી તરફ તુકારામનું તાંત્રિકો સામે વિદ્રોહી વલણ પણ રહ્યું હતું. તુકારામે જેવા સાથે તેવાનો ઉપદેશ પણ આપ્યો છે.

તત્કાલીન સમયમાં તુકારામે પોતાના જ્ઞાન અને આગવી સુઝથી અનેક બદીઓથી ભરાયેલા એવા સમાજમાં કોઈ પણ ભેદભાવ રાખ્યા વગર દરેક સ્તરનાં લોકોને સુધારવાના ઉદ્દેશ્યથી સરળ ભાષામાં ઉપદેશ આપ્યો. સામાન્ય જનોને દયા, ક્ષમા, શાંતિ, ભક્તિ, જ્ઞાનનું મહત્વ સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. સાત્વિક વૃત્તિના લોકો તે સમજ્યાં પણ હતાં. પરંતુ દુષ્ટો કે દાંભીકોને તેમની વાતો સ્વીકારવી ગમતી નહોતી, તેનું આચરણ ગમતું નહોતું. તેથી આવા લોકોને હવે ઉપદેશ આપવો વ્યર્થ છે એવુ તુકારામને લાગવા માંડયું હતું એવા અનુભવો થવા લાગ્યા હતાં. જે મૂળમાંથી જ દુષ્ટ છે, સ્વાર્થી છે, પરપીડક છે. શોષણ કર્તા છે એવા લોકોને ઉપદેશથી અથવા સૌમ્યભાવથી ક્ષમા આપીને સુધારી શકાય એમ નથી એવી તેમને ખાતરી થવા માંડી હતી. તેમનું હ્રદય પરિવર્તન થાય એવી કોઈ શકયતાઓ જણાતી નહોતી એ વાત તેમના ધ્યાનમાં આવી. દયા, ક્ષમા, શાંતિ, જ્ઞાન એ બધા મહાન સામાજિક સદ્ગુણો છે. પરંતુ દયા કોની ઉપર રાખવી, ક્ષમા કોને કરવી, શાંતિ કેટલી હદ સુધી રાખી શકાય એનું જ્ઞાન વિવેકપૂર્ણ રીતે ભાગવત ધર્મને અનુસરીને તુકારામે આપ્યું એ તેમનું મહત્વનું સામાજિક યોગદાન છે એમ ચોક્કસ કહી શકાય. તુકારામે પોતાની ભૂમિકા સ્પષ્ટ કરીને દયા, ક્ષમા, જ્ઞાન જેવાની વિવેકપૂર્ણ - સુધારાવાદી વ્યાખ્યાઓ આપી.

''ઈશ્વર અત્યંત દયાળું છે. જીવ પ્રત્યે તેના મનમાં પ્રેમ છે. પણ આ દયાનો અર્થ કે રૂપ સજ્જન અને દુર્જન સાથેના વ્યવહારમાં બદલાઈ જાય છે. સજ્જનું રક્ષણ કરવું એ દયા છે તેવી જ રીતે દુર્જનના હાથમાં સત્તા હોવી એ પણ દયા જ છે. મનમાં કોઈ પણ પ્રકરના દ્વેષ કે અહંકાર વગર દુર્જન વ્યક્તિ સુધરે તે માટે તેને કરવામાં આવેલી સજાને તુકારામે દયા ગણાવી છે. માતા માટે બધા બાળકો સરખાં હોય છે. છતાંય ડાહ્યા બાળકને તે ખાવાનું આપે છે. અને તોફાની બાળકને સમય આવે તો શિક્ષા પણ કરે છે. ધર્મની સ્થાપના એટલે સદાચાર તેમજ સહ્રદયતાનો (અમલ કરવો) અધર્મ હોય ત્યાં જ ધર્મની સ્થાપના કરવાની જરૂર પડે છે. એનો અર્થ એવો પણ લઈ શકાય કે દુષ્ટોનાં હાથમાં શાસન હોય ત્યારે જ શાસનની ધુરા સજ્જનોએ પોતાના હાથમાં લેવાની તજવીજ બધાં પ્રકારે કરવી

૫૨. એજન, અભંગ નં.૨૬૭૯

પડે છે. અનુભવ લીધા વગર દુર્જનોને ક્ષમા કરી દેવાથી સજ્જનોને વધુ કષ્ટ આપવાનો જાણે કે છુટો દોર આપીએ છીએ. પરિણામે ધર્મની સ્થાપના થતી નથી અને જ્યારે ઈશ્વર આ કારણથી અવતાર ધારણ કરે છે ત્યારે

- परित्राणाय साधूनां विनाशायाच द्रुष्कृताम् ।
  धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

દુષ્ટોનો નાશ કરી સજ્જનોનું રક્ષણ કરીને જાણે કે બેવડું કાર્ય કરે છે. [૬૯]

હવે તુકારામ જાણે કે વીર બનીને સમાજમાં ચાલતા સજ્જન-દુર્જનની લડાઈનાં મેદાનમાં ઉતરે છે. પોતાની હાકલ કહેવા માટે આ વીર તુકારામ પહેલા તો કર્મયોગી કૃષ્ણને જ યાદ કરે છે. ભકતોને તારવા માટે શ્રીકૃષ્ણે કરેલા પરાક્રમોનું વીર રસભર્યું આલેખન તેમણે અભંગમાં કર્યું છે.

ઈશ્વર દયાળું હોવા છતાં ભક્તો માટે દુષ્ટોનો સંહાર તો કરે જ છે. દયાનું દાન સુપાત્રને થાય તે જરૂરી છે. તેથી તુકારામે કેવળ મોઘમતાથી ઉચ્ચારાતા દયા શબ્દની યથાર્થ વ્યાખ્યા આપીને તેના બે અર્થો અને બે સ્વરૂપો દર્શાવ્યા છે.

- ''दया तिचे नांव भूतांचे पाळण।
  अणीक निर्दळण कटकांचे ॥
  पाप त्यांचे नांव न विचारिता नीत ।
  भलतेचि उन्मत करी सदा ।
  तुका म्हणे धर्म रक्षावयासाठी
  देवासही आहि जन्म घेणे ॥''[७०]

નીતિ અનિતીનો વિચાર કર્યા વગર ઉન્મત લોકો ન કરવા જેવા કામો હંમેશા કરતાં રહે છે તેને પાપ કહેવામાં કોઈ ખોટું નથી અને આવા પાપીઓનો નાશ કરવો એજ તેમની ઉપર દયા રાખવા સમાન છે. દયા અને પાપનું તુકારામે આ રીતે સ્પષ્ટીકરણ કર્યું છે.

બાળક્રીડાનાં અભંગમાં કૃષ્ણવતારનું પ્રયોજન સ્પષ્ટ કરતાં તુકારામ કહે છે કે,

- ''अवतार केला संहारावे द्रुष्टा ।
  करिती है नष्ट परपीडा ।
  परपीडा करी दैत्य कंसराव ।
  पुढे तोही भाव आरंभिला ।
  लाविले लाघव पाहोनियां संधी ।
  सकळही वधी द्रुष्टजना ।
  दुष्टजन परपीडक जे कोणी ।
  ते या चक्रपाणी न साहति ॥[७१] (४५८५)

---

૬૯. તુકા ઝાલસે કળસ, સ.કે.જોશી, કોન્ટિનેન્ટલ પ્રકાશન, પુણે, ત્રીજી-આવૃત્તિ-૧૯૮૯, પૃ.૧૧૫

૭૦. તુકારામની અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ.૨૬૪

૭૧. એજન, અભંગ નં.-૪૫૮૫

શ્રીકૃષ્ણનો અવતાર જ પીડીતો, શોષિતોને બચાવવા તેમજ દુષ્ટોનો સંહાર કરવા માટે થયો હતો. પોતાના પિતાને કેદખાનામાં રાખનારા કંસને તેમણે હણ્યો હતો. પરપીડક એવા દ્રુષ્ટ લોકોને આ ચક્રપાણી શ્રીકૃષ્ણ સહન કરી જ શકતા નથી. કારણકે તે દીનાંચા કૃપાલુ દ્રુષ્ટ જના ડાક (દીન માટે કૃપાળુ અને દ્રુષ્ટો માટે કાળ) સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ જેવા પોતે છે એવા જ તેમના ભકતો છે.

તેથી તુકારામે ધારણ કરેલી વૃત્તિ અને હવેનો ઉપદેશ વિવેકપુર્ણ તો છે જ પરંતુ તેમાંથી ભાગવતધર્મનો યથાર્થ સિદ્ધાંત પણ સ્પષ્ટ થાય છે. જે ભાગવત ધર્મના ઉપદેશક શ્રીકૃષ્ણ હોય એવો આ ધર્મ દુષ્ટોને દયા રાખી ક્ષમા કરીને તેમના દુર્વ્યવહારો અને અત્યાચારોને ઉત્તેજન કેવી રીતે આપી શકે? તુકારામ અહીં વિષ્ણુદાસનું વર્ણન કરતાં કહે છે કે,

- ''मऊ मेणाहुनी आम्ही विष्णुदास ।
कठीण वज्रास भदु ऐसे ।
मेले जीत असो भिजोनीया जागे ।
जो जो जें जे मांगे ते ते देऊ।
मेले तरी देउ गांडीचे लंगोटी ।
नाठाळाचे काटी देउ मयाा।
मायबापाहूनी बहु मायांवत।
कुरु घातपोत शत्रुहूनी ।
अमृत ते काय गोडे आम्हा पुढे ।
विष ते बापुडे कडू किती ॥[૭૨]

અર્થાત્ સાચો વિષ્ણુ ભકત કઈ ગાંડો કે દુર્બળ નથી હોતો. એનું અંતઃ કરણ મીણથીયે નરમ અને દુરાચારીઓ સામે વજ્રથીયે કઠણ હોય છે. તે સજ્જનો સાથે માતા-પિતા જેટલો પ્રેમાળ અને દુર્જનો માટે અતિશય ક્રુર એવો દુશ્મન હોય છે. અમૃતથીયે મીઠો અને ઝેર થીયે કડવો એવો આ વૈષ્ણવજન-વિષ્ણુદાસ છે. પોતાની મર્યાદાઓ અને ડરને સંતાડવા માટે સાચો વૈષ્ણવ કયારેય ક્ષમા કે દયાનો દંભ કરતો નથી. भूती भगवंत (સચરાચરમાં દરેક જીવમાં ઈશ્વરનો વાસ છે.) એવો ભાગવત ધર્મનો સિદ્ધાંત તેમણે સ્વીકાર્યો છે. દરેક વ્યકિતમાં ઈશ્વરનો વાસ છે તેથી તેને પગે લાગવું પણ, પહેલા તેનો સ્વભાવ અને આચરણ ને ધ્યાનમાં લઈને પછી જ તેની સામે ઝુંકવું કે નમવું એવી વ્યવહારું શીખામણ પણ અહીં તુકારામે આપી છે. આ અંગે ઉદાહરણ આપતા તેઓ કહે છે કે અગ્નિ હુંફ આપે છે, ઠંડીથી રક્ષણ કરે છે પણ તેને ખોળામાં લઈને ફરી શકાતો નથી તેવી જ રીતે,

- ''तुका म्हणे विंचू सर्प नारायण ।
वंदावे दुरोन शिवो नये ॥''

૭૨. એજન, અભંગ નં.૯૮૭

ભલે વિંછી અને સાપમાં પણ નારાયણનો વાસ છે તે છતાંય તેમને દૂર જ રાખવા સારા.

ભોળા લોકોને ઉપજાવી કાઢેલી વાતો કહીને ગેરમાર્ગે દોરતા, બ્રહ્મહત્યા કરનારા અધર્મો જો સમજાવવાથી ના માને તો તેમને દંડવામાં, સજા કરવામાં કોઈ પાપ નથી. જે અન્યોને હણે છે, ખોટી રીતે પજવે છે તેને પણ સજા તો થવી જ જોઈએ એવો આગ્રહ પણ તુકારામ રાખે છે. પીરપીડકોને ક્ષમા ન કરવા, દયા ન કરવી અને દંડ કરવો જોઈએ. એમનો ત્યાગ કરવો જોઈએ. પોતાની આંખોથી તેમને જોવા પણ નહીં, ચંડાળ ગણીને સમાજથી તેમને દૂર રાખવા જોઈએ જેવા વિધાનો પણ તુકારામે ગુસ્સાથી કર્યા છે. તેમનાથી દુરાચાર સહન થતો નથી તેથી તેમનું મન વ્યાકુળ થઈ ઉઠે છે. પોતાની ભક્તિ વિશ્વવ્યાપક એવા વિશ્વંભરની છે. ઈશ્વરથી દૂર લઈ જતા પરિબળોને તેઓ માફ કરતા નથી, જે ભક્તિ પરપીડનથી દ્રવી ઉઠતી નથી, બગડેલા સંજોગોને સુધારવાની પ્રવૃત્તિ કે પ્રયત્ન કરતી નથી. એવી ભક્તિને તુકારામ મૂર્તિ ભક્તિ એટલે કે સંકુચિત ભક્તિ તરીકે ઓળખાવે છે. તેમાં વિશ્વંભરની વ્યાપકતા નથી એમ તેઓ માને છે. માનવીએ પોતાની પ્રગતિ આડે આવતા વિઘ્નોને બાજુ પર ફેંકવા જોઈએ. અનેકોને દુઃખી કરનારા દુષ્ટોને તો અડવું પણ નહીં તેમની પરપીડન વૃત્તિનો નાશ કરવો જોઈએ. કારણ કે,

- तुका म्हणे भुती साक्षी नारायण ।
  अवगुणी दंडन गुणी पूजा ।।

દરેક જીવમાં નારાયણનો વાસ છે. તેથી માનવીનાં ગુણ અવગુણ જોયા પછી જ અવગુણો માટે સજા કરવી અને ગુણોની પૂજા કરવી જોઈએ. આ જ સાચો વિવેક છે. માણસમાત્રની સમાનતાને ધ્યાનમાં લેવી જોઈએ એ વાત બરાબર છે પણ તેનાં ગુણ અવગુણનું પણ એટલું જ મહત્વ તુકારામે આંક્યું છે. માણસની આ વાત પ્રાણીઓને પણ લાગુ પડે છે એ વાત સમજાવવા માટે તુકારામે આ અભંગમાં વાઘ અને વરુનો સંવાદ આ પ્રમાણે કરાવ્યો છે.

વાઘ :(વરુને) દેહ તો નશ્વર છે. આજે નહી તો કાલે તારુ મૃત્યુ થવાનું જ છે. તો હું તને હમણાં શા માટે ના ખાઉં?

વરુ : આ બાબત તને પણ લાગુ પડે છે. જ્યાં સુધી તુ જીવે છે ત્યાં સુધી મને પણ જીવતદાન આપ.

અર્થાત્ વ્યવહારમાં ઠગ સાથે ઠગ બનવું પડે છે. એમાં કોઈ દોષ નથી.

વ્યાભિચાર અને ચોરી જેવા દુષ્કર્મોમાં સાથ આપવો એટલે સાપને ઝેર પાઈને ઉછેરવા જેવું છે. તેમા મદદ કરનારા લોકો પીડા આપનારાઓ જેટલા જ દોષી છે. તેથી આ બંનેને

તુકારામનું આવું વલણ જોતા તે સમયનાં કેટલાંક તેજો દ્વેષી લોકોએ તુકારામને અધિકાર ન હોવા છતાંય વેદ ઉપનિષદની વાતો-અર્થો સમજાવે છે એવી રાજ્યમાં વહીવટકર્તાઓને ફરિયાદો પણ કરી હતી. આવા વલણને કારણે તુકારામનાં સામાજિક તેમજ અંગત દુશ્મનો પણ થોડા સમયમાં વધી પડયા હતા તેમણે કરેલી ખટપટોનો ભોગ ક્યારેક તુકારામ બન્યા હતાં. જો કે આવા હિતશત્રુઓ પણ પાછળથી તુકારામનાં ભક્તો કે સમર્થકો બન્યા હતા એ વાત પણ એટલી જ સાચી છે.

તુકારામમાં ઔપચારિકતા નથી પણ સ્વાનુભાવનો સહજોદ્ગાર છે. તેને કારણે તેમાં વધુ જીવંતતા અને સચ્ચાઈનો રણકો આપણે જોઈ શકીએ છીએ. સમાજમાં રહીને સમાજનું અવલોકન કરી તેને પોતાનાથી થાય એટલો સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

હવે તુકારામના સમાજ અંગેના પ્રતિભાવો તેમનાં કવિત્વમાં કેવી રીતે ઝીલાયા છે તે જોઈએ.

તુકારામ એક સાદા, સરળ શબ્દોમાં મોટી વાત કહી શકવા સમર્થ એવા મહાન તત્વજ્ઞ હતા. એમના અભંગો પહેલી નજરે સરળ અર્થવાળા જણાય છે પણ તેનો અર્થ ઘણો ગૂઢ અને વ્યાપક જોવા મળે છે. ભક્તિ સરળ છે પણ તે શૂળી ઉપરની પૂરણપોળી જેવી છે એવું તુકારામે પોતે જ કહ્યું છે. માનવમનની અનેકવિધ ભાવનાઓ તુકારામનાં સર્જનમાં ઠેર-ઠેર જોવા મળે છે. તેમાં સહજતા છે તો બીજી તરફ વિનોદ પણ છે અને ગાંભીર્યપણ છે. તેમાં ઈશ્વર સાથે મૈત્રીભાવે ઝગડો છે તો એમાં જ કટ્ટર મૈત્રી છે. પૂર્ણ વિશ્વાસની સાથે જ આશંકા અને પ્રશ્નો પણ છે. અસ્થિરતા સાથે સ્થિરતા અને નિઃસંકોચતાની સાથે જ સ્પષ્ટતા પણ જોવા મળે છે. અનેક વિરોધાભાસોથી ભરેલું એવું તુકારામનું વિશ્વ આપણી સમક્ષ તુકારામને એક ઉચ્ચકોટીના સર્જકની સાથોસાથ આપણી વચ્ચેજ વસતી એવી વ્યક્તિ તરીકે પણ પ્રતિબિંબિત કરે છે.

તુકારામનાં અભંગોમાં જ્યાં દયા ક્ષમા, શાંતિ છે ત્યાં ઈશ્વર વસે છે. એવો વિશ્વ વ્યાપક અનુભવ છે. તો બીજી તરફ તું તો લુચ્ચો ચોરટો છે. એવા અપશબ્દો ભર્યા અભંગો પણ જોવા મળે છે. સામાન્ય માણસની જેમ થાય તે ભોગવવાની તૈયારી પણ તુકારામ રાખે છે. અહીં તુકારામની ડરપોકવૃત્તિ નથી પરંતુ કોઈ પણ પરિસ્થિતિમાં સમાધાનથી રહેવું એવું મહાન સત્ય, તત્વજ્ઞ એવા તુકારામે આપણને સમજાવ્યું છે. અને આવી તૈયારી હોવા છતાંય મને ભેટવા હજી તને શું જોઈએ? નો ઉગ્ર ભાવ પણ દેખાઈ જાય છે. સામાન્ય માનવી પોતાના જીવનની ઘરેડથી કંટાળીને જેમ કયારેક ઉગ્રતા ધારણ કરી લે તેવી પરિસ્થિતિ તુકારામની પણ જોવા મળે છે.

તુકારામ ઈશ્વર સાથે લડી-ઝગડીને, પોતાના ભાગ્યને દોષ આપે છે. તુકારામ જેટલાં ઝગડાખોર છે એટલાં જ પ્રેમાળ પણ છે. 'तु मऊलीहून मवाळ, चंद्राहून–शीतल, पाण्याहून पातळ

દંડ કરવો જોઈએ, નહીં તો આ દોષ વધતો જ રહેશે. ચોર ઉપર દયા કરનારો ચોર જેટલો જ દોષીત છે. આને નિંદા કહી શકાય નહીં કારણકે કોઈ આડા રસ્તે જતું હોય તો તેને સીધા રસ્તે લાવવું એને જ નીતી કહેવાય છે.

તુકારામે ધર્મ અને નીતિથી વિરુદ્ધ જનારને સજા કરવામાં કોઈ પાપ નથી ગણ્યું. સુખેથી આવાઓને દંડ કરવાથી સામાજીક પુણ્ય થાય છે. નીતિનો વિચાર ન કરવાથી પાપ લાગે છે. તેથી સજ્જનો સાથે ઉચિત વર્તન કરવું યોગ્ય છે.

અભકત, દુષ્ટ, દુર્જનો ઉપર ટીકા કરતી વખતે તુકારામનું રૌદ્ર સ્વરૂપ આપણી સમક્ષ રજુ થાય છે. આવા સામાજિક દુષણો ઉપર પ્રહાર કરતી વખતે સુવર, પત્થર જેવા આકરા શબ્દો-ઉપમાઓ તેમણે વાપરી છે. એટલું જ નહીં પણ અભંગ કે સાહિત્યને પણ ન શોભે એવી ગાળો-અપશબ્દો પણ વાપર્યા છે. મા-બાપ ઉપરની ગ્રામ્ય ગાળો પણ આપી છે. (જો કે આવા અભંગો બહુ નથી) જો કે તે નિખાલસતાથી કહે છે કે

\- संतापे माझे मन। परपीडा आयकोन

(પરપીડા સાંભળીને મારુ મન સંતાપ અનુભવે છે. ) તેથી આવી મનઃસ્થિતિમાં મોંઢામાંથી જે આવે તે બોલી નાખું છું પછી તે અપશબ્દ કે ગાળ કેમ ન હોય. પોતાના સર્જનમાં આવી ધૃષ્ટતા કરવા બદલ તુકારામે ખેલ દિલપૂર્વક માફી પણ માંગી લીધેલી છે.

\- ''नका धरुं कोणी ।
राग वचनाया मनी । येथे बहुचांचे हित।
शुद्ध करोति राखा चिव ।।''[७३]

ઘણાં બધાં લોકોનાં હિત ખાતર જો હું કશું કડક કે ખરાબ બોલ્યો હોઉં તો તે માટે ક્રોધ કરશો નહીં ચિત્તમાં સ્થિરતાં-શુદ્ધતાં રાખી મારી મનઃસ્થિતિને સમજી લેવાનો પ્રયત્ન કરો.

આમ, તુકારામે સમાજનાં ઉત્થાન માટે પોતાની ભક્તિ, જ્ઞાન, અવલોકન ગુણ દ્વારા સુધારાવાહી વલણ અપનાવી જાગૃત્તિ લાવવાનો પ્રયત્ન કર્યો હતો એમ ચોક્કસ કહી શકાય છે. આ માટે ર્દુજનો રૂપી દુષણોની તેમણે ભારે ટીકા કરી, આકરા વાગ્બાલણો વાપર્યા, કયાંક તેમનો ઉપહાસ કર્યો છે તો કયાંક સમાજને હાંકલ કરી છે તો વળી કયાંક તો પોતે જ વીર બનીને આ સામાજિક યુદ્ધમાં ઝુકાવ્યું છે. આ કાર્યમાં તુકારામે શ્રીકૃષ્ણનાં જીવનની સાથે સંકળાયેલી અન્યાય દુર કરવાની, દુષ્ટોનો સંહાર કરી સજ્જનોનું રક્ષણ-ધર્મની સ્થાપના વગેરે જેવી વૃત્તિઓને સાંકળી અહીં ભક્તિ પણ કરી છે.

૭૩. એજન, અભંગ નં.૨૧૩૯

आहेस' (तुं मा थी ये वधारे ममताळुं छुं, चंद्रथीये शीतळ छुं अने पाणीथी पण पातळो छुं.) એવું તેઓ જ્યારે કહે છે ત્યારે એ પ્રેમ લહેરમાં ઈશ્વરની સાથે સાથે આપણે પણ હિલ્લોળા લેતા હોઈએ છીએ. 'वृक्षवल्ली आम्हां सोयरी वनचरे' વૃક્ષવલ્લી જેવું નિસર્ગચિત્ર પણ એક કુશળ ચિત્રકારની અદાથી આપણી સમક્ષ તુકારામે રજુ કર્યું છે.

કોઈ યોગી હોય, વિનોદી વાતોથી હાસ્યરસ ઉડાડતો કોઈ પ્રધ્યાપક, વર્ગમાં તત્વજ્ઞાન શિખવાડતો શિક્ષક અથવા મોંઢા ઉપર હાસ્ય રાખનારાનાં મનમાં કોઈ ઉંડો ઝખમ હોય એવા વિવિધ સ્વરૂપો તુકારામનાં દેખાય છે. કયારેક રસિક એવા તુકારામ તત્વજ્ઞાનની વાતો કરે છે અને કયાંક ખૂબ જ ગંભીર થયેલા જણાય છે.

પરોપકાર કરવો એ પુણ્યનું કામ છે. તથા અખૂટ ધન મેળવ્યા પછી પણ પોતાના માટે તો માત્ર લંગોટી જ રાખવી એવા જ સહજ-સરળ શબ્દોમાં નિઃસ્પૃહ તુકારામે જગતનું શાશ્વત સત્ય કહી દીધું છે. તુકારામમાં તત્વજ્ઞાનની સાથોસાથ રસિકતા પણ ચમકી જાય છે. પાડુરંગ તે મારો પ્રેમભંગ કર્યો છે. તેમાં તો કોઈ પ્રેમીકા રિસાઈ ગઈ હોય એવું લાગે છે. શાશ્વત સત્યની સાથો સાથ તત્વજ્ઞાનને પણ સહજ સરળતાથી વ્યકત કરતાં તુકારામનાં અસંખ્ય એવા વિવિધ પરિમાણો આપણી સમક્ષ ખૂલતા જાય છે. ભકિતરસથી તરબોળ એવા અભંગો કરતા જ્ઞાનથી જાગૃત થઈને રચેલા તુકારામનાં અભંગો સામાન્ય બુદ્ધિ થી પર એવા છે. જેને સમજવા માટે ચર્મચક્ષુઓની નહી પણ જ્ઞાનચક્ષુઓની જરૂર છે.

ઈશ્વર ભકિતમાં લીન એવા ભકત તુકારામ અને જ્ઞાની તુકારામ - આ બંને અવસ્થાઓમાં ઈશ્વરને પોતાની સામે-સાથે જ જાણે હાજરા હુજુર હોય એવું માને છે અને તેથી મિત્ર ભાવે, વાત્સલ્ય ભાવે, ક્રોધથી તેઓ ઈશ્વર સાથે લડયા ઝગડયા પણ છે. ઈશ્વર એકાંઈ બહુ મોટી બાબત નથી. મારા તમારા જેવો જ છે એવું તુકારામ માને છે. તેમનો આવો સુર તેમના ઘણાં અભંગોમાં છતો થાય છે જેમાં તેમણે પ્રિતી કલહ કર્યો છે ઈશ્વરને ગાળો આપી છે ન કહેવાના વેણ પણ કહ્યા છે. પણ આ બધુ જ છેવટે તેના આશરે જઈને અને પ્રેમથી કર્યું છે. હું છું તો તું છે એવો ભાવ વ્યકત કર્યો છે. જે પ્રેમ કરે છે તે લડી ઝગડી પણ શકે છે એ વાતની માણસાઈ પ્રતીતિ તુકારામે જાણે ઈશ્વરને પણ કરાવી છે. તેમનાં ઝગડામાં ઈશ્વર વિશે દ્વેષ નહીં પણ પ્રેમ છે. કડવા શબ્દોમાંથી પણ મિઠાશ જ નીતરે છે. સાચી પ્રિતીમાં કલહ હોવો જરૂરી છે. કલહ ન હોય તો પ્રિતીમાં પણ મઝા નથી આવતી એવો કદાચ તુકારામનો આશય હોઈ શકે છે. જે સાચો પ્રેમ કરે છે તેની ગાળો કે અપશબ્દો સાચા નથી હોતા. સાચા પ્રેમીઓનો ગુસ્સો નકલી હોય છે. પ્રેમની પરાકાષ્ઠા થઈ હોવા છતાંય પ્રિય વ્યક્તિ પોતાની સામે જોતો નથી તેથી હતાશ થયેલા મનનો એ ઉદ્વેગ જ છે.

ઈશ્વરનું દર્શન થતું નથી ત્યારે विश्व तु व्यापक काय भी निराळा । જો તું વિશ્વ વ્યાપક છું તો હું શું તારા થી જુદો છું? એવો પ્રશ્ન ઈશ્વરને તુકારામે કર્યો છે. તુકારામનાં ઝગડામાં પણ વિવિધતા જોવા મળે છે. ઈશ્વરની કોઈ સાડાબારી ન રાખતાં आम्हां गांजी जन । तरी हा मेला नारायण ? હું અહીં ત્રાસી ગયો છું અને તું શું ત્યાં મરી ગયો છું? એવો રોકડો સવાલ પણ ઈશ્વરને કર્યો છે અહીં ઈશ્વરનાં અસ્તિત્વ વિશે પણ સવાલ ઉઠાવ્યો છે. તો એવા જ અભંગમાં આગળ તેમણે કહ્યું છે કે કશું ઓછું પડ્યું હોય તો માંગી લે, કહી દે પણ મારી સમક્ષ હાજર થવામાં ખોટા બહાના ના કરીશ.

જે વિઠ્ઠલને તેમણે ચતુર-શિરોમણી કહ્યા છે તેને મુર્ખ-શિરોમણીનો સિરપાવ પણ તેઓ આપે છે.

જેમ પોતાનાં કોઈ મિત્રને તેનો વાંક કહી દેવામાં આવે એવો સંબંધ તુકારામે ઈશ્વર સાથે જોડ્યો છે.

- आम्हीं ध्यावे तुझे नाम ।
तुम्ही आम्हां द्यावे प्रेम ।

હું તને પ્રેમથી બોલાવું છું તારું નામ લઉં છું તો તારે પણ મને પ્રેમ આપવો જોઈએ. એવો ચોખ્ખો લેવડ-દેવડનો હિસાબ તુકારામે જાણે વેપારી આપ-લે કરે એવી રીતે ઈશ્વર સાથે માંડ્યો છે. સીધે સીધાં વેધક શબ્દોથી ઈશ્વરને પણ વિંધવાનું કામ તુકારામે કર્યું છે. જેમ કે,

– तुका म्हणे देवा दोष-कोणता तो दावा - મારો શો દોષ છે તે બતાવ - એવું સીધું વિધાન પણ કર્યું છે. તો બીજે ઠેકાણે,

– आम्हीं नरकु जातां काय येईल तुझे हातां । - હું જો નરકમાં ગયો તો તારા હાથમાં શું આવશે? હું નહીં હોઉં તો તને શું મળવાનું છે? એવો સખત પ્રશ્ન પણ તુકારામે વિઠ્ઠલને પૂછ્યો છે. અંતે હદ તો ત્યારે થાય છે કે

– आमचें तळमळे। तुझे होईल वाटोळे । - મને ટટળાવીશ તો તારું સત્યાનાશ થશે એવો કઠોર શ્રાપ પણ તુકારામ ઈશ્વરને આપે છે.

પણ બધાંય દૃષ્ટાંતોમાંથી નિકળતો સાર એટલો કે આ પ્રશ્ન, અપશબ્દો કે કાપ એ કોઈ નાસ્તિક, દંભીનો દેખાડો નથી પણ અતિશય શ્રદ્ધાળું એવા જ્ઞાની ભકતની આર્તનાદ છે. અને તેથી જ તુકારામનાં આવા અભંગો કે પંક્તિઓને પણ સુંદર અર્થ મળ્યો છે. તેમાં અધિકારભરી ભક્તિ અને ઈશ્વરને પણ સમદષ્ટિથી જોવાની વિશાળ દૃષ્ટિ છતી થાય છે. ઈશ્વરનો કોઈ વિરોધ નથી વ્યકત કર્યો પણ અંતે તો તેને (ઈશ્વરને) પામવાની ઉત્કટ ઈચ્છા જ વ્યકત કરી છે. ગમે તેમ બોલીને ઈશ્વર સાથે અંતર ન રાખતાં સદાય તેને અંતરમાં જ તુકારામે રાખ્યો હતો. આ ભક્તિનો જ એક પ્રકાર છે.

તુકારામની વિશિષ્ટતા એજ છે કે તેમણે ઈશ્વરની ફક્ત ભક્તિ કે સ્તુતી જ કરી નથી પરંતુ વખતોવખત એક સામાન્ય માનવીની જેમ જ ઈશ્વરને પણ તેનાં દોષો બતાવીને તેનો રોષ કર્યો છે, અને જરૂર પડયે અપશબ્દો પણ વાપર્યા છે. ઈશ્વરની સદયા સ્તુતી કરતા કવિઓ કે જેઓ स्तुति करावी परमेश्वराची (ઈશ્વરની હંમેશા સ્તુતી કરવી જોઈએ) કહે છે તેમની સામે આપણને તુકારામ જરા જુદા દેખાય છે. કારણકે ભક્તિ અને સ્તુતી માટે તેઓ કહે છે કે ફક્ત સ્તુતિ જ કેમ? स्तुति अथवा निंदा कराची देवांची ઈશ્વરની નીંદા પણ કરી શકાય. અને છતાંય નિંદા કરતી વખતે આ મસ્તક કે, આ શરીર તૂટી જાય તો પણ ઈશ્વર ભક્તિ છોડવી નહીં, એવો ભાવ તો તેમનામાં અવશ્ય રહેલો જ છે. તુકારામની ભક્તિમાં ઈશ્વર પ્રત્યે શરણાગતિની સાથે સાથે જ્ઞાનભર્યા પ્રશ્નો, પ્રેમ કલહ, અપશબ્દો, તું ક્યાં છું? એવા અનેક ભાવો પ્રગટતા જોવા મળે છે. અંતે લડાઈ-ઝગડો જાણે કે પુરો જ કરવા માંગતા હોય તેવી રીતે તુકારામ ફરીથી પ્રેમાળ બનીને, આંખમાં અશ્રુ સાથે ઈશ્વરને ફરીથી ઉચ્ચ સ્થાને બેસાડી તેની માફી માંગીને વિનંતી કરે છે. ''अल्प माझी मती। आता दाखवा दाखवा। तुमची पाउलें केरावा॥ હે કેશવ! હું તો અલ્પમતી, ટૂંકી બુદ્ધિનો માણસ છું. મને તારી લીલાનો કોઈ પાર દેખાતો નથી. તેથી હવે હું કાકલૂદી કરું છું. તને વિનવું છું હવે મને તારા ચરણોના દર્શન દે. મને તારી શરણમાં લે.''[७४]

તુકારામે પોતાના સર્જનકાળ દરમ્યાન કયારેય કોઈ ખાસ મત કે વિષય લઈને એ વિષય સંબંધી લખાણ લખ્યું હોય અથવા કોઈ સિદ્ધાંતને ધ્યાનમાં લઈને વ્યાખ્યાન કર્યું હોય એવું બન્યું નથી. તુકારામે વિવેચન પર સાહિત્ય સર્જન કર્યુ નથી તેમની બધી રચનાઓ મૌલિક છે. જેવો પ્રસંગ કે પરિસ્થિતિ ના સંદર્ભ જે ભાવ મનમાં આવ્યો હોય એ પ્રમાણે જ તુકારામનાં અભંગો રચાયા છે. સહજ રીતે રચાયેલા આ અભંગો એટલે જ વધારે વાસ્તવિક લાગે છે. પરંતુ પ્રસંગાનુસાર વિવિધ વૃત્તિઓ મનમાં ઉદ્ભવતી હોવાને કારણે અભંગોમાં એકસૂત્રતા રહેતી નથી. ક્યાંક વિરોધાભાસો પણ જણાઈ આવે છે. કેટલાંક અભંગોમાં તેની રચનામાં વિચારો કરતાં વિકારનું પણ અસ્તિત્વ જણાઈ આવે છે. તેમની વાણીમાં આવા વખતે જાણે કે બરછટપણું આવી ગયેલું જોવા મળે છે. જેમકે,

– नाम न वदे ज्याची वाचा ।
तो लेक दोन बापाचा ॥

(જેની વાચા જીભ હરિનું નામ લેતી નથી એવો એ બે બાપનો છે.)

– नाम न म्हणे ज्याचे तोंड ।
ते यि चर्मकाचें कुंड ॥

(જેનું મોઢું હરિનામ બોલતું નથી એવું એ મોઢું તો ચમાર (મોચી) ની કુંડી જેવું છે.)

જેવા કેટલાંક ઉદાહરણો તુકારામનાં અભંગોમાં જોવા મળે છે. ઉપરાંત અન્ય અભંગોમાં આવતી કેટલીક પંકિતઓ પણ આવા અપશબ્દોથી તેમના મનનો ઉદ્વેગ સ્પષ્ટ કરે છે.

---

૭૪. તુકામ્હણે, લે. સદાનંદ મોરે, ઉત્કર્ષ પ્રકાશન, પુણે, પ્રથમ આવૃત્તિ-૨૦૦૧, પૃ.૨૬૦

– कुंकवाची उठाठेव । बोडकाबाई कशाला ।

વિધવા સ્ત્રીને માથું મુડાવવું પડે એવો એ સમયે રિવાજ હતો. તુકારામ આવી કેટલીક સામાજીક રૂઢિઓને કારણે વ્યાભિચારમાં રાચવા માંડેલી વિધવાઓને પણ વાચિક પ્રહાર કરવાનું ચૂકતા નથી અને કહે છે કે જે સ્ત્રી વિધવા છે, માથે બોડેલી છે તેને વળી કંકુની લે-મૂક કરવાની શી જરૂર છે ?

ઉપરાંત 'जळो त्यांचे–तोंड' (એનું મોં બળે) 'त्यांच्या तोंडावरी थंका' (ગણીગણીને જોડા મારવા જોઈએ) (એના મોં ઉપર થૂંકવું જોઈએ) જેવા શબ્દો ગમે તેટલાં વેધક હોય સમાજ ઉપર અસર કરે તે માટે આવશ્યક હોય, સુધારણાં માટે ઉપયોગી હોય છતાંય તુકારામના મોંઢે શોભતા નથી. આવા શબ્દોમાં કોઈ ક્ષોભ-શરમ-સંકોચ નથી. તુકારામ જેવા જ્ઞાની ભગવતદ્ભકતનાં અન્ય અભંગોની વાણીના શબ્દોની સરખામણીમાં આવા દષ્ટાંતોએમનાં પોતાના હોય એવું લાગતું નથી. જોકે એક વાત અહીં ધ્યાનમાં લેવી જોઈએ કે આવા અભંગો (અપશબ્દો ભર્યા અભંગો) એ તેમની આતુરતા, આવેશ અને દુઃખનુ જ પરિણામ છે. આવા અભંગોને કારણે તુકારામની વૃત્તિ અને સાધુત્ત્વ ઉપર જરાય શંકા થતી નથી અથવા એમની અન્ય ઉચ્ચ લાક્ષણિકતાઓ નીચા દરજ્જાની હતી એવું માનવાનું પણ કોઈ કારણ નથી. આ અભંગો પણ તેમની રચનાઓની વિવિધતાઓ અંગેનો આપણને ખ્યાલ આપે છે.

જેમ એક ફળમાંથી અનેક રસ મળે, એક વાદ્યમાંથી અનેક સૂર નીકળે, એક બાગમાંથી અનેક ફૂલોની સુગંધ મળે એવી રીતે તુકારામનાં સર્જનોમાંથી અનેકતા મળી આવે છે. અનેક ભાવ, અનેક સંવેદનાઓ, વિવિધ રસ, ક્યાંક બાળકના હાસ્ય જેવી નિર્દોષતા તો ક્યાંક તાંડવનૃત્ય કરતા તુકારામ તેમનાં અભંગોમાંથી દષ્ટિગોચર થાય છે. માનવમનનાં વિવિધ ભાવો તુકારામના અભંગોમાંથી ઉભરી આવે છે. ક્યાંક વિવિધ વિરોધાભાસો પણ નિરૂપાયા છે. તુકારામની રચનાઓમાં હાસ્યની સાથે ચિરંતન સત્ય કહેતા અભંગો પોતાનું આગવું મહત્વ ધરાવે છે. તુકારામને સુગંધમાં, પુષ્પોની રજમાં, ધાતુમા ડુંગર ઉપર, આકાશ અને પાતાળમાં જ્યારે સર્વત્ર હરિની પ્રતિમા દેખાવા લાગે છે ત્યારે તેમનાં તત્વજ્ઞાનમા રસિકતાની સુગંધ ભળે છે. તુકારામે પોતાનાં અભંગોમાં જીવનનાં શાશ્વત મૂલ્યો અને તત્ત્વોજ્ઞાનમાં રસિકતા કાયમ ટકાવી રાખી છે. તેમનું જ્ઞાન કે ઉપદેશ ક્યારેય શુષ્ક નથી બનતો તેનું આ જ કારણ છે.

– ''आवा चालली पंढरपुरा।''
– ''वेशी पासुन आली धरा'' અને
''एक ब्रह्मचारी गाढव–झोंबला ।।''

જેવી પંક્તિઓમાં તેમનું હાસ્ય છતું થાય છે. તેમની ખાસિયત છે કે હાસ્ય ઉપજાવવા માટે માર્મીક શબ્દોની સાથે પાત્રો એકદમ સામાન્ય લીધા છે. નાની ઘટનાઓકે ક્રિયાઓમાંથી પણ હાસ્ય પ્રગટ કરી શકયા છે. ઉપરથી સીદાસાદા અને સરળ લાગતા શબ્દોમાં ઊંડાણ ભર્યો અર્થ તુકારામે ભર્યો છે.

તુકારામનું કવિત્વ કાવ્યદષ્ટિએ ઘણું વિશાળ છે. તેમની અંતઃકરણની ઉર્મીઓ કાવ્યાનુકુળ જ હતી. સંવેદનક્ષમ મન, જાત અનુભવ, સૂક્ષ્મ નિરિક્ષણ અને તીવ્ર ભક્તિમય બુદ્ધિને કારણે મધુરવાણીમાં તુકારામે પોતાનું બ્રહ્મપ્રાપ્તિનું ધ્યેય સિદ્ધ કરતાં આટલાં સુંદર સાહિત્યનું સર્જન કર્યું છે અને તે પણ તદ્દન સામાન્ય માણસ પણ સમજી શકે એવી સરળતાથી ! તુકારામના બધા કાવ્યો આત્મપર હોવાથી તે તેમની અંતર્મુખ વૃત્તિની સાક્ષી જેવા બની રહે છે. ઊંડા ચિંતન અને સૂક્ષ્મ નિરિક્ષણને કારણે કોઈ ઘટના, પ્રસંગને જોવાની તુકારામની દષ્ટિ સાવ જુદી હતી. એકાંતવાસને કારણે તેમની આ ટેવને જાણે સહકાર મળ્યો. તેમની ઘણી રચનાઓ તેમની એકાંતવાસની સુખોર્મીઓ હતી એમ કહી શકાય.

તુકારામનાં વિરહણીનાં ગીતો રૂપકપર છે. તેમણે વિરહિણીમાંથી સ્વૈરાચારિણી બનેલી સ્ત્રીનું ચિત્રણ પણ આધ્યાત્મભાવથી રંગ્યુ છે. કોઈપણ ભાવ કે પ્રસંગમાં તુકારામની પાછળ જાણે કે શબ્દગંગા વહેતી આવે છે એવું કહી શકાય. રસમય ભાવનાને બંધબેસતા શબ્દોમાં કેવી રીતે વ્યકત કરવી એ તુકારામની વિશિષ્ટતા રહી છે. તુકારામે યોજેલી ઉપમાઓ લૌકિક વ્યવહાર અને કુટુંબજીવનથી ભરેલી છે. પાણી વગર તરફડતી માછલી, સાસરે ગયેલી દીકરી, ભૂખ્યું બાળક, બધી બાજુએથી આપત્તીઓમાં ઘેરાયેલો જીવ, ઈશ્વર, પોતાને શરણમાં લે એવો આર્તનાદ, દરિયામાં દરેક છીપલાંમાંથી મોતી નથી મળતું, મૃત્યુને ઉજવણીનો પ્રસંગ ગણાવવો, મોહ-માયા- કામક્રોધને સગાવ્હાલાં ગણાવવા વગેરે ભાવોને વ્યકત કરવામાં તુકારામે આપેલી ઉપમાઓ અને રૂપકો તેનાં કવિત્વની શાખ પુરતા હોય એવું લાગે છે. અલંકાર, ઉપમાથી શોભતી, ભરપૂર દષ્ટાંતોથી આપેલી સમજ વગેરે જેવા ગુણોને કારણે તુકારામની કવિતા આજની તારીખે પણ સાહિત્યમાં અમર સ્થાન ભોગવે છે. જેમ આકાશ અસંખ્ય તારાઓથી શોભી ઉઠે છે તેવી રીતે તુકારામનાં અભંગોથી સાહિત્યનું આકાશ શોભી ઉઠે છે એમ કહી શકાય.

તુકારામનાં અભંગોની એક વિશિષ્ટતા એ પણ છે કે એ અભંગો વાંચતી વખતે તુકારામ જાણે સદેહે આપણી સમક્ષ હાજર હોય એવું અનુભવાય છે. તેમનાં પ્રત્યેક અભંગમાં અથવા પ્રત્યેક શબ્દમાં તેમનું વ્યક્તિત્વ જાણતા-અજાણતા છતું થઈ જાય છે. તુકારામ પ્રત્યક્ષ આપણી સાથે બોલતા હોય તેવા અર્થો અને સૂર તેમનાં અભંગોમાંથી રેલાય છે. અન્ય કવિઓ પોતાનાં પાત્રો દ્વારા અથવા ઘટનાઓ દ્વારા પોતાનું ભાવવિશ્વ વાચક સમક્ષ રજુ કરતાં હોય છે પણ તુકારામમાં એવું કશું જ નથી. તુકારામ પોતે જે કહેવા માંગે છે તે કોઈપણ આડપડદા વગર સ્પષ્ટતાથી અને બેધડક કહી દેતા હોયછે અને તેથી જ એનું પરિણામ વધારે વેધક બને છે. તુકારામનો બાહ્ય દેખાવ પણ અત્યંત સરળ અને સાદો જ હતો. કપાળમાં તિલક અને ગળામાં તુલસીની માળાં, હાથમાં વીણા અને કરતાલ લઈ આ વૈષ્ણવવીર કીર્તન કરતો હતો. અહીં વૈષ્ણવવીર એટલે વિઠ્ઠલભકત એવો અર્થ થાય છે.

કીર્તનનાં આરંભે મંગલાચરણ અને હરિનામસ્મરણ થતું પછી જ અભંગોની શરુઆત થતી.

''સાધકાવસ્થામાં તુકારામ અન્યોનાં કીર્તનમાં જતા અને ધ્રૂપદ કરતા પણ સમય જતા તેઓ પોતે મુખ્ય કીર્તનકારની ભૂમિકામાં રહેતા અને એમની પાછળ અન્ય 'टाळकरी' (કરતાલ-મંજીરા વગાડનારા) ધ્રૂપદ કરતાં હતા. આમાથી કુલ ૧૪ ટાળકરીઓએ તુકારામને ગુરુપદે સ્થાપ્યા હતા તેમના નામ

(૧) નિબોળારાય, (૨) રામેશ્વર ભટ્ટ, (૩) ગંગારામ મવાજ,(૪) સંતાજી જગનાડે (૫) મહાદજીપંત કુલકર્ણી, (૬) શિવબા કાસાર, (૭) અંબાજી પંત (૮) કોંડોપંત લોહકરે, (૯) મલ્હારપંત કુલકર્ણી, (૧૦) માલજી લાડે, (૧૧) ગવરશેઠ વાણી, (૧૨) કાન્હોબા (૧૩) નાવાજી માળી, (૧૪) કોંડ પાટિલ હતા.

તુકારામનાં મોંઢામાંથી સ્ફુરેલા અભંગો પ્રેમથી લખી લેવાનું કામ મુખ્યત્વે ચાકણના સંતાજી જગનાડે કરતાં. હાલમાં મળતી તુકારામનાં અભંગોની અસલ સંહિતા સંતાજી જગનાડેના લખાણોની જ મળે છે.''[૭૫]

તુકારામનાં ઉપદેશથી અને વાણીથી વહેતી અભંગ સરિતાને કારણે તત્કાલીન સમામજનાં સામાન્ય, ધનિકો તો ધર્મની સાચી સમજણ મેળવી જ રહ્યાં હતા પણ તે ઉપરાંત શૂદ્રો અને અન્ય જાતિનાં લોકો પણ તુકારામથી પ્રભાવિત થયા હતા. તીમનાં વિરોધીઓનાં હાથ હેઠા પડવા માંડયા હતો આ તમામને તુકારામે ઈશ્વર ભક્તિનો સાચો રસ્તો બતાવી પૂર્વાપરથ ચાલી આવતી પંઢરપૂરની ભક્તિમાં અનેકગણો વધારો કર્યો હતો.

## તુકારામનાં સ્ફુટ અભંગો :

તુકારામે રચેલા કુલ અભંગો પૈકી સાડાત્રણ હજાર જેટલાં અભંગોનો સમાવેશ સ્ફુટ અભંગ પ્રકારમાં કરી શકાય. અંતરની વિવિધ ઉર્મિઓને વ્યકત કરતા ભાવો તેમાં પ્રકટ થયા છે. તુકારામની આંતરિક લાગણીઓને જાણે કે શબ્દ દેહ મળ્યો છે. તેમાં ઉત્સ્ફૂર્તના ભરેલી છે. અભ્યાસુઓએ આ અભંગોને સુગમતા ખાતર ઉપદેશ, પાખંડ ખંડન, ભક્તિમાર્ગનું વિવરણ, નામ મહિમા, સંતમહિમા, ચિત્તશુદ્ધિ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, ભક્તિ-યોગમાર્ગ જેવા મુખ્ય વિષયોમાં વર્ગીકૃત કર્યા છે.

તુકારામની પારમાર્થિક પ્રગતિની સાથે સાથે તેમની રચનાઓમાં પણ અનુભવસિદ્ધ વાણીનો પ્રભાવ પડયો હતો. ઉત્કૃષ્ટ કવિત્વની પ્રાસાદિકતા તેમની વાણીમાંથી પોતાનું તેજ દર્શાવે છે. શબ્દોની યોગ્ય પસંદગી, ઉપમા, રૂપકો, અલંકાર વગેરેથી શોભતા અભંગો તુકારામનું કવિત્ત્વ દર્શાવે છે. ''ભારૂડ સિવાયનાં ઉપદેશપર રૂપકોમાં અભંગની જ રચનાપદ્ધતિ જોવા મળે છે. મુઠા,

---

૫૨. મહારાષ્ટ્ર સારસ્વત લે.વિ.લ.ભાવે ચોથી આવૃત્તિ, પૃ. ૩૭૪

કાવડે, પાઈક, વાસુદેવ, પાંગુળ, આંધળા, એકાક્ષીરી'' વગેરે જેવા અનેક રૂપોનો સ્ફુટ રચનાઓમાં સમાવેશ થાય છે. અહીં તુકારામની રૂપકો પ્રયોજવાની શક્તિ ઉચ્ચ કોટીએ જોવા મળે છે. ઉપરાંત વિરહિણી ગીતો, ગોપીગીતોમા ભાવના આવિષ્કાર કરતા રુપકો ઉપર વધુ ભાર આપેલો દેખાય છે. તુકારામની ગુરુપરંપરા, તેમને થયેલો કવિત્વનો ઉપદેશ, કીર્તનવખતે આવેલા સૈનિકો અને તે વખતે શિવાજીનાં બચાવ માટે તુકારામે કરેલી પ્રાર્થનાનો અભંગ ઉદ્ગાર, જ્ઞાનેશ્વર પાસેથી આવ્યો હોવાનું કહેતો ખેડૂત અને તેનું શંકાનિવારણ, વારકરીઓ સાથે પંઢરપુરનાં વિઠ્ઠલને મોકલેલો પત્ર જવાબ આવતા સુધીમાં તુકારામે ભોગવેલી તીવ્ર પ્રતિક્રિયાઓ-માનસિક અવસ્થતા તેમજ જવાબ આવ્યા પછી થયેલી અનુભૂતિ અંતિમ ઉપદેશ, પોતે વિઠ્ઠલનાં ધામમાં જઈ રહ્યા છે એવું કથન વગેરે જેવા પ્રાસંગિક અભંગોને સ્ફુટ કાવ્યરચનામાં સ્થાન આપી શકાય. આ વિભાગમાં કુલ ૨૩૮ જેટલાં અભંગો છે. ઉપરાંત પ્રભાતિયા, આરતી, શયન આરતી, પ્રથમ પ્રહરની આરતીઓ પણ છે.''[૭૬]

અહીં એકવાત સમજવી જરૂરી છે કે ફકત વર્ગીકરણની વિવિધતાને કારણે તુકારામની કવિત્ત્વ શક્તિની સાચી પરખ થઈ જતી નથી. તેને માટે અંતેતો સમગ્ર દષ્ટિથી તેની કવિતાઓ/અભંગોને જોવા જોઈએ. અહિં ફરીથી તુકારામનાં જ શબ્દોને યાદ કરીએ તો શબ્દોને તેમણે રત્નની ઉપમા આપી છે અને તે સાચેજ તેનાં શબ્દ ઉપરનાં પ્રભુત્વને લાગુ પડે છે. તુકારામે શબ્દોનાં રત્નોથી એક અપૂર્વ કાવ્યસૃષ્ટિનું નિર્માણ કર્યું છે. કારણકે શબ્દ જેમ રત્નરૂપ છે, શાસ્ત્રરૂપ છે તેવી જ રીતે તે દેવરૂપ પણ છે. 'तुका म्हणे पाहा शब्दाचि हा देव' કહ્યું છે તેથી જ શબ્દોની સહાયથી 'દિવ્ય વિશ્વંભર કવિત્ત્વ' પોતે કરી શકયા છે. તુકારામનાં હજારોની સંખ્યામાં છે એવા આ અંભગોરૂપી કવિત્વનું ઘેલું મહારાષ્ટ્રમાં સદીઓથી પેઢીદરપેઢીથી ચાલતું આવ્યું છે તે એની ચિરંજીવીતા દર્શાવે છે એમ કહી શકાય. જોકે તેમાં રહેલી કયાંક ગ્રામિણતાને કેટલાક વિદ્વાનો વખોડે છે પણ વાસ્તવિકતા એ છે કે તે ગ્રામિણતાને કારણેજ દરેક સ્તરની વ્યક્તિને તે પોતીકાં લાગ્યા છે, કેટલાક ગ્રામિણ શબ્દપ્રયોગને કારણે તેમાં ઔચિત્યભંગ થયો નથી પણ તેને કારણે તેમાં ઔચિત્ય સધાયું છે એમ કહેવું વધારે યોગ્ય છે. બદલાતાં જતા સમયમાં ભાષામાં, બોલીમાં ફેરફારો થતાં રહે છે પણ તેને કારણે તેનું મહત્વ ઘટતું નથી.

તુકારામની ગાથામાં પ્રવેશ કરતા પહેલાં તેમની ઓળખ બની ગયેલા એવા ''અભંગ'' વિશે થોડી ચર્ચા કરવી જરૂરી છે.

અભંગના સાહિત્યિક સ્વરૂપનાં માળખા વિશે તપાસતા જણાય છે કે ''અભંગ એ પ્રાચીન મહારાષ્ટ્રી (મરાઠી) ભાષાનાં સમયથી રૂઢ થયેલી પંક્તિ (ઓવી)નાં છંદનો જ એક પ્રકાર છે. પંક્તિ કરતા તે અલગ રીતે ગવાય છે એટલો તફાવત આં બનેમાં છે તે પ્રાય: ગેય હોવાથી સાદી રીતે વાંચતા પણ તેમાં ગેયતાનો સમાવેશ તો થતો જ હોય છે. તેમાં દરેક અક્ષર દીર્ઘ ઉચ્ચારવાની સગવડ

૭૬. મરાઠી વાડમચાયા ઇતિહાસ, ખંડ-૨, મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ, પુના, પહેલી આવૃત્તિ-૧૯૮૨, પૃ. ૩૯૫

હોવાથી વ્યંજન પછીનો દરેક સ્વર લંબાય છે. તેને કારણે વિવિધ સ્વરોનો મનોહર બંધ નિર્માણ થાય છે. ઉપરાંત દરેક ચરણ પછી યતિ હોવાથી વિરામોની નિયમિતતા જાતે જ ત્યાં સુધીનાં અર્થનાં ટૂકડાને સ્પષ્ટ કરે છે. અને પરિણામે અર્થનિષ્પત્તિની ગૂંચવણ ઉભી થતી નથી. ધૃપદ હોવાથી લયનાં આવર્તનો પણ અભંગ ગાનારાનાં હાથમાં જ રહે છે. એક અભંગમાં સમાન્ય રીતે ૨૨ અક્ષરોની (અથવા માત્રાની) એક, એવી લગાતાર ચાર અથવા પાંચ પંક્તિઓ (ઓવીઓ) મોટાભાગે હોય છે. આ પ્રત્યેક પંક્તિ ચાર ચરણની હોવાથી પહેલા ત્રણ ચરણો સામાન્યતઃ પ્રત્યેકમાં ૬ અક્ષરોવાળા અને ચોથી પંક્તિ એટલેકે છેવટનું ચરણ મોટેભાગે ચાર અક્ષરોનું હોય છે. અર્થાત્ તેમાંની કોઈપણ સંખ્યા ઉપર ક્યાંય મર્યાદા/બંધન નથી. કોઈ અભંગમાં અનેક પંક્તિઓ પણ હોઈ શકે છે. તુકારામનાં એક દીર્ઘ અભંગમાં ૨૦ પંક્તિઓ પણ જોવા મળે છે. એટલે કે અભંગની આડી કે ઉભી લંબાઈ તેનાં આશયને અનુરૂપ ઓછી-વત્તી કરવાની સર્જકને છૂટ છે. એકંદરે આ કાવ્યછંદ 'ગ્રાંથિક' કે 'પંડિતી'ન હોવાને કારણે તેમાં 'ખુલ્લાપણું' છે. અનેક કષ્ટો વેઠ્યા પછી, શ્રમથી પરવારીને ગાનારા લોકોની 'મોકળાશ'નો અનુભવ અભંગમાં રહેલો છે.

ઉપરાંત અભંગ એ એવો સાહિત્વિક પ્રકાર છે કે જેને ઘરબંધ (પંક્તિ ક્યાં-ક્યારે પૂરી કરવી તે અંગેનાં નિયમો) ઘણાં ઓછા પ્રમાણમાં લાગુપડે છે. તેની લંબાઈને કોઈ સીમા હોતી નથી. બેથી માંડીને બસો સુધીનાં ચૌક એક જ અભંગમાં હોઈ શકે છે. ચૌક એટલે અભંગની એક પંક્તિમાં ચાર ચરણ હોય છે, તથા આ ચારે ચરણ મળીને એક ચૌકની રચના કરે છે. પણ આ ચરણોને અક્ષરોનો, માત્રાઓનો અથવા ગણોનો કોઈપણ નિયમ સરખી રીતે લાગુ પડતો નથી.''[૭૭]

મરાઠી ભાષામાં જ્ઞાનેશ્વરથી માંડીને અનેક સમર્થ સર્જકોની પ્રયોગશીલતા હાંસલ કરીને ઘડાયેલા અભંગ પ્રકાર-છંદને તુકારામે વધુ પાણીદાર બનાવ્યો એમ કહી શકાય.

### તુકારામની ગાથા :

તુકારામને કવિત્વ કરવાનો આદેશ નામદેવે સ્વપ્નમાં આવીને કર્યો હતો. આમ, ગુરુપદેશ થયા પછી તુકારામ દ્વારા પ્રમાણબદ્ધ, બંધારણયુક્ત એવી અભંગરચનાઓ રચવાની શરુઆત થઈ. પણ તે પહેલા તુકારામનાં કવિત્વનો પ્રારંભ થયો હોવાથી તેઓ ધીમેધીમે પ્રસિદ્ધ થયાં હતા. પોતાનાં કવિત્વની શરુઆતથી માંડીને, મૃત્યુ સુધી રચેલ કુલ અભંગરચનાઓને જ 'તુકારામગાથા' એવું નામ આપવામાં આવ્યું છે. તેમની કોઈ ખાસ નામ આપેલી એવી કૃતિ નથી.તુકારામે વિવેચનાત્મક સર્જન કર્યું નથી.

૭૭. એજન, પૃ. ૨૭૯

તુકારામની એકંદરે કુલ અભંગરચનાઓ સાડાચાર હજાર જેટલી છે પણ તેમાંની કોઈને પણ ચોક્કસ એવા ક્રમ નથી. તુકારામનું અભંગસાહિત્ય મોટેભાગે ત્વરિત સ્ફૂરણાવાળું તથા આત્મઆવિષ્કારનાં સ્વરૂપનું છે. તે છતાંય કેટલાંક વિદ્વાનોએ તેમની અભંગરચનાઓનું વર્ગીકરણ કરીને તેમાંથી તુકારામનાં જીવનનો ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કર્યો છે. તુકારામ પોતે વારકરી સંપ્રદાયના હોવાથી કેટલાંક અભંગો તેમનાં ઉપાસ્ય દેવતા ઉપરનાં છે. તેમણે 'વિઠ્ઠલ'ને અનુલક્ષીને 'બાળક્રીડાનાં અભંગો'નું સૌ પ્રથમ સર્જન કર્યું હતું એવો એક મત છે. બાળક્રિડાનાં અભંગોની રચના પંક્તિબદ્ધ સ્વરૂપમાં છે. બાળક્રિડાના અભંગો પછી એકનાથની જેમ તેમણે આધ્યાત્મિક રૂપકો દ્વારા ગોપીભાવ સ્પષ્ટ કરતા અભંગો પણ રચ્યા છે. તેમના એક અભંગમાં માનવીનાં દેહને ખેતરની ઉપમા આપી તેની યોગ્ય રીતે માવજત કરવાનો ઉપદેશ આપ્યો છે. ખાસ કરીને તત્કાલીન સમયમાં મહારાષ્ટ્રમાં જનસામાન્યની એવી મરાઠી ભાષામાં ખેડૂતનું રૂપક તેમણે દેહનાં ક્ષેત્રનું વર્ણન કરવા માટે ઉપયોગમાં લીધુ છે. 'कोणी एक भुलली नारी' તથા 'गाउं गोपाल यमुनेचे तटी' જેવી ગોપીભાવની રચનાઓ પણ ગાથામાંથી મળી આવે છે. તેમા શ્રીકૃષ્ણની બાળક્રીડાનું જાણેકે કૌતુક તો છે જ પણ સાથે સાથે એ નિમિત્તે આપેલો તુકારામનો બોધ પણ એટલોજ અર્થસભર છે.

તુકારામની અભંગગાથામાં આત્મચરિત્રાત્મક અભંગ, પ્રસંગાત્મક રચનાઓ ઉપરાંત ભક્તિ, સાધુ, સંતો, (સદ્ગુરુ અંગેના તુકારામનાં વિચારો), ઈશ્વરનું નામ સંકિર્તન, જન સમાન્ય સામાજિક દુષણોમાંથી ઉપર ઉઠવાનું કહેણ, તેમનું જીવિતકાર્ય, સામાજિક પ્રબોધન જેવી અનેક વિષયો ઉપરની અંભગરચનાઓ મળી આવે છે. આ તમામ અભંગો સ્વાનુભાવથી આપેલા ઉપદેશથી, જ્ઞાનથી સભર છે. આ વિવિધ પ્રકારોમાંથી આત્મચરિત્રાત્મક અભંગો અને પ્રાસંગિક અભંગો વધુ મહત્વનાં ઠરે છે.

*આત્મચરિત્રાત્મક અભંગો :*

આ પ્રકારના અભંગો દ્વારા તુકારામે પોતાના જીવનનો થોડો-ઘણો પરિચય આપ્યો છે. આ અભંગો તેમનાં ચરિત્રની અધિકૃત એવી માહિતી છે. જીવનમાં શરુઆતમાં ભોગવેલી સુખસાહયબી પછી થયેલા કષ્ટોનો પરિચય, આપત્તિઓ, દુકાળને કારણે ભોવવી પડેલી આંતરિક-સામાજિક યાતનાઓ, તેને કારણે ઉપજેલો વૈરાગ્ય, અને પોતાની સાધકદશામાં થયેલા અનુભવોનો ચિતાર તેમણે આર્ત ભાવનાઓ દ્વારા ભાવવાહી શબ્દોમાં રજુ કર્યો છે. તેને કારણે આવા અભંગોને પણ અત્યંત કાવ્યમય એવું સ્વરૂપ પ્રાપ્ત થયું છે. આત્મચરિત્રાત્મક અભંગોમાંજ તુકારામે પોતાનો આત્મવિકાસ કેવી રીતે થયો, કઠોર અનુભવો દ્વારા સંસાર-સગાવહાલાં-બાળકો ઉપરાંત અન્ય દુન્યવી બાબતો પોતાનાં માટે કેટલા મહત્વનાં છે કે નહિ તે અંગેનો વિવેક-વિચાર અને જાગૃતી તેમનાં મનમાં કેવીરીતે ઉદ્દ્ભવી વગેરે જેવી બાબતો કે જે તુકારામના ચરિત્રને સમજવામાં સૌથી મોટી ભૂમિકા ભજવે છે તેનો ખ્યાલ આપ્યો છે.

*પ્રાસંગિક અભંગો :*

તુકારામે પોતાના જીવનમાં થયેલા કેટલાંક મહત્વનાં પ્રસંગોની ઘટનાઓને પ્રાસંગિક અભંગોમાં સુંદર રીતે વણી લીધી છે. તુકારામનાં જીવનમાં ગુરુપદેશનો પ્રસંગ અને સદ્ગુરીની કૃપાની પ્રાપ્તિનાં પ્રસંગોમાંથી આપણને તેમના ગુરુપરંપરાની તેમજ ગુરુપ્રત્યેનાં આદર-માન-પ્રેમની માહિતી મળે છે. ઈંદ્રાયણી નદીમાં તુકારામે કરેલી કવિતાઓની પોથીઓને ડૂબાડી દેવામાં આવી હતી તે પ્રસંગ કેટલાંક વિદ્વાનોને મતે 'ઘડી કાઢેલો' કહેવાતો હોવા છતાય તે ઉપરનાં તુકારામનાં પોતાના કહી શકાય એવા અભંગો પણ મળેછે. તુકારામના સદેહે વૈકુંઠાગમનના એટલે કે 'स्वामीनी काया ब्रम्ह केली' પ્રસંગ ઉપર તેમણે રચેલાં એવા કુલ ૨૪ અભંગો છે. કીર્તનરસમાં પોતાનાં દેહને કેવી રીતે બ્રહ્મસ્વરૂપમાં લીન કરી શકાય છે, કીર્તનમાં જેમ રંગ ચડે એવી રીતે મન અને બુદ્ધિનું તાદામ્ય ઈશ્વર સાથે થાય છે, તેને કારણે બ્રહ્માનંદની અનુભૂતિ થાય છે- એવા સંજોગો પણ તુકારામે જે-તે પ્રસંગનાં અનુભવ ઉપરથી રચ્યા છે, અને આનેજ કાયાને બ્રહ્મરૂપમાં લીન કરવી-એવું તુકારામે કહ્યું છે. લોહગામમાં શિવાજી મહારાજ ઉપર દુશ્મનોનો હુમલો, તુકારામે ઈશ્વરભક્તિ દ્વારા તેને કેવી રીતે ખાળ્યો હતો તે પ્રસંગો પર આધારિત અભંગો પણ મળી આવે છે. પ્રાસંગિક અભંગોમાં ઉપર્યુક્ત ઉદાહરણો ઉપરાંત : તુકારામનો ચિંચવડનાં ઈશ્વર સાથેનો સંવાદ, વારાણસીમાં જતી યાત્રાને તેમણે વિઠ્ઠલને કહેવાનો સંદેશ પત્ર દ્વારા આપ્યો હતો તે, એક વિષયાક્ત સ્ત્રી તુકારામ પાસે પોતાની ઈચ્છા પુરી કરવા ગઈ હતી તે પ્રસંગ, અનુયાયીઓને પોતાની છેવટની ઘડી આવી છે તે જણાવતાં અભંગો (અંતિમ ઉપદેશ), શિવાજી મહારાજે તુકારામને પોતાનાં રાજ્યમાં બોલાવ્યા અને તેમને અનેક ભેટ સોગાદો હાથી-ઘોડા-દ્રવ્ય વગેરે પહોંચાડ્યું હતું અને તુકારામે એ વખતે કેવું વલણ અપનાવ્યું હતું તે દર્શાવતો પ્રસંગ, પોતે પંઢરપુર જઈ શકયા નહોતાં તે અંગેનું દુ:ખ વ્યકત કરી વિઠ્ઠલને પોતાને ભૂલી તો નથી ગયાને ? એવો ભાવ વ્યકત કરતાં અભંગો, -એ પત્રમાં ઉત્તર વહેલો ન આવતા પોતે ભોગવેલો વિરહ દર્શાવતા અભંગો વગેરે જેવા પ્રાસંગિક અભંગો મુખ છે.

આમ, આ ઉપરાંત તુકારામની ગાથામાં જ્ઞાન, ભક્તિ, નામસંકિર્તન, તત્વજ્ઞાન, પ્રાચંચિકોનો ફિટકાર, સમાજમાં ખોટા ઠેકેદારો પ્રત્યેનો રોષ અને સામાન્ય અબુધ જેવી પ્રજા પ્રત્યેની સહાનુભૂતિ, તેમને સાચા રસ્તે જવાનો બોધ, તેમનું કવિત્વ, શબ્દ પસંદગીની કુશળતા જેવી બાબતો દષ્ટિગોચર થાય છે. ગાથામાંની કેટલીક પંક્તિઓને તો સુભાષિતો, કહેવતોનો દરજ્જો પણ પ્રાપ્ત થયો છે. જેમકે,

– तुका म्हणे अंत । सोशी जगाचे आधात ।

– गाढव शृंगारेले कोडे । काही केल्या नहे धोडे ।

– साधुसंत येली धरां । तोची दिवाळी दसरां।

વગેરે. ''તુકારામની ગાથાને ધ્યાનથી વાંચતા એકવાત સ્પષ્ટ થાય છે તે એવી કે તેમાની મોટાભાગની રચનાઓ આત્મવૃત્ત સ્વરૂપની છે. તેમાં ''तुका म्हण''એવા શબ્દો દરેક અભંગમાં લગભગ છેલ્લા પદમાં આવે છે. એનો અર્થ ''આ તુકારામનો અનુભવ છે એવી હું સાક્ષી આપું છું.'' એવો લેવામાં આવે છે. ગાથા ક્રમાનુસારે એકરેખીય પદ્ધતિથી જોવી શક્ય બનતી નથી. એક સંપૂર્ણ આત્માવિષ્કારનું એ વર્તુળ છે.તુકારામની ગાથા એકસાથે પારાયણ કરી શકાય એનાં માટે રચાયેલી રચના નથી. કોઈપણ અભંગથી શરુ કરીને કોઈપણ બિંદુને સ્પર્શીને ફરીથી જ્યાંથી શરુઆત કરી હોય ત્યાં જઈ શકાય છે, જેવી એની બાંધણી છે તેથી તેને 'એકબંધ મહાકૃતી' કહી શકાય એમ છે. તેમાં 'तुका म्हणे' ( તુકારામ કહે છે) એવા શબ્દોથી જાણે દરકે અભંગમાં તુકારામે પોતો હસ્તાક્ષર કર્યા હોય એવું પ્રતિત થાય છે.''[૭૮]

જ્ઞાનેશ્વરથી માંડીને તુકારામ સુધીનાં સંત કવિઓની કવિતામા ભક્તિ રસનાં અનુમોદન માટે કેટલાંક શૃંગારિક ઉદાહરણો, રૂપકો, વર્ણનો મળી આવે છે. શૃંગાર તરફથી પરમાર્થ તરફ લઈ જનારી આ ભક્તિનેજ મધુરાભક્તિ તરીકે ઓળખવામાં આવે છે. આ મધુરાભક્તિનો અનુભવ જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ અને તુકારામના સર્જનમાં થોડેઘણે અંશે થયેલો જોઈ શકાય છે.

તુકારામ જેવો દાંભિકોનાં માથા ભાંગનારો જ્ઞાની-સંત પણ મધુરાભક્તિભર્યા પદો રચે છે તે વાત થોડી આશ્ચર્યકારક છે. તુકારામનું સર્જન મોટેભાગે સમાજ સુધારણા અને પરબ્રહ્મની સાચી ઓળખ કરાવી આપનારું છે, પણ તેમાંય તેની ભાષા ખરબચડી અને ધારદાર-તીક્ષ્ણ છે. પ્રેમરસથી ભરપૂર એવાં મધુરાભક્તિના પદો જોતાં જણાય છે કે કૃષ્ણ ચરિત્રમાંના વિવિધ પ્રસંગો, વિશેષત : કૃષ્ણની બાળલીલાઓ ઉપરનાં તુકારામનાં અભંગોનું સ્વરૂપ નામદેવ તેમજ એકનાથની રચનાઓ પ્રમાણે જ છે. મનની વાસનાઓ હરિરૂપમાં અટવાઈ ગઈ હોવાથી ઉદાસ થયેલ ગોપીનું અથવા ગોપની વહુનું વર્ણન તુકારામ પોતાની આગવી શૈલીમાં કરે છે.

ગોપીઓની વ્યાકુળઅવસ્થા, મથુરાની ગલીઓ, કૃષ્ણની છેડછાડ જેવી રસીક બાબતો તુકારામે વર્ણવી છે. તેમા તેણે ગોપીની કૃષ્ણ સાથેની રતિક્રિડાને પણ આલેખવામાં કોઈ સંકોચ રાખ્યો નથી. ગોપીની વિરહાસ્થાને સુપેરે આલેખી તુકારામે તેની કૃષ્ણ સાથેની દેહવાસના સંતોષવાની લાગણીને વર્ણવી છે. જેમ પોતાને સમગ્રવિશ્વ વિઠ્ઠલમય જણાયું હતું-પોતે બધુ જ વિઠ્ઠલને અનુલક્ષીને કરે છે તેવો સમગ્રભાવ તેમણે ગોપીનાં આરોપ્યો છે.

શૃંગારને પણ પોતાની આગવી શૈલીથી આલેખતા તુકારામના આ અંભગો તદ્દન જુદોજ ભાવ વ્યકત કરી જાય છે એટલું જનહી પણ અભંગ દ્વારા જાણે પ્રત્યક્ષ 'નારાયણસંભોગ'નું તે

૭૮. પુન્હા તુકારામ લે. દિલીપ પુ. ચિત્રે, બીજી આવૃત્તિ-૧૯૯૪, પૃ.૨૧

વર્ણન કરી બતાવે છે. તેમની પ્રેમલક્ષણાભક્તિના આવાં કેટલાક પદો અન્ય સંતકવિઓનાં તત્સમ્ કાવ્યોથી વધુ તીવ્રતા ધરાવતા હોવાથી તેમાં એક પ્રકારની બિંદાસ્ત છબી ઉપસે છે. અન્ય કવિઓ વિરહી નારી, વિરહી ગોપી-પ્રિયતમની ભાવનાને ત્રાહિતપણે વર્ણવે છે જ્યારે તુકારામ પોતે જ વિરહણી બનીને એ અવસ્થા જાણે કે ભોગવી બતાવે છે. વિરહાગ્નીમાં તપીને, લૌકિક લોકલાજ છોડી, નિઃસંકોચ થનારા તુકારામે પોતાનાં આત્મકથાત્મક રૂપનો અભંગ રચ્યો છે, જેમાં તે કહે છે :

– ''वाळो जन मज म्हाणोत शिंदळी।
परि हा वनमाळी न विसंबे ॥
सांडोनि लौकिक जालिये उदास।
नाही जाय आस जिवीत्वाची ॥
नाउँके वचन बोलतां या लोका।
म्हणे जालों तुका हरिरता ॥''(३३९६)[७८]

હવે મને લોકો વેશ્યા કહે અગર ભલે મારો ત્યાગ કરે, પણ હું આ વનમાળીને છોડવાની નથી. લૌકિક ત્યજીને હવે હું ઉદાસ થઈ ગઈ છું. મને કોઈનો ડર કે જીવવાની આકાંક્ષા નથી. તુકારામ કહેછે કે લોકો ભલે ગમે તે કહે પણ હવે હું લોકોનું સાંભળનાર નથી. હું હરિમય થઈ ગઈ છું, હરિમા રત થઈ ગઈ છું.

– ''आधिल्या भ्रतारें काम नव्हे पुरा।
म्हणोनी व्याभिचारा टेकलियें ॥
रात्र दिवस मज पाहिजे जवळी।
क्षण त्या निराळी न गमे घडी ॥
नाम गोष्टी माझी सोय सांडा आता ।
रातलें अनंता तुका म्हणे ॥''(३३९७)[७९]

મારો પહેલો જે દૈહિક પતિ હતો, તેનાથી મારી કામનાઓ (સુખની ઈચ્છા) પુરી થતી નહોતી, તેથી તેને છોડીને મેં હવે શ્રીહરિ સાથે સંબંધ બાંધ્યો છે. રાત-દિવસ એ મને મારી સાથે-મારી પાસે જોઈએ, તેનાં વગર મને એકક્ષણભર પણ ચેન પડતું નથી. તુકારામ કહે છે હવે મારી આ હકીકત સાંભળ્યા પછી તમે મારી સાથે સંબંધ નહી રાખો તો પણ ચાલશે. હું તો અનંત સાથે સંબંધ બાંધી બેઠો છું.

૭૮. સાર્થ શ્રી તુકારામગાથા, સંપાદક : જોગ મહારાજ, ઢવળે પ્રકાશન, મુંબઈ, પંદરમી આવૃત્તિ,જુલાઈ-૨૦૦૩, પૃ. ૭૧૨
૭૯. એજન, પૃ. ૭૧૨

– "विसरलें कुळ आपुला आचार।
पति भावे दर धर सोया॥
सांडिला लौकिक लाज भय चिंता।
रातलें अनंता चित्त माझें॥
मज आता कोणी आळवाल झणी।
तुका म्हणे कानी बहिरी झालें॥" (૩૪૦૦)[૮૦]

અર્થાત્ દેહાભિમાન રૂપી પતી અને તત્સંબંધી કાળાદિરૂપ દિયર અને અવિદ્યારૂપી ઘર વગેરે રૂપી કુળની મને કોઈ યાદ રહી નથી. મને એ બધાની વિસ્મૃતી થઈ ગઈ છે. આ કુળસબંધથી થનારા અન્ય વ્યવહારો પણ હવે મને યાદ નથી. મેં લૌકિક, લજ્જા, ભય અને ચિંતા છોડી દીધી છે, કારણ કે હવે હું અનંતમાં રત-લીન થઈ ગઈ છું. શિખામણ આપવા માંગે તો સમજી લેજો કે હવે હું કાનથી બહેરી થઈ ગઈ છું.

ઉપરનાં શૃંગારિક પદો સમજ્યા પછી હવે પ્રશ્ન ઉભો થાય છે કે તુકારામ જેવા વૈરાગ્યનાં પ્રતિક એવી વ્યક્તિએ આવાં પ્રકારનાં અતિ શૃંગારિક પદો/અભંગો શા માટે રચ્યા હશે ? તો એનો જવાબ આપણને એવો મળે છે કે ઉપરના પદો રૂપકાત્મક છે અને તેમાં પહેલી દષ્ટિએ જોવા તો વ્યાભિચાર સામાન્ય વ્યવહારની વ્યાભિચારી વૃત્તિ કરતાં ઘણો અલગ છે. તેમાંથી ઈશ્વર ભક્ત વચ્ચેનો અવ્યાભિચારી પ્રેમ વ્યક્ત થાય છે. તેની સાથે જ આ પદો/અભંગો વાંચી વખતે પણ આપણી સમક્ષ વિરક્ત એવો તુકારામ જ આવી ઉભો રહે છે, તેમાં 'રસીક' તુકારામની કોઈ છબી દેખાતી નથી એ એટલું જ સ્પષ્ટ છે. પરંતુ ઉપરની બધી બાબતોને માન્ય કરવાં છતાંય 'पराचिया नारी रखुमाई समान' કહેનારા જ્ઞાની સંતે પણ રૂપકની ભાષામાં 'પરપુરુષ'નું સુખ ભોગવવાની ઈચ્છા બહુ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી છે. તેની નવાઈ લાગે છે. પરમેશ્વર તે પ્રિયતમ, ભક્ત એની નવવધુ, અને સાક્ષાત્કાર એ બંને એ માણેલો આનંદ છે એ પ્રમાણેનું સુંદર રૂપક યોજીને તુકારામે જાણેકે પોતાનો સ્વાનુભવ વર્ણવ્યો છે.

૮૦. એજન, પૃ. ૭૧૩

## 3.3 : તત્વજ્ઞાન

તુકારામ અતિશય ભાવોદ્રેકભર્યા ભક્ત હતા. યુક્તિ કરતાં ભક્તિ તરફ તેમનો ઝુકાવ વધારે હતો. મહારાષ્ટ્રનાં ભાગવત ધર્મનું અદ્વૈત તત્વજ્ઞાન એમણે ઉત્કટતાથી આત્મસાત કર્યું હતું. એવુ તેમના સર્જન ઉપરથી આપણે જોઈ શકીએ છીએ. જે શ્રી હરી-વિઠ્ઠલ તેમનો સખા થયો હતો અને જેની વાણી તુકારામનાં મોઢેથી અભંગ એ પ્રકટ થતી હતી એવા આ ઈશ્વરનાં સ્વરૂપ વિશે અને આ સચરાચર જગત વિશે એમના વિચારો કેવા હતા તે જોઈએ.

તુકારામ વિઠ્ઠલનાં પરમભક્ત હતાં તેથી તેની સર્વવ્યાપકતા સિવાય અન્ય કોઈ બાબતમાં તેમનું ધ્યાન નહોતું પરંતુ વિઠ્ઠલની મૂર્તિ એટલે જ વિઠ્ઠલ એવી તેમની ભાવના ન હોતી. તેઓ મૂર્તિપૂજક નહોતા. એવા અર્થમાં કે તેમણે મૂર્તિના ષોડ્શોપચારોને ક્યારેય મહત્વ આપ્યુ નથી. અંતરની શુદ્ધ ભક્તિને વધુ મહત્વ આપ્યુ છે.તેમની ભક્તિ જ્ઞાનપૂર્ણ હતી. તેથી તે વિઠ્ઠલને કહે છે કે,

— ''जेथे तेथे देखे तझीच पाऊलें।''
त्रिभुवन संचले विठ्ठला गा ॥
भेदाभेदयते भ्रमाये संवाद ।
आम्हा नको वाद त्यांशी देऊ॥
तुका म्हणे अणु तुज विण नाही।
नभाहुनी पाही वाढ आहे ॥''[८१]

હે વિઠ્ઠલા, ત્રિભુવનમાં તુ વસી રહ્યો છે તેથી જ્યાં ત્યાં મને તારા ચરણો જ નજરે પડે છે. ભેદ-અભેદ, દ્વૈત-અદ્વૈત જેવા વિષયો ઉપર ભ્રામક સંવાદો કરતાં પંડિતો સાથે હું વાદ-વિવાદમાં પડતો નથી. હું તો એટલું જ જાણું છું કે વિશ્વનાં અણુ-અણુમાં તું જ વ્યાપી રહ્યો છે અને તુ આકાશ કરતાંય મોટો છે. આ સિવાય અન્ય કોઈ ભાવ હવે મારા મનમાં આવવા દેતો નહીં એટલે કે (पावले पावले तुझे आम्हां सर्व) અમે સર્વસ્વ પામી લીધું છે.

વિશ્વમાં સર્વત્ર તું જ છે તેથી તારા કરતાં હું ભિન્ન નથી. તેથી

- अणु रणुया थोकडा । तुका आकाशा एवढा ॥ (૯૯૩)

તુકારામ પણ અણુ કરતા નાનો અને આકાશ જેટલો વ્યાપક થયો છે.

- दुजे खेडे तरी। उरला तो अवधा हरि ॥

૮૧. તુકારામની અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ. ૩૭

વિશ્વમાં હરિ સિવાય અન્ય કોઈ સર્વવ્યાપી નથી તેથી હરિસિવાય જે કાંઈ બચે છે તે પણ હરિ જ છે. આપણાં મૂળ સ્વભાવમાં હું અને મારું વૃત્તિઓ ઉત્પન્ન થાય છે ત્યારે દ્વૈતનો આરંભ થાય છે. અદ્વૈત બ્રહ્મજ્ઞાનનું સ્વરૂપ વર્ણવતા તુકારામ કહે છે કે,

- ''न करी रे संग राहे रे निश्चल ।
लागो नेदी मळ ममतया ।
या नावे अद्वैत खरें ब्रह्मज्ञान ।
अनुभवावांचून बडबड तो ।
उन्द्रियांचा जय वासनचा क्षय ।
संकल्याही न ये वरी मन ।
तुका म्हणे न ये जाणीव अंतरा ।
अंतरी या धारा आनंदाचा ॥''[૮૨]

તુકારામની અદ્વૈત બ્રહ્મજ્ઞાનની અનુભૂતિ આ અભંગમાં પ્રકટ થઈ છે. તેઓ કહે છે મન વિષય તરફ ઢળે ત્યારે જ નિશ્ચળ રહેવું જરૂરી છે. अहं-मम (હું-મારું) વૃત્તિઓ ઉઠવી ન જોઈએ. આવી વૃત્તિ રહિત અવિચળ શાંત અવસ્થામાં જ નિર્ગુણ પરબ્રહ્મ જ રહેલું છે. આવા અનુભવ વગરનું અદ્વૈતનું વિવેચન કેવળ બડબડ કર્યા જેવું જ છે, (પોકળ છે) ઈન્દ્રિયો સ્વાધીન થઈને વાસનાનો ક્ષય થયો છે, એવી અનુભુતિ પણ ના રહે, અંતરની એવી આનંદમય અવસ્થાને જ બ્રહ્મજ્ઞાનનો બ્રહ્માનંદ કહી શકાય. આવા સમયે જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનની અનુભુતિની આ ત્રિપુટીનો લોપ થાય છે અને દ્વૈતરહિત, શાંત, આનંદમય, જ્ઞાનરૂપ પરબ્રહ્મનું જ અસ્તિત્વ રહે છે.

આવો જે નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા છે તેને અમે ભક્તિથી (ભકતોએ) સાકાર કર્યો છે.

- ''रुप नाहीं रेखा नामही जयासी ।
आपुल्पा मानसीं शिव ध्याय ॥
अंतपार नाहीं वर्णा नहीं धारा ।
कुळयाति शिर हस्त पाद ।
उचेत चेतले भक्ताचिया सुखें ।''
आपुल्यां कौतुके तुका म्हणे ॥[૮૩]

જેને નામ રૂપ નથી એવા પરબ્રહ્મનું ધ્યાન શંકર ધરે છે. જેને આદી અંત નથી, વર્ણ, કુળ, જાતિ, હાથ-મસ્તકાદિ જેવા અવયવો પણ નથી એવું દુન્યવિ દષ્ટિએ નિષ્ક્રિય, નિર્ગુણ પરબ્રહ્મ ભકતોની સુખાકારી માટે સક્રિય થવું છે, સાકાર થવું છે.

---

૮૨. એજન, અભંગ નં.૧૧૨
૮૩. એજન, અભંગ નં.૭૦૪

— ''अव्यक्ता अलक्षा अपारा अनंता।
निर्गुणा सच्चिदा नारायणा ।
रुप नाम घेसी आपुल्या स्वउच्छा ।
होसी भाव तैसा त्याकारणें ।
तुका म्हणे जरी दाविसी आपणा ।
तरीच नारायणा कळो येसी ॥''[८४]

અર્થાત્ નારાયણ એ વસ્તુતઃઅવ્યકત, અલક્ષ, અપાર, અનંત, નિર્ગુણ અને સચ્ચિત સ્વરૂપ છે. ભકતનો જેવો ભાવ હશે એવા સ્વરૂપમાં એ રૂપનામ ધારણ કરે છે. નારાયણ ભક્તિના પ્રતાપે આપણને (ભકતને) નામરૂપે દર્શન આપે તો જ ભકતોને તેનું જ્ઞાન થાય છે.

પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન તુકારામને ભક્તિ માર્ગે થયું હતું. કર્મયોગ અથવા ભક્તિયોગ છેવટે તો આત્મજ્ઞાનમાં વિલિન થઈને મોક્ષ એટલે જન્મ મરણની પરંપરામાંથી તથા તેના માટે કારણભૂત એવી વાસનાઓથી મુક્તિ અપાવે છે. તુકારામનાં ''ઘરમાંથી વેદાંત પાણી જેવો વહેવા લાગ્યો'' તેનો અર્થ અને કારણ તેઓ પોતે જ જણાવતા કહે છે કે ''सर्व पक्षी हरि साहेसरवा झाला'' હરિ જ મારો સહાયક બન્યો હતો. તેમની એકનિષ્ઠ ભક્તિને કારણે નારાયણે પ્રસન્ન થઈ પોતાનું યથાર્થ જ્ઞાન તુકારામને આપ્યું હતું એવું તુકારામ નીચેના અભંગમાં જણાવે છે.

— ''तुका म्हणे जरी दाविशी आपणा।
तरी नारायणा कळो येसी ॥''[८५]

પરબ્રહ્મને તુકારામે સદૈવ શુદ્ધ કહ્યું છે. કર્મ, અકર્મ, પાપ-પુણ્ય જેવા દ્વંદ્વોથી તે પર છે. શરીર અને મનના મેલથી તે મેલું થતું નથી. તેને પાપ અને પુણ્ય પણ લાગતા નથી. આત્મ સ્વરૂપનું જ્યાં સુધી જ્ઞાન થતું નથી ત્યાં સુધી જીવને કર્મોનું તથા તેને કારણે મળતાં પાપ-પુણ્યનું બંધન રહે છે. પરમાત્માની મૂળ સહજ સ્થિતિમાં કર્મ કે પાપ-પુણ્ય જેવું કશુંય નથી. મનવાચાતીત (મન-વાચાથી પર) એવું આ પરમાત્મ સ્વરૂપ કેવળ ભક્તિનાં માપથી જ માપી શકાય છે. યોગ-યાગ-તપ, બુદ્ધિમતા અહીં કોઈ કામમાં આવતી નથી. તુકારામ કહે છે કે જગતમાં ઈશ્વર આંતર-બાહ્ય બધે જ વિલસી રહ્યો છે, વ્યાપી રહ્યો છે. શુદ્ધ ભાવથી જ તેને જાણી શકાય છે.

— ''सगुण कीं साकार निर्गुण की निराकारा ।
न कळे हा पार वेदा श्रुती ।
तो आम्ही भावे केलासी लहान ।
ठेवूनियां नांये पाचारितो ॥''[८६]

૮૪. એજન, અભંગ નં.૭૦૦
૮૫. એજન, અભંગ નં.૭૦૪
૮૬. એજન, અભંગ નં.૧૮૩૪

તૂ સગુણ સાકાર છે કે નિર્ગુણ નિરાકાર છે તેનો તો વેદો પણ પાર પામી શકયા નથી. અમે અમારી ભક્તિથી તેને નાનો–મોટા આકાર આપીને, તેને નામ આપીને તારું સ્મરણ કરીએ છીએ.

તુકારામની અદ્વૈતની આ કલ્પના આપણા નરસિંહ મહેતાની અદ્વૈતની કલ્પના સાથે મળતી આવે છે. પંદરમી સદીનાં ''ગુજરાતી કાવ્યનું ગંગોત્રી શિખર'' તરીકે ઓળખાતાં નરસિંહ મહેતાએ આત્મજ્ઞાન અને બ્રહ્મ સાક્ષાત્કાર વર્ણવતા પદોમાં વેદાંતજ્ઞાન વ્યક્ત કર્યું છે.

નરસિંહ મહેતાનું આ પદ તેમનાં ઉચ્ચ કોટિનાં જ્ઞાનનું સૂચક છે.

''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે,

દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે,

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા !
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે,

વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે

વેદ તો એમ વદે, શ્રુતિ–સ્મૃતિ સાખ દે,:
કનકકુંડળ વિશે ભેદ ન્હોયે,

ઘાટ ઘડીયા પછી નામ–રૂપ જુજવાં,
અંત તો હેમનું હેમ હોયે,

ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી,
જેહને જે ગમે તેને પૂજે,

મન–વચન–કર્મથી આપ માની લહે,
સત્ય છે એજ:મન એમ સૂઝે

વૃક્ષમાં બીજ તુ, બીજમાં વૃક્ષ તુ,
જોઉ પટંતરો એ જ પાસે,

ભણે નરસૈયો: એ મન તણી શોધનાં
પ્રીત કરું, પ્રેમથી પ્રગટ થાશે.''[૮૭]

હવે ૧૫ મી સદીથી આગળ આવતાં ૨૦ મી સદીનાં પૂર્વાર્ધનાં ગુજરાતી સાહિત્યના અગ્રેસર કવિ સુન્દરમ્ પણ આજ વાત પોતાની રીતે મૂકી આપે છે. અદ્વૈત પરબ્રહ્મને 'કોણ' નું શીર્ષક

૮૭. નરસિંહ પદમાલા, સંપાદક: જયંત કોઠારી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ.૭૫

આપી કવિ એ નિસર્ગનાં તત્વોને સાંકળીને એક સુંદર કાવ્ય રચ્યું છે. આ કાવ્ય કલ્પના દ્વારા આજની તારીખે પણ અદ્વૈતને ઓળખવાનો પ્રયત્ન થતો રહે છે. એવી પ્રતીતિ થાય છે. જેમ આગળનાં કાવ્યમાં નરસિંહ મહેતાએ પરબ્રહ્મને 'તું' જ તરીકે સંબોધ્યું છે. તેમ આ કાવ્યમાં સુન્દરમે પરબ્રહ્મને 'કોણ' નો પ્રશ્ન પૂછીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

''પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?
પૃથ્વી ઉરથી ઉઠે કોનો સુરભિત પુલકિંત મુખરિત શ્વાસ?
કોણ બદલતું સન્ધ્યાકાશે પલ પલ નવલાં પ્રેમળ ચીર?
કોણ ઊછળતી મોકલતું નિજ કુમળી ઊર્મિ સરવરતીર?
અહો, ગૂંથતું કોણ પૃથ્વીને સેથે ઝાકળમાં મોતીમાળ?
તરુએ તરુએ ફળતી કોની આશા કેરી સાખ રસાળ?
કોના કંકણ બાજે એકલ સરિતા કેરે સૂને ઘાટ?
પર્વતને શિખરે સ્થિર બેસી કોણ સનાતન જોતું વાટ?
ઓ સારસની જોડે વિષે ઊડે છે કોની ઝંખનઝાળ ?
અહો ફલંગે કોણ અધીરું વાદળ વાદળ માંડે ફાળ?
અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ?
કાળ તણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ ?''[૮૮]

અહીં આપણે તુકારામ, નરસિંહ મહેતા અને સુન્દરમ્‌ની અદ્વૈતની ફિલસુફી જોઈ. ત્રણે સમર્થ સર્જકો છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. પણ ખૂબી એ છે કે ત્રણે કયારેય એકબીજાને મળ્યા નથી, જોયા નથી હા, એમ બને કે સુન્દરમે્ નરસિંહ મહેતા અને તુકારામને વાંચ્યા-સમજ્યાં હોય તે છતાંય બાકીનાં સર્જકોની વિચાર સરણીની એકરૂપતા જોઈને સુખદ આશ્ચર્ય અનુભવાય છે. આટલી હદે એકસરખાપણું એ કોઈ સંજોગવશાત છે કે પછી આકસ્મિક? એમ કહી શકાય કે વિચારો અને અભિવ્યક્તિને ભાષા, સમય, સ્થળકાળની મર્યાદાઓ નડતી નથી. જગતનાં ઘણાં જ્ઞાનીઓ, કવિઓ એકસરખું વિચારતા હોય છે. અહીં આ વાત સાચી પડતી જોઈ શકાય છે. કારણકે ભાષા, અભિવ્યક્તિ ભલે જુદી હોય પણ કથા વસ્તુનો ભાવ ત્રણેનો એક જ છે. વાતતો ત્રણે સર્જકો અદ્વૈત પરબ્રહ્મની જ કરી રહ્યા છે.

તુકારામ કહે છે કે બ્રહ્મ તું તો દ્વંદ્વાતીત અને નામરૂપાતીત છે. તેથી

– ''हे अनंता, अरुपा, अलक्षा, अच्युता ।
निर्गुणा, सच्यिता, सर्वोतम ॥''

૮૮. ચૂંટેલી કવિતા : સુન્દરમ્ ચયત-ચંદ્રકાંત શેઠ, ગુજરાત સાહિત્ય અકાદમી, પૃ.૪૬

અમે આપેલા નામો તે સ્વીકાર્યા છે અને અમારી ભક્તિ પ્રમાણે તે સ્વરૂપો લીધા છે. તેથી જ તુકારામ કહે છે કે તારા ચરણોમાં મારું મસ્તક હે ગોવિંદ, સદાય રહેવા દેજે.

વિઠલનું સ્વરૂપ ન કાળું ન ગોરું, ન કઠણ ન નરમ એવું ગુણત્રયાતીત છે. તે સઘળે હોવા છતાંય નથી કારણ તેના કરતાં 'સઘળું' આ જૂદુ નથી. તેથી ધ્યેય આધાર ભાવનું દ્વૈત ઉભું થતું નથી. મારો એવો સ્વામી છું કે જેનો પાર નથી. આ જ અર્થ નીચેની પંક્તિમાં પણ દેખાય છે.

– ''होउनी सकळ कांहि च न होसी ।
तुका म्हणे यासी वेद ग्वाही ॥''[૮૯]

એક જ પરમાત્મા બધે જ છે અને કશે જ નથી કારણ એનાથી ભિન્ન એવો બીજો કોઈ પદાર્થ છે જ નહીં. એ છે એવું ગૃહિત લઈને જ એનું સર્વવ્યાપકપણું આપણે સ્વીકારવું પડે છે. પરંતુ એક જ પરમાત્માને સ્થાને અન્ય એવો કોઈ બીજો ભાવ નથી એ વાત સ્થાપિત કરવા માટે તુકારામે વેદોની સાક્ષી આપી છે.

વિશ્વમાં કોઈ ભિન્નતા નથી એક જ ચૈતન્ય સર્વસ્વ વિલસે છે. हरि व्यापक सर्वगत। हा तव मुख्यत्वे वेदांत - શ્રી હરિ સર્વગત અને સર્વવ્યાપક છે. એવો વેદાંતોના સાર છે એ ધ્યાનમાં રાખીને જ શ્રીહરિની ભક્તિ કરવી જોઈએ.

– ''तुका म्हणे दुजे। हे तो नाही सहजे।
संकल्पाच्या काजे। आपोआप वादले ॥''[૯૦]

શ્રી હરિ કરતાય કશુય ભિન્ન નથી. अद्वैत तो ठाव। निरंजन एकल। द्वैत तो આપણી કલ્પનામાં રહેલું છે, કલ્પનાને કારણે છે. વસ્તુતઃ ફક્ત શ્રી હરિનું અદ્વૈતજ સત્ય છે.

શુદ્ધ બ્રહ્મજ્ઞાનને સ્થાને મન સ્થિર કરો. સૂર્ય જેમ બધા રસો શોષે છે પણ તેના ગુણદોષોથી મુકત રહે છે. તેવી જ રીતે બ્રહ્મ સર્વ ઠેકાણે સમ છે અને ગુણદોષોથી અલિપ્ત છે. આવી રીતે પરબ્રહ્મનાં શુદ્ધ જ્ઞાનનો વાસ્તવિક ઉપદેશ તુકારામે આપ્યો છે.

વિઠલને તુકારામે પરબ્રહ્મનું પ્રતિક ગણાવ્યું છે. તેને નામરૂપ નથી. તે એક જ સ્થાને છે એવું પણ નથી. જ્યાં જુઓ ત્યાં બધે જ છે. તેને આકાર, વિકાર નથી. છતાંય તેનાથી સચરાચર છલોછલ ભરેલું છે. તે નિર્ગુણ પણ નથી. તે સગુણ પણ નથી. આવા સાપેક્ષ શબ્દોથી આરપાર એવા એના ભિન્નત્વને કોણ સમજી શકે છે? કારણ કે તે બુદ્ધિથી પણ અગોચર છે.

---

૮૯. તુકારામચી અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ.૨૩૧૧
૯૦. એજન, અભંગ નં. પૃ. ૨૭૭૩

– ''विश्वी विश्वंभर बोले वेदांताचे सार।
जगी जगदीश। शास्त्रें वदती सावकार ।।
व्यापिले हे नारायणें। ऐसे गर्जती पुराणे ।।
जनी जनार्दन। संत बोलती वचन।
सूर्याचिया परी। तुका लोकी क्रीडा करी ।।''[૯૧]

અર્થાત્ વેદ, શાસ્ત્રો, પુરાણો અને સત્પુરુષો એક જ વાત કહે છે કે વિશ્વમાં વિશ્વંભર છે, જગતમાં જગદીશ છે. જનતામાં જનાર્દન છે અને સઘળા વિશ્વમાં નારાયણ વ્યાપી રહ્યા છે. તેઓ વિશ્વવ્યાપી હોવા છતાંય સૂર્યનારાયણ જેમ વિશ્વનાં ગુણદોષોથી અલિપ્ત રહે છે. તે પ્રમાણે તુકારામ લોકો વચ્ચે રહીને પણ અલિપ્ત પણે જીવનની આ રમત રમી રહ્યા છે. વિઠ્ઠલથી પરબ્રહ્મ જુદુ નથી વિઠ્ઠલ જ પરબ્રહ્મનું પ્રતીક છે. તેથી,

પરબ્રહ્મ-પરમાત્મા અથવા ઈશ્વર જ સત્ય છે બાકી બધુ મિથ્યા છે એવો અદ્વૈતનો સિદ્ધાંત હોવાથી તેનાથી અલગ દેખાતી વસ્તુનું ભિન્નત્વ સાચું નથી. એના સિવાય બીજા કશાનું અસ્તિત્વ નથી. એ જ સર્વસ્વ છે એવી અનુભૂતિ કરનારો જીવ પણ તેનાથી ભિન્ન નથી.

- ''विठो माउलीये हायि वर देई ।
संचरोनी राही हृद्रयामाजी ।।''

એવી આર્ત વિનવણી કર્યા પછી વિઠ્ઠલે જ્યારે તુકારામનાં હૃદયમાં વાસ કર્યો ત્યારે તુકારામથી વિઠ્ઠલ વેગળા રહ્યા નહોતા. એમાંજ તદ્રુપ થઈ ગયા. તેથી આ અભંગવાણી મારી નથી મારા સખા ભગવંતની છે. (सखा भगवंत वाणी त्याची) એવું કહે છે ત્યારે તે પોતાનો અનુભવ હોય છે. નારાયણ સાથે થયેલી એકરૂપતાને તુકારામે અનેક અભંગો દ્વારા વર્ણવી છે.

– ''एका जिवे आता जिणे जाले दोन्ही ।
वेगळीक कांही नव्हे आतां।
नारायणा आम्हां नाहीं वेगकीळुं।
पुरविली है भाक सांभाळली ।।''[૯૨]

નારાયણ અને હું હવે એક જ જીવથી જીવીએ છીએ. એનામાં અને મારામાં કોઈ ભિન્નતા રહી નથી. આ સ્થિતિ પ્રાપ્ત થાય, નારાયણ મને સંપૂર્ણ રૂપે મળે, હું જુદો જ ન રહું આને માટે જ અત્યાર સુધી બધી ખટપટો કરી છે અને હવે તેમાં હું સફળ થયો છું. આજ અભંગની આગળની પંક્તિમાં કહ્યા મુજબ

૯૧. એજન, અભંગ નં.૩૭૪૭
૯૨. એજન, અભંગ નં.૧૭

— तुका म्हणे जाले साचासाचें कळ ।
सरली ते वेळ काळ दोन्ही ।।

હવે તો સ્થળકાળથી મર્યાદિત એવું જીવન સ્થળકાળાતીત થયું છે. આ બંધન પણ રહ્યું નથી.

— तुका म्हणे घालु जीवपणा चिरा ।
जाऊ त्यां माहेरा निजाचिया ।।[૯૩]

જીવનાં અલગપણાંથી (ભિન્નત્વથી) આવેલું જીવપણું છોડીને તેના મૂળ સ્વરૂપમાં એટલે કે પરમાત્મા સ્વરૂપમાં જઈશ (મારા પિયરમાં જઈશ)

— ''अवधा देवचि जाला पाही ।
भरोनिया अंतर्बाही । देवभक्त पण ।
तुका म्हणे नाही भिन्न ।।[૯૪]

અંદર બહાર બધે જ ઈશ્વરી તત્વ વિલસી રહ્યું હોવાને કારણે ભકત જુદો પડતો જ નથી. અદ્વૈતમાં ભકત અને ભગવાન બંને પરમતત્વ જ બની રહે છે. જીવ અને શિવનો ભેદ કેવળ હવે ગમ્મત ખાતર જ રહ્યો છે. જગતમાં સમાજમાં કરવામાં આવેલો વર્ણભેદ પણ એક રમત છે. જીવ-શિવનો ભેદ જેમ ગમ્મત છે તે જ પ્રમાણે મનુષ્યમાત્રનાં સ્વભાવ કર્મો કરેલો વર્ણ વિભાગ પણ જાણે કે એક સામાજિક ખેલ જ છે. ઈશ્વરની કૃપાથી (પ્રસાદરૂપે) મને આ અદ્વૈતનો, માનવજાતીની મૂળભૂત એકતાનો સુમધુર રસ પ્રાપ્ત થયો છે. આથી જો તેના ચરણોમાં પણ મારો ભકત તરીકે વાસ હોય તોપણ હું તેનાથી જુદો નથી. વિષ્ણુમય એવા સાચા જગતનું ભાન કે સર્વ વિષ્ણુમયં જગત નો સિદ્ધાંત જેને સમજાય છે તેના માટે જગતનું કશુંય ભિન્નત્વ સાચું નથી રહેતું કેવળ સમાજવ્યવસ્થા માટે જ વર્ણ વિભાગ કરવામાં આવ્યા છે એવું પણ તુકારામ કહે છે.

— ''अवधी एकाचीच वीण।
तेथे कैचे भिन्न भिन्न ।
वेदपुरुष नारायण। तेणे केला निवाडा ।। (૩૫૪)

આ અભંગ તુકારામના જીવ, બ્રહ્મ ઐકયના વિચારો સમજવા માટે મહત્વનો છે. ઈશ્વરની કૃપાથી પ્રસાદ રૂપે આ અર્થ સમજાયો છે, એવું તુકારામ કહે છે. તેથી આ ત્વરીત સ્ફુરિત રચના અત્યંત પ્રાસાદિક બની છે. અભંગના વેદ, પુરુષ, નારાયણ અને વર્ણધર્મ જેવા શબ્દો સમજતા તુકારામની સિધ્ધાવસ્થામાં ઈશ્વર સાથેની સમરૂપતામાં કે તેની ભુમિકામાં તેમની બુદ્ધિને વૈદિક જ્ઞાનનું સ્મરણ થયેલું સ્પષ્ટ જોઈ શકાય છે.

---

૯૩. એજન, અભંગ નં.૯૩
૯૪. એજન, અભંગ નં.૨૯૪

તુકારામનાં ઉપર્યુકત અભંગમાં વૈદિક પુરુષ સુકત મહત્વનો સિદ્ધાંત ડોકાય છે.

वेद्पुरुष नारायण। तेणे केला निवाडा।

એવું જ્યારે તે કહે છે ત્યારે તેમની દિવ્ય દષ્ટિ સામે વેદોનું પુરુષ સુકત અને એ સુકતનો દષ્ટા નારાયણ ઋષિ છે. વિષ્ણુમય જગતમા માં પુરુષ एवेयं सर्व नो સિદ્ધાંત રહેલો છે. અને સમાજમાં ચાર વર્ણોના વિભાગો આ એક જ વિરાટ પુરુષનાં ભિન્ન ભિન્ન કાર્યો કરતાં અવયવો હોવાથી આ ભેદ વાસ્તવમાં સાચો નથી. કેવળ ક્રિડા માટે, સમાજને વ્યવસ્થિત રાખવા માટે કરવામાં આવ્યો છે એવું તુકારામ કહે છે.'' [૯૫]

વેદોનો અર્થ તુકારામની બુદ્ધિમાં પ્રગટ થાય છે અને એક ભાવાવેશભરી અવસ્થામાં તુકારામ વૈદિક સિદ્ધાંતો કહેવા માંડે છે ત્યારે वेदांचा तो अर्थ। आम्हासीच ठावा વેદોનો અર્થ અમને ખબર છે.) એવો તેમનો આત્મવિશ્વાસ કેટલો સાચો અને સાર્થક હતો એ વાતની આપણને પ્રતિતી થાય છે.

: ઈશ્વર-ભકત, જીવ શિવનું ઐકય અનેક દષ્ટાંતો દ્વારા તુકારામે વર્ણવ્યું છે. જેમ કે,

– ''रवि रश्मिकला । नये काढिता निराळा ।
तैसा आम्हा जाला भाव।
अंगी जडोनि ठेला देव।
गोडी साखरे पासुनी । कैसी निवडिती दोन्ही।
तुका म्हणे नाद उठी।
विरोनी जाय भांपोटी॥[९६] (૫૭૭)

સૂર્ય અને કિરણ, ખાંડ અને તેની મિઠાશ, ઘંટ અને તેનો નાદ જેમ એકબીજાથી અલગ કરી શકાતા નથી તેવી જ રીતે ઈશ્વર પાસેથી ભકતને જુદો કરી શકાતો નથી એટલું આ બધાનું ઐકય છે. અંદર બહાર સર્વત્ર એક જ ઈશ્વર વ્યાપેલો હોવાથી હવે બીજા કશાનું ભજન શા માટે? ભજન કરવા જેટલો ભિન્ન હવે ભકત રહ્યો જ નથી. ભક્તિ સુખનો આસ્વાદ કરવા માટે એક જ ઈશ્વર ભકતનું સ્વરૂપ લઈને અવતરે છે. તેમાં કોઈ ભિન્નતા રહેતી નથી. જીવ જ શિવ સ્વરૂપ હોવાથી તેને મરણ નથી. મરણ એ દેહનો ધર્મ હોવાથી તેને મૃત્યુ તો પામવું જ પડે છે. અમરત્વનો મર્મ હાથ લાગ્યા પછી હવે જીવનનાં સઘળા દુ:ખો વિસરાઈ ગયા છે. શિવ કરતાં હવે જીવ જુદો નથી તેથી જીવને પડતા દુ:ખોનો, શ્રમનો કોઈ વિચાર કે ચિંતા કરવાની જરૂર નથી.

---

૯૫. તુકારામ દર્શન, ડૉ. સદાનંદ મોરે, કોન્ટિનેન્ટલ પ્રકાશન, પુણે, ૧લી આવૃત્તિ-૧૯૯૬, પૃ.૫૬

૯૬. તુકારામચી અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, પૃ. ૫૭૭

- ''अमर आहां अमर आहां।
खरे की पाहा खोटे है ॥
न म्हणा देह माझा ऐसा ।
मग भखसा कळेल ॥''[૯૭]

દેહભાવ છોડવાથી જીવનાં અમરત્વનું ભાન થાય છે. કારણકે ભકતનાં યોગથી ભક્તિને કારણે અર્થાત ઈશ્વર આપણો જીવ પોતાના જીવમાં મેળવી દેશે. એવા ઈશ્વર સાથે તાદામ્ય મેળવ્યા પછી જીવનો અંત કેવી રીતે થાય? ઈશ્વર પ્રમાણે જ તે પણ અનંત, અમર અને અવિનાશુંપણું પામશે. કારણકે, જે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન મેળવ્યા પછી તું તને ઓળખે છે એજ તારું સાચું સ્વરૂપ છે.

– ''जोडिले ते आतां न सरे सरिता ।
जीव बळी देता हाती आले ॥''[૯૮]

જીવનો ભોગ આપીને પણ ભકત ઈશ્વરનું ઐકય તોડવાનો પ્રયત્ન કરીએ તો પણ તે વિખુટા પડવાના નથી કારણકે, એક જ ચૈતન્ય ઈશ્વર અને ભકત થઈને ક્રિડા કરી રહ્યું છે. બંને એક જ છે. આ વાતને ઉદાહરણોથી સમજાવતા તુકારામ કહે છે કે,

– ''कस्तूरीचे अंगी मीनली मृतिका ।
मग वेगली कां येर्उल लेखूं ।
तयापरी भेद नाहीं देवभक्ति।
संदोहाच्या युक्त सरो ॥''[૯૯]

જેમ અગ્નીના સ્પર્શથી પહેલા લાકડું ઇંધણ બનતું નથી. સાગરને મળતા પહેલા નદી સ્વતંત્ર હોય છે. કસ્તુરી માટીમાં ભળે તે પહેલા તે ફકત સુંગધી દ્રવ્ય જ હતું. એવી જ રીતે જ્ઞાનથી અહં મમતા દૂર થાય છે. અને જીવ પોતાના મૂળ શિવરૂપ સાથે એકરૂપ થાય છે. ઈશ્વર અને ભકતમાં ભેદ અંગે કોઈ સંદેહ રાખવો નહીં.

ઈશ્વર અને ભકતનાં ઐકયમાં કયારેય ભંગ ન પડે એટલું જ હવે માંગું છું.

– ''न झाला प्रपंच आहे परब्रह्म ।
अहं सोहं ब्रह्म आवुकळे ।
तत्वमसित विद्या ब्रह्मनंद सांग ।
ते चि झाला अंगे तुका आता ॥''[૧૦૦](૪૩૧૩)

---

૯૭. એજન, અભંગ નં.૧૪૦૧
૯૮. એજન, અભંગ નં. ૨૦૦૮
૯૯. એજન, અભંગ નં. ૨૧૮૭
૧૦૦. એજન, અભંગ નં. ૪૩૧૩

અર્થાત પરબ્રહ્મથી જુદો એવો આ વિશ્વ પ્રપંચ થયો જ નહોતો એજ પ્રમાણે જીવ પણ શિવથી જુદો નહોતો. એ સમજાયું અને अहं ब्रह्मास्मि આ મહાવાકયનું આકલન થયું. હું પોતે બ્રહ્મ છું એ સમજાયુ અને તે જ પ્રમાણે તત્વમસિ-તે બ્રહ્મ તુ છે. એ મહાવાકયનો પણ બોધ થયો. પરિણામે બ્રહ્માનંદ મળ્યો અને તુકારામ પરબ્રહ્મ સાથે એકરૂપ થયો. જીવબ્રહ્મ ઐકયનો સિદ્ધાંત ઉપનિષદોનાં મહાવાક્યોથીજ તુકારામે અહીં સમજાવેલો જોઈ શકાય છે.

- ''असोनि उपाय म्हणे हे अपाय।
म्हणे हाय हाय काय करु।
तुका म्हणे हा तो स्वये परब्रह्म।
मुर्ख नेणे धर्म संतचरण।।''[१०१]

સુખદાયક એવા પરબ્રહ્મની અને આપણી એકરૂપતા સમજવાના અનેક ઉપાયો તુકારામ સમજાવે છે. પણ આ બધા ઉપાયો કરીને સુખી થવા ને બદલે સાંસારિકો શા માટે હાય હાય કરે છે તે સમજાતુ નથી. જીવ પોતે જ પરબ્રહ્મ છે. સંતોના ચરણે-શરણે જઈને આ તમામનાં અર્થો સમજી લેવા જોઈએ પણ મુર્ખોને તેનીં કશી ગતાગમ જ નથી. (સાંસારિકો સંસારમાથી ઉંચે આવતા નથી. તેમાંજ અટવાઈને જીવને દુઃખી કરે છે.) તેથી છેવટે તુકારામ ઈશ્વરને વિનંતી કરે છે કે,

- ''शेवट ची विनंती । एका एका कमलापती ।
काया वाचा मन । चरणीं आसे समर्पण ।।
जीव परमात्मा एवुयासी । सदा वसो ह्रदयेसी ।
तुका म्हणे देवा । कंठी वसावे केशवा ।।''[१०२]

હે ઈશ્વર ! તારું નામ હંમેશા મારા કંઠે રહે. કાયા, વાચા, મન તને સમર્પિત હો, જીવ અને પરમાત્માનું ઐકય સદાય (મારા મનમાં સ્મરણમાં) જાગૃત રહે એટલું જ માગું છું. આમ, ઈશ્વર-ભકત, જીવ-શિવ, જીવ-પરમાત્મા-પરબ્રહ્મનું ઐકય તુકારામે પોતાના અભંગોમાં સુપેરે વર્ણવેલું જોઈ શકાય છે.

પરબ્રહ્મ કરતા જુદી રીતે જડત્વથી અને વિવિધતાથી ભરેલું આ જગત એક આભાસ છે. અને જગત વસ્તુતઃ બ્રહ્મ અથવા ઈશ્વર જ છે એવા વ્યતિરેક ભર્યા અને અન્વયાત્મક એમ બંને રીતે જગતનું પરબ્રહ્મ સાથેનું ઐકેય વેદોમાં કહેવાયું છે, વર્ણવવામાં આવ્યું છે એવું તુકારામ કહે છે. જોકે આવા વર્ણનો તેમના અભંગોમાં થોડાક જ પ્રમાણમાં જોવા મળે છે. જો કે તુકારામને આખું જગત હરિરૂપ ભાસે છે તેથી અન્વયાત્મક વિવેચન તરફ તેમનો ઝુકાવ થોડો વધારે જોવા મળે છે.

---

૧૦૧. એજન, અભંગ નં.૪૩૪૮
૧૦૨. એજન, અભંગ નં.૪૪૦૫

અદ્વૈત સત્ય છે એ વાત બરાબર પણ જીવ-શિવ અને જગત-જગદીશ્વરનું દ્વૈત કેવળ ઈશ્વરે ગમ્મત ખાતર સર્જ્યું હોવાથી તે સાચુ નથી એવો પણ તુકારામનો મત છે. આ વાત તેમના નીચેના અભંગ ઉપરથી સ્પષ્ટ થાય છે.

- ''जीव शिवाचे भातुळे। कुले क्रिडाया कौतुके ।
कैंची येथे लोके. हा आभास अनित्य ॥''[१०३]

ઈશ્વર કરતાં જુદુ એવું પ્રતિત થનારું આ જગત અથવા પૃથ્વી, સ્વર્ગ વગેરે લોક આભાસિક અને અનિત્ય છે. આપણને જે દેખાય છે. એ સ્વરૂપમાં તે અનિત્ય હોવાથીસાચુ નથી કારણકે,

- ''काळे खादला हा अवधा आकार ।
उत्पति संहार धडा मोडी ॥''[१०४]

અર્થાત્ આજગત એટલે આકાર સિવાય કશું જ નથી. અને દરેક આકાર સમયાંતરે નષ્ટતા પામે છે. જગતમાં સર્જન-વિસર્જનની ઘટનાઓ તો અખંડ રીતે થતી જ હોય છે.

- ''सत्य तूं सत्य तूं सत्य तूं विठ्ठला ।
कां गा हा दाविला जगदाकार ।
सांभाळी सांभाळी आपुली ही माया ।
आम्हांसी का भयभीत केले ।
रुप नाही त्यासी ठेवियेले नाम ।
लटकाचि काम वाढविला ।
तुका म्हणे का गा जालासी चतुर ।
होतासी निसुर निर्विष्कार ॥[१०५]

સંત તુકારામ કહે છે કે વિઠ્ઠલ તુજ એક સત્ય છું અને તું જ સર્વત્ર છું. જો આવું છે તો પછી અમને તારા સ્થાને અસત્ય અને વિનાશી એવું જગત કેમ બતાવ્યું? તારી આ માયા સંકેલી લે કારણકે તેનાથી અમે ભયભીત થયા છીએ. જેને મૂળમાં જ રૂપ નથી. એને નામ આપીને નામરૂપનો આ ખોટો દેખાડો શા માટે કરે છે? વસ્તુતઃ તુ પૂર્ણપણે નિર્ગુણ, નિરાકાર છે તો તારા સ્થાને આ મિથ્યાજગત બતાવવાની ચતુરાઈ તે કેમ કરી?

---

૧૦૩. એજન, અભંગ નં.૩૫૪
૧૦૪. એજન, અભંગ નં.૫૪૧
૧૦૫. એજન, અભંગ નં. ૩૩૪૦

અહીં તુકારામ ફરીથી હરિ સાથે જાણે લડવાં-ઝગડવાનો સૂર કાઢીને વાત કરે છે. કોઈને પ્રશ્ન પૂછવાનો અધિકાર ત્યારે જ મળે છે. જ્યારે એની સાથે એટલો અંતરંગ સંબંધ હોય. સાક્ષાત્કાર થયા પછીનાં તુકારામ અને શ્રીહરિ વચ્ચે એવો સંબંધ હતો અથવા તો એમ પણ કહી શકાય કે તુકારામ ઈશ્વર ઉપર અધિકાર ભાવ ધરાવતા થયા હતા, ઈશ્વર પાસે જવાબ માંગતા હતાં.

પરબ્રહ્મ સ્વરૂપ ઈશ્વર જ સર્વત્રહોવા છતાં તેને સ્થાને વિનાશી જગત નજરે પડવું એ પણ ઈશ્વરની જ માયા છે. પોતાનું અસ્તિત્વ સંતાડવાની અને તેને સ્થાને કંઈક બીજુ જ બતાવવાની શક્તિ ઈશ્વરની માયાશક્તિ જ છે. આ માયાથી ઉપર થઈને ઈશ્વરને ચરણે જે જશે તે જ આ ભવસાગર તરશે. બ્રહ્મ, જગત અને માયા વિષયનો પોતાનો મત તુકારામે આ અભંગ દ્વારા વ્યકત કર્યો છે. જેને વ્યક્તિરેકાત્મક વિવેચન કહી શકાય.

- ''जग अवघे देव । मुख्य उपदेशाचीं ठेव ।
  आधीं आपण्यां - नासी । तरी उतरे ये कसी ।
  ब्रह्मज्ञाना चे कोठार । ते है निश्चयें उतर ।
  तुका म्हणे ते उन्मनी। नास कराया कारणी ॥'' (૧૩૩૮)

સંપૂર્ણ જગત ઈશ્વરનું જ સ્વરૂપ છે એ તુકારામનાં ઉપદેશનું હાર્દ છે પણ પરબ્રહ્મ કરતાં પોતાનું જુદું અસ્તિત્વ જે નષ્ટ કરીને જે પોતે પરબ્રહ્મ સ્વરૂપ બને તે જ सर्व खलु उदं ब्रह्म ની કસોટીએ પાર ઉતરશે. આ બધુ જ બ્રહ્મ છે. જગત અને જીવ તેના કરતા જુદા નથી એ વાત જાણવી એ જ બ્રહ્મ જ્ઞાનનું હાર્દ છે, રહસ્યભૂત સાર છે. અજ્ઞાન એ કારણ બને અને દ્વૈતભાવ એ તેનું કાર્ય આ બંનેનો નાશ થવો એટલે જ ઉન્મની અવસ્થા કહી શકાય.

ટૂંકમાં એકમાંથી અનેક થાય તો પણ એ અનેકતામાં એકત્વ હોય છે. यथा सोम्य एकेन मृत्पिंडेन सर्व मृण्मयं विज्ञातं स्यात् वायारंजाणं विकारो नामधेयं मृतिकेत्येव सत्यम् (दां. ६-१-४) માટીની જાણકારી મેળવ્યા પછી તેમાંથી બનાવવામાં આવેલી અનેક બાબતોની માહિતી મળે છે કારણકે આ વિવિધ પ્રકારો એક જ માટીનાં નામરૂપ હોય છે. તેમાં રહેલી આધારભૂત માટી જ એક પરમ સત્ય હોય છે.''[૧૦૬]

આમ અનેક પ્રાયતોથી તુકારામે તેમનો જગત બ્રહ્મેકય વિશેનો ખ્યાલ દર્શાવ્યો છે.

તુકારામના મતે માયાને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. અદ્વૈતમાં એક પરમાત્મા જ સાચો છે. એના સિવાય માયા નામનાં બીજા તત્વને કોઈ માનતું નથી. પરમાત્માને સ્થાને એ જે છે એવું જ ન દેખાવવાની જે શક્તિ છે એટલું જ નહીં પણ તેમાંથી વિપરીત પ્રતીત થવાની જે શક્તિ છે

૧૦૬. પાંચ સંતકવિ, લે.ડૉ.શંકર ગો. તુળપુળે, સુવિચાર પ્રકાશન, પુણે, ત્રીજી આવૃત્તિ-૧૯૮૪, પૃ.૩૨૦-૩૨૧

તેવી માયા પરમાત્માથી જુદી નથી. પરમાત્માનાં સાચા સ્વરૂપનાં જ્ઞાનને કારણે જે માયા છે જ નહી એનો ભાસ પણ નષ્ટ થઈ જાય છે.

- ''माया तेंचि ब्रह्म ब्रह्म तेचि माया ।
अंग आणि छाया तया परी।
तोडीतां न तूटे सरिता निराळी ।
लोटांगणातळी हारपते ।।''[१०७]

માયા વિશે જણાવતાં તુકારામ કહે છે કે શરીર અને એની છાયા ભિન્ન નથી કારણકે છાયાને સ્વતંત્ર અસ્તિત્વ નથી. તેજ પ્રમાણે બ્રહ્મ કરતાં માયા ભિન્ન નથી. શરીરની છાયા જુદી કહી શકાતી નથી અથવા તેને તોડી પણ શકાતી નથી પણ સાષ્ટાંગ દંડવત કરીએ તો તે નહીવત થઈ જાય છે. તે જ પ્રમાણે બ્રહ્મ સ્વરૂપનાં યથાર્થ જ્ઞાનને કારણે માયાનો આ લટકો સમજાય છે આ ઉપરાંત તુકારામ કહે છે કે

- ''मज पाहता है लटिके सकळ
कोठें मायाजाळ दावी देवा ।
कोणाचा कोणासी न धरवे संबंध ।
आहे शुद्धबुद्ध ठाहींचे ठावी।
काठा जी आपुले माहे बुंधी जाळे ।
नकाउा लावुं बळे वेड आम्हां।।''[१०८]

હે ઈશ્વર તારા કરતા જુદુ ભાસનારું આ વિવિધ નામરૂપાત્મક જગત એક લટકો જ છે કારણ કે એને માટે કારણભૂત એવી માયાને જ સ્વતંત્ર અસ્તિત્વ નથી. એ કયાં છે તે મને બતાવ જે માયા છે જ નહી તેનો બ્રહ્મ સાથે સંબંધ કેવી રીતે હોઈ શકે? પરબ્રહ્મ તો પોતાના શુદ્ધ અને જ્ઞાનમય સ્વરૂપમાં પોતાને સ્થાને જ હોય છે. અન્ય લોકોને તેનો જે ભાસ થાય છે તેનાથી તેના સાચા સ્વરૂપને કોઈ અસર થતી નથી. કારણકે એક દષ્ટિથી જોતા આ આભાસ માટે કોઈ અવકાશ જ નથી. તેથી તમે જે આ મોહ અને માયાનો બુરખો ઓઢયો છે તેને હવે દુર કરો. તમારા સાચા સ્વરૂપનું હવે અમને જ્ઞાન થયું છે ત્યારે હવે અમને ખોટી રીતે છેતરશો નહીં.

માયાને કારણે જગતનું ઈશ્વરરૂપી સાચુ દર્શન થતુ નથી અને તે જડ પોતાનાથી જુદુ અને વિવિધ નામરૂપાત્મક ભાસે છે. તેનું પરિણામ કેટલું ખરાબ આવે છે તે દર્શાવી તુકારામે માયાનું દુષ્પરિણામ વર્ણવતા કહ્યું છેકે,

---

૧૦૭. તુકારામચી અભંગગાથા, મુંબઈ શાસન દ્વારા પ્રકાશિત, પહેલી આવૃત્તિ-૧૯૫૦, અભંગ નં.૬૫
૧૦૮. એજન, અભંગ નં.૧૨૧૫

- ''धर्म तो न कळे। काय झांकितील डोळे ।
जीव भ्रमले या कामे ।
कैसी कळो येती वर्मे । विषयांचा माज ।
कांही धरुं नेदी लाज ।
तुका म्हणे लांसी। माया नाचवते कैसी।।''[१०९]

અર્થાત માયાને કારણે સર્વ જીવોનું તેમજ જગતનું સાચું ઈશ્વરી સ્વરૂપ સમજાતું નથી. તેને કારણે જગત જડ અને જગતનાં બધા લોકો અન્ય વસ્તુઓ આપણાં ઉપભોગ માટે છે એવુંલાગે છે. પરિણામે તેમના માટેઆપણા મનમાં કામ લાલસા ઉત્પન્ન થાય છે. જીવને ભ્રમ થવાને કારણે આપણને આપણો ધર્મ અને કર્તવ્યકર્મોનું સાચું ભાન થતું નથી. વિષય લાલસાનો આપણને નશો ચડે છે અને તમામ લાજ વિસારે પાડીને આપણે કર્તવ્યકર્મોથી વિમુખ થઈને વિષય સુખમાં ચકચૂર થઈએ છીએ. આવી બાબતો તરફ આંખ મિંચામણા કરનારને આ જગત માયાથી ભરેલું છે એ વાત કેવી રીતે સમજાવવી? માયારૂપી આ માખી મનુષ્યનાં ગરદન ઉપર છે અને મનુષ્યને કર્તવ્ય ભ્રષ્ટ કરી અન્યોને ઉપદ્રવકારક બને છે. અન્યોના દુઃખનું કારણ બને છે.

સંતોએ માયાવાદનો સ્વીકાર કેમ કર્યો છે તેનો અર્થ તુકારામનાં આ અભંગમાંથી સ્પષ્ટ થાય છે. મિથ્યા ઈન્દ્રિયોથી થનારા કર્મો પણ મૂળત્વની દષ્ટિએ મિથ્યા જ છે. તેથી જ (કર્મનું) તેનું ધર્મ પ્રમાણે આચરણ કરી બ્રહ્માર્પણ કરવાથી બહ્મરૂપ બને છે અને જીવને બંધનકારક બનતા નથી.

- ''तुका म्हणे मिथ्या देहे प्रियकर्म ।
ब्रह्मार्पण ब्रह्म होय बापा ।।'' (૪૨૬૪)

આજ વાત ગીતામાં કહેવાઈ છે. કર્તવ્યો કર્મો કરીને ફળની આશા ન સેવતા પોતાના કર્મો ને જે બ્રહ્માર્પણ કહે છે તેઓ પોતે જ બ્રહ્મ બને છે. અદ્વૈત તત્વની દષ્ટિએ તદ્‌ભિન્ન એવું કશુંય સત્યત્વથી નિર્માણ થયું નથઈ. એવો અજાતવાદ પણ તુકારામ કહે છે.

– ''लटिका प्रपंच वांझेचि संतति ।
तत्वज्ञा हे थ्रांति बांधू नेणे।
सूर्य बिंबी काय अंधार रिघल।
मृगजळे तिबल नभ कार्उ ।
तैसा द्रश्यभास नाठाकाचि डोळा।
प्रकाश सोहळा भोगीतसे ।
भाग्य भोक्ता नाठकेचि कांही ।
चैतन्य विग्रही पूर्ण काय ।
तुका ब्रह्मानंदी आहे तुकब्रह्म।
प्रपंचा चबंड न देखे डोळा ।।''[११०]

---

૧૦૯. એજન, અભંગ નં.૨૨૧૬
૧૧૦. એજન, અભંગ નં.૪૩૪૫

વાઝણીની સંતતી મિથ્યા છે કારણકે તેમાં છળકપટ છે. જેને સંતાનો નથી તેને જ વાંઝણી કહેવાય છે. તેના સંતાનોનું અસ્તિત્વ જ હોતું નથી. એવી જ રીતે એકમાત્ર પરબ્રહ્મ ને ઠેકાણે વિશ્વનાં દેખાતા પ્રપંચોનો જે દંભ છે એ જ છળકપટ છે. એ વાસ્તવમાં થયા જ નથી. અદ્વૈતનું જ્ઞાન જેને લાદયું છે તેને પ્રપંચોનો પરબ્રહ્મ ઉપર થનારો ભ્રમ ભ્રમિત કરી શકતો નથી. સૂર્યબિંબ જેમ અંધારુ હોતું નથી અથવા મૃગજળનું જેમ અસ્તિત્વ જ હોતું નથી તે પ્રમાણે જેને સર્વત્ર તત્વજ્ઞાનનો પ્રકાશ દેખાય છે એવો સાક્ષાત્કારનો આ પ્રકાશ ભોગવનારને કયાય આ દશ્ય વિશ્વનો ખોટો આભાસ દેખાતો નથી. કારણકે આ અદ્વૈતમાં દષ્ટા, દશ્ય, ભોગ્ય, ભોકતા, ભોગની ત્રિપુટીનું અસ્તિત્વ જ રહેતું નથી. એકજ ચૈતન્ય સાગરમાં આ તમામ વિલિન થાય છે. આ પ્રકાશમય ચૈતન્યનો સાક્ષાત્કાર થયો હોવાથી તુકારામ પૂર્ણકામ થયા હતા. બ્રહ્માનંદમાં બ્રહ્મરૂપ તુકારામ નિમગ્ન થયા હોવાથી પ્રપંચોની ઉપાધીઓ તેમને જણાતી નથી.

- ''नाही देवापाशी मोक्षाचे गाठोडे ।
आणूनि निराळे धावे हाती।
उन्द्रियांचा जय साधुनिया मन ।
निर्विषय कारण असे तेथे॥''[૧૧૧]

મોક્ષ એટલે શું? તેની કલ્પના તુકારામે આ અભંગમાં આપી છે. મોક્ષ એટલે આપણને સ્વાધીન ન હોય તેવું અન્ય તરફથી આપવામાં આવતું અને કદાચ મરણ પછી પરલોકમાં મળનારું એવી જે સામાન્ય સમજુતી છે તે બરાબર નથી. ઈશ્વર પાસે કંઈ મોક્ષના ટોપલાં નથી ભરેલા કે જેથી તમને એ હાથમાં આપી શકે. મોક્ષ એટલે કોઈક બંધનમાંથી મુક્તિ, સ્વતંત્ર થવું. આત્મા સ્વતંત્ર હોવાથી તેની એ નૈસર્ગિક પ્રવત્તિ છે. સામાજિક, ધાર્મિક, રાજકીય સ્વતંત્રતાની મૂળભૂતકલ્પના આ પ્રકારની સ્વાતંત્ર્યની કલ્પનામાંથી ઉદ્દભવે છે. એવો જ આ પ્રકાર છે. પોતાનું મૂળભૂત સ્વાતંત્ર્ય ભૂલીને જીવાત્મા પ્રકૃત્તિ, મન, અને ઈન્દ્રિયોને સ્વાધીન થાય છે અને આવી પરાધીનતા માંથી મુકત થવું એટલે જ મોક્ષ મેળવવો એવો તુકારામનો મત છે.

- ''मोक्ष देवापाशी नाहीं।
लटिकया घाउं विवळतो ।
काय खरे न धरी शुद्धि।
गेली बुद्धि भ्रमले।''[૧૧૨]

મોક્ષ ઈશ્વર પાસે નથી આપણી પોતાની પાસે જ છે. નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુકત એવું આપણું સ્વરૂપ છે. પણ બદ્ધતાનાં કે જ્ઞાન માટેની ખોટી દોડધામને કારણે તે ખોટી રીતે વ્યાકુળ થાય

૧૧૧. એજન, અભંગ નં. ૨૩૨૫
૧૧૨. એજન, અભંગ નં. ૩૧૪૮

છે. આવા સમયે બુદ્ધિ ભ્રમિત થયેલી હોવાને કારણે સાચી વસ્તુસ્થિતિ સમજતો નથી. વાસ્તવમાં દેહનાં અહંકારને કારણે તે વધુ પીડાય છે પણ હકીકતમાં દેહ આપણો છે ખરો? તે તો પંચમહાભૂતોથી બનેલો છે. આપણો છે અને છતાંય આપણો નથી. આવા વિનાશી દેહથી ઘડનારા પાપ પુણ્યનાં કર્મો નો ભાર તે પોતાના માથે લઈને ફરે છે. દુઃખી થાય છે. આ ભાર નાખી દેવાથી આપણે મુક્ત થયાની અનુભૂતિ કરી શકીએ છીએ. તેથી બંધન અને મુક્તિ આ બંને સાપેક્ષ અવસ્થાઓ પોતાની મૂળ દૃષ્ટિએ સાચી નથી.

આમ, અદ્વૈતી એવા તુકારામનાં પરબ્રહ્મ, પરમાત્માં, જગદીશ, જીવ, જગત, માયા,મોક્ષ અંગેના વિચારો તેમનાં અભંગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

અહીં સમાજનાં દંભો સામે કડકાઈથી કામ લેનારા તુકારામનું નવું જ રૂપ જોવા મળે છે. સુધારક એવા તુકારામની ભૂમિકા તત્વજ્ઞાન સમજાવતી વખતે પ્રગલ્ભ બની જાય છે. તુકારામે તત્વજ્ઞાન પણ વાંચન ચિંતન અને સ્વાનુભવથી મેળવ્યું છે. તેથી તેમાં તેમની પોતાની જ સ્થિતિ વર્ણવી છે. અને આજ કારણે તત્વજ્ઞાનમાં પણ તેમની સ્વભાવગત સરળતા છતી થાય છે. કોઈને સીધે સીધો ઉપદેશ કે આજ્ઞા નહીં પણ શાંતિથી વિગતથી સમજાવીને પરબ્રહ્મ અંગેના વિચારો તેમણે સરળ શબ્દોમાં વ્યકત કરેલા જોવા મળે છે. તેમને મન પરબ્રહ્મ એટલે શ્રી વિઠ્ઠલની પ્રાપ્તિ છે પણ તે વિઠ્ઠલની મુર્તિમાં પણ અનંત, અરૂપ, નિર્ગુણ, એવું જ તત્વ જુએ છે તે એમની વિશિષ્ટતા કહી શકાય. અખો કોઈ ચોક્કસ ઈશ્વરમાં માનતો નથી તેથી તે નિર્ગુણ નિરાકાર બ્રહ્મને માને તે યોગ્ય લાગે છે પણ અહીં તો તુકારામ વિઠ્ઠલને મૂર્તિમંત જોઈને, તેની સર્વવ્યાપકતા જોઈને પણ તેનાં જ શરણે- ચરણે રહેવાનું કહે છે. તુકારામની ભક્તિને મૂર્તિની મર્યાદાઓ નડી નથી એમ કહી શકાય. તે મૂર્તિને પરબ્રહ્મના સ્વરૂપનાં પ્રતિક તરીકે જુએ છે, મૂર્તિમાં પરબ્રહ્મ સમાયેલું છે એવું તે માનતા નથી. કારણકે તેમના મને તો અણુ અણુમાં હરિ વ્યાપેલો છે.

તુકારામ એક જ્ઞાની પુરુષ હતા એ વાતના નિર્દેશો આપણને તેમના સર્જનમાંથી ઠેકઠેકાણે મળી આવે છે. જ્ઞાની એટલે ફક્ત પુસ્તકીયા પંડીત કે વિદ્વાન એવો અર્થ નહીં. એવી જ રીતે જ્ઞાની એટલે કેવળ ઋષીસમાન તત્વજ્ઞ પણ નહીં. જોકે જ્ઞાનીના આ અર્થો પણ કેટલેક અંશે તુકારામને લાગુ પડે છે. કારણકે મરાઠી ભાષાનાં જ નહીં પણ મહત્વનાં એવા સંસ્કૃત સાહિત્યનાં ઘણા સંદર્ભો તેમના સર્જનમાં વારંવાર ડોકાય છે. તુકારામ બહુશ્રુત પણ છે. હિંદી જેવી અન્ય ભાષાઓનાં ભક્તિ કાવ્યોનો પણ તેમને પરિચય છે. મહારાષ્ટ્રની ભૂગોળ, પર્યાવરણ, પશુજીવન, વનસ્પતિ વગેરે બાબતોની માહિતી પણ તેઓ ધરાવે છે. ખેતી, વૈદક, વિવિધ કુટિરોદ્યોગ થી પણ તેઓ માહિતગાર છે. તુકારામનું વ્યુવહારજ્ઞાન અને અવલોકન શક્તિ અત્યંત વિસ્તૃત છે તથા મહારાષ્ટ્રનાં લોકજીવનના અનેક પાસાઓનું જીવંત ચિત્રણ તેમણે સુપેરે કર્યું છે.

આ તમામમાંથી જે સાર નીકળે છે તેને તુકારામનું શાણપણ, જ્ઞાનીપણું કહી શકાય. ઉચ્ચ દરજ્જાનાં વિદ્વાનો સંતોમાં જોવા મળતી ભેદક દષ્ટિ, તીક્ષ્ણ બુદ્ધિ, તીવ્ર સંવેદનક્ષમતા અને કોઈ પણ પ્રસંગમાંથી ઘટનામાંથી, ઉદાહરણમાંથી વિજળીના ઝળકારા પ્રમાણે ચક્તિ કરી નાખતો નિષ્કર્ષ કાઢવાની હથોટી તુકારામમાં છે. તુકારામે પોતે જીવનના પૂર્વાધમાં સંસાર સુખ ભોગવ્યું હતું તેથી એવું જ્ઞાન પણ એમણે અનુભવથી મેળવ્યું હતું. વિકારીપણાનો તેમને પોતાનો અનુભવ હતો. વૈરાગ્ય આવતા પહેલા કુટુંબ-પત્ની-સુખ-ભૌતિક સમૃદ્ધિ પણ ભોગવેલી હતી. અને આ બધો અનુભવ તેમના જ્ઞાનમાં જાણે કે વધારો કરે છે.

- ''ढेकवासी बाज गड। उतरचढ केवढी।
होता तैसा कळो भाव। आला वाव अंतरीया॥
बोरामध्ये वसे अळी। अढोकीच भोवती॥
पोटासाठी वेची चणे। राजा म्हणे तोड भी।
बेडकाने चिखल खावा। काय ठावा सागर।
तुका म्हणे ऐसे आहे। काय पाहे त्यात ते॥''[૧૧૩]

આ અભંગમાં તુકારામની વિલક્ષણ હાસ્યવૃત્તિ, ભેદક ઉપરોધ અને તેનું તત્કાળ નિરસન કરવાની શૈલીનું નિરુપણ થયેલું છે. આ જ પ્રમાણે તુકારામની પ્રતિભા અને સંવેદન શીલતાની પણ એક અનોખી ભાત આ અભંગમાં રજુ થઈ છે. માંકડ અને બાજનો સર્વસાધારણ આકાર આપણે જાણીએ છીએ. પણ અચાનક જ માંકડની નજરથી તુકારામ આપણને બાજ બતાવે છે અને ગઢ-ડુંગર જેટલો દેખાય છે. બાજનો ગઢ ચડનારા માંકડને જોઈને આપણને સાચો ડુંગર ચડનારા માણસો યાદ આવે છે અને તેમની આરોહણ શક્તિને કારણે તેમનું અભિમાન પણ યાદ આવે છે. એમ તુકારામ માર્મીકપણે કહે છે પણ પછીના ઉદાહરણો જોતા આપણા ધ્યાનમાં આવે છે કે મનુષ્યનાં સંકુચિત સંવેદનથી પોતાની જાણકારીનાં અભિમાનનો, બુદ્ધિનો, કલ્પનાશક્તિનો, જ્ઞાનનો, અહંકારનો, દંભનો તેમાં સંદર્ભ રહેલો છે. ઉપરાંત આપણી વૈયક્તિક કૌટુંબિક, સાંસારિક, સામાજીક જીવનની મર્યાદાઓનો પણ તેમાં તેમણે ઉલ્લેખ કર્યો છે.''

મનુષ્યો એકબીજાની મર્યાદાઓ જાણતા હોવા છતાં તેને ગણકાર્યા વગર પોતાના સ્વાર્થ માટે બીજાને કેવી રીતે કનડતા હોય છે તે વાત વાઘ અને વરુના સંવાદ દ્વારા વ્યકત કરીને બીજાનો આદર કરવાની પોતાની મર્યાદાઓ સમજીને તે પ્રમાણે વર્તવાની તુકારામે સલાહ આપી છે.

બ્રહ્મચર્ય પાળવું એ કેટલી અઘરી બાબત છે એ સમજાવવા પોતાની કામેચ્છા પૂરી કરવા માટે એક્ગધેડાનુ ઉદાહરણ તુકારામે આપ્યું છે. બ્રહ્મચારી ને બ્રહ્મચર્યનું ધૈર્ય ન રહ્યું એટલે એ

૧૧૩. એજન, અભંગ નં. ૨૪૫૨

ગધેડાને આલિંગવા ગયો પણ તેનાથી ગધેડો ભડકીને લાત મારી બેઠો. પરિણામે સંન્યાસી દૂર જઈ પડ્યો. આ કારણે બ્રહ્મચારીનું બ્રહ્મચર્ય તો ગયું જ પણ ગધેડાની લાતથી ગયું. ગધેડાના આવા વર્તનથી કામાતુર એવા બ્રહ્મચારીનું પણ મો જાણે કે કાળું થઈ ગયું તેના બ્રહ્મચર્ય ઉપર લોકોએ મશ્કરી કરી.

આવી જ્ઞાનથી સભર વાતો તુકારામ ગામનાં લોકોને કુવા ઉપર બેસીને, ઓટલા ઉપર બેસીને કે કોઈ સ્થાન ઉપર બેસીને કહી શકાય એટલી હળવાશથી રજુ કરે છે. એ ગ્રામીણ લોકોને પોતે પણ તેમનામાંથી જ એક છે એવો ભાષિક દિલાસો આપે છે. પોતે આ બધુ જાણે છે. તેથી તેમનાં કરતા પોતે જુદા છે. જ્ઞાની છે એ વાતનો જરાય અણસાર આવવા દેતા નથી. આ વાત ઉપરથી આપણને સાચા જ્ઞાનીઓ કેવા હોય એ અંગેની જાણકારી મળે છે. ''સાક્ષાત્કારી પુરુષ અને સંસાર વચ્ચેની સીમારેખા જ તુકારામે જાણે કે ભૂંસી નાખી છે સાચી જીવન મુક્તિ વ્યક્તિ સર્વસમાવેશ હોય છે અને સતત જીવન અનુભવ લેતી હોય છે. ઘણા બધાં અનુભવોથી ઘડાતી હોય છે. એમના જીવનમાં હાસ્ય પણ હોય છે અને પોતાના થી અસમાન એવી વ્યક્તિઓ સાથે પણ મન મોકળાશથી વાત કરી શકે એવું નિરાભિમાન હોય છે. આ બધી વાતોનું નિરુપણ આપણે તુકારામનાં અભંગોમાં જોઈ શકીએ છીએ. જ્ઞાનની ઉચ્ચાસન ભરી બાબતો તુકારામ સ્ત્રી-પુરુષો, અબાલ-વૃદ્ધો, ગ્રામ્ય લોકોને તો સમજાય એટલી હળવાશભરી શૈલીમાં કહે છે ઉપરાંત ઘણાં ઓછા સાધકોને સમજ પડે એવા માર્મિક ઈશારાથી પણ પોતાની વાત રજુ કરે છે.'' [૧૧૪]

તુકારામે માનવજીવનનું ઝીણું અવલોકન-નિરિક્ષણ કર્યું હતું. માનવજીવનનાં સુખ દુ:ખનાં સ્વાનુભવનું ભાથું તેમની પાસે હતું. દરેક બાબતને મૂળમાંથી તપાસી અનેકો સાથે વિચાર વિનિમય કરીને પણ પોતાની સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કર્યા બાદ જ તેઓ નિષ્કર્ષ કાઢતા હતા. તુકારામ પ્રબુદ્ધ એવા બ્રાહ્મણ નહોતા, અને તેમણે અનન્ય એવું પુસ્તકીયું જ્ઞાન કે અભ્યાસ કર્યો નહોતો. પ્રગલ્ભ તત્વજ્ઞાન એકદમ સ્પષ્ટ રીતે માંડીને સમજાવી શકે છે. કહેવાતું જ્ઞાન નથી મેળવ્યું તે છતાંય વર્ણન-ઉદાહરણો અત્યંત તાર્કિકતાથી તુકારામ આપી શકે છે.

નિસર્ગ, પશુપંખી, ગ્રામ્ય જીવન, ખેતી, વૈદક, તત્વજ્ઞાન, ધર્મગ્રંથ, શાસ્ત્રો -પુરાણો, સાંસારિક અનુભવો, વ્યવહારજ્ઞાન, આર્થિક, લેવડ-દેવડનાં હિસાબો, રિત-રિવાજો એવા અનેક વિષયોમાંથી તેમનું જ્ઞાન કસાયેલું છે. તુકારામનો જ્ઞાનને ધાર છે. તેજ છે, તેમાં ભેદકતા છે અને સુંવાળભરી હળવાશ પણ છે.

જો કે આ તમામને વ્યવહારમાં શાણપણ પણ કહી શકાય પણ તુકારામનાં જ્ઞાની હોવામાં એક તાત્વિક ભૂમિકાની બેઠક ને વિશ્વ સંકલ્પના જોવા મળે છે. સાથે સાથે ગાઢ અનુભવોમાંથી

૧૧૪. પુન્હા તુકારામ દિલીપ પુરુષોત્તમ ચિત્રે, પોપ્યુલર પ્રકાશન, મુંબઈ, બીજી આવૃત્તિ-૧૯૯૪, પૃ. ૧૨૭

આવતો નિચોડ પણ તેમની પાસે છે. તત્વજ્ઞાન, નીતીમૂલ્યોની સંકલ્પના જીવનની ક્ષણભંગૂરતાનું ભાન, માણસમાત્ર માટે મનમાં અનુકંપા હોવાની સાથે તેમનામાં જીવનનાં સારતત્વ નું ભાન, મનુષ્યની સુક્ષ્મ જાણ, તીવ્ર વિરોધ અને આકરું કડવું બોલવાની એટલી જ હિંમત પણ હોવાથી તેમની શૈલી અત્યંત સમૃદ્ધ અને વૈશિષ્ટપૂર્ણ બની રહે છે. તેમના સીધા સાદા લાગનારા અભંગોમાં પણ સહજ રીતે સ્ફુરેલા અને સ્થળ કાળ વિષયને યોગ્ય એવા સુભાષિતો પણ સતત પોતાનું અસ્તિત્વ બતાવતા રહે છે. આપણીજાણ બહારના કેટલાંય સુભાષિતોને મરાઠી ભાષામાં સહજ રીતે ઉતારી તેને વ્યાપક સમજ આપી છે. જીવનનાં વિવિધ પાસાઓનું ઉંડુ જ્ઞાન, તેમાં રહેલા મૂલ્યો કે અભાવોનુ સ્પષ્ટીકરણ સહજતાથી કરી આપણા પારંપારિક એવા રૂઢ-જડ વિચારોને તુકારામ ધીમે ધીમે ધક્કો મારે છે. જ્યાં છીએ ત્યાંથી ઉપર ઉઠીને જોવાની દ્રષ્ટિ કેળવવા માટે જાણે કે મજબુર કરે છે, વિચારતા કરી મુકે છે તેમના અંભગોનો ફરી ફરી અભ્યાસ કરવાથી તેના વિવિધ પાસાદાર તત્વોનો, વિષયોનો, તેના ભાવનો જાણેકે સમૃદ્ધ ભંડાર આપણી સમથી ખુલ્લો થાય છે. તે દરેક વખત જુદો જુદો અર્થ વધુને વધુ ઉદ્‌બોધક બને છે. તુકારામનાં અભંગોમાંથી તેમની સમૃદ્ધ ભાષા બોધની વિવિધતા, અને માનવીય જીવનને સ્પર્શતા અનેક પાસાઓ મળી આવે છે. તુકારામે પોતાનું જ્ઞાનસિમિત ન રાખતા સમાજના દરેક વર્ગ માટે લૂંટાવ્યું છે. એમ કહી શકાય.

તુકારામના જ્ઞાન વિશે કે જ્ઞાની તુકારામ વિશે કોઈ વિરોધ કે વિરોધાભાસી સિદ્ધાંતો- મતો-વિવાદો ક્યારેય ઉલ્લેખાયા નથી તે હંમેશા માટે કાયમ સ્વીકારાયું છે. અને આ વાત તેમનાં જ્ઞાની હોવાનું સમર્થન પણ એટલી જ સહજતાથી કરે છે. તુકારામની ગાથામાંથી અનેક સ્થળે તેમના જ્ઞાનદર્શક અભંગો મળી આવે છે. પણ દરેકનો અર્થ જુદો, તેનો ઉપદેશ જુદો, શૈલી જુદી હોવાથી તમામને અહીં પ્રસ્તુત કરવા અઘરા છે.

તુકારામની અસામાન્ય લોકપ્રિયતાનું કારણ જેમ તેમની અભંગવાણી છે એવી જ રીતે તેમની સમજોન્મુખ વૃત્તિ પણ છે. તેમનાં સમગ્ર સર્જનમાં સામાજિક અધિષ્ઠાન દેખાઈ આવે છે જેનાથી તેમનું સામાજિક પ્રતિનિધિત્વ છતું થાય છે.

પોતે શૂદ્ર જાતીનાં છે એ વાતની પ્રતિતી તેમનામાં સતત જાગૃત થયેલી કયાંક વર્તાઈ આવે છે. ઉપરાંત તેમનાં મનમાં આવી સામાજિક વિષમતાનું દુઃખ સતત જાણેકે દુઝતું રહ્યું હોય એ પ્રમાણેનાં વર્ણનો પણ તેમનાં સાહિત્યમાંથી મળી આવેછે. વૈયક્તિક તેમજ સામાજિક દુષણો તરફનો અસંતોષ તે તેમની કાવ્યરચનાનું મૂળ છે એવું કહી શકાય તત્કાલીન શૂદ્ર સમાજની પરિસ્થિતિ એવી હતી કે એ જાતીમાં જન્મેલા તુકારામ જેવા અંતર્મુખ અને સંવેદનશીલ વ્યક્તિનાં મનમાં હીણપતની

ભાવના સતત રહેતી હતી, અને એવી આ હિણપતની ભાવનાને દૂર કરવા તુકારામે જાણે કે જીંદગીભર એક પ્રકારની લડત જ આપી હતી. આ લડત એ તેમનું સામાજિક અધિષ્ઠાન હતું. જન્મસિદ્ધ જાતિભેદમાં જકડાયેલાં પોતાનાં સમાજમાં ત્યારે કોઈને વૈયક્તિક કે સામાજીક ઉન્નતિ માટે અવકાશ જ નહોતો, આવી પરિસ્થિીતમાં શૂદ્રો માટે ભક્તિ એજ એકમાત્ર માર્ગ ખુલ્લો હતો. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને, સમાધાની વૃત્તિથી પોતાનું કર્તવ્ય બજાવવું તેમાં જ કદાચ તેમની ઉન્નતી થવાનો સંભવ હતો. ઐહિક જીવનની સુખેષણા ઓ તેમનાં હાથ બહારની વસ્તુ હતી, અને તે મેળવવા માટે તુકારામ કે અન્ય ભકત-જ્ઞાની-સર્જકોએ ખાસ પ્રયત્નો પણ કર્યા હોય એવું બન્યું નથી. (ઉલટાનું પોતાના જીવન દરમ્યાન ઘણીવાર આવેલા સુખોનો તેમણે ત્યાગ કર્યો હતો, જે અંગે તેમને કયારેય દુ:ખ થયું નહોતું) ઉલટું, પારમાર્થિક જીવનની સમતા માટે તેમણે અન્યો ઉપર અટ્ટહાસ્યો કર્યા હતા અને તેમની ખરાબ બાજુ ઉપર પ્રહારો કર્યા હતો. સામાન્યજનને તેનાથી વાકેફ કરવા, દૂર રાખવાનાં પ્રયત્નો પોતાની રીતે કર્યા હતા અને તે માટે તેમણે ઈશ્વરભક્તિનો માર્ગ અપનાવી ભાગવતધર્મની પરંપરા આગળ વધારી હતી. આ દૃષ્ટિથી જોતાં તુકારામને પરિવર્તનવાદી અથવા ક્રાંતિકારી જ્ઞાની-સંત તરીકે ઓળખાવી શકાય. પરંતુ આ વાત પણ એટલી જ સાચી છે કે તેમણે કરવા ધારેલું પરિવર્તન કે ક્રાંતિ તેમણે જ શરુ કરી હતી એવું નહોતું પણ જ્ઞાનેશ્વરથી ચાલતી આવતી ક્રાંતિની ધ્વજાને તુકારામે જાણે ફરીથી સમાજમાં લહેરાવી હતી. ચાતુર્વર્ણની રૂઢીવાદી કલ્પનાઓ ઉપર પ્રહાર ન કરતા અથવા પરંપરાગત સામાજિક વ્યવસ્થાને તોડ્યા વગર પ્રાપ્ત પરિસ્થિતિમાં જ સમાજને માનવધર્મની સાચી સમજણ આપવી એ તુકારામનું જીવીતકાર્ય હતું એમ કહી શકાય.

જ્ઞાનેશ્વરે ભાગવતધર્મનું એટલેકે માનવધર્મનું તત્વજ્ઞાન કહ્યું હતું. નામદેવે આ તત્વજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર સમાજનાં દરેક સ્તરે ફેલાવ્યો. એકનાથે આ માનવધર્મને વધુ વિશાળ બનાવીને તેને સમજાવવા માટે સમન્વયતાનું ધોરણ સ્વીકારી રૂઢીગત કલ્પના અને સ્વતંત્ર પ્રેરણા-આ બંનેમાં એક પ્રકારની સંવાદીતા સ્થાપી. પણ તુકારામનાં સમયમાં આ આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. થોડી સ્વતંત્રતા મળી, સ્વધર્મ અંગે આશાસ્થાનો નિર્માણ થયા અને તેમાં તુકારામનું વલણ ઉમેરાયું પરિણામે સ્પષ્ટપણે કાંઈ બોલવા-કહેવાનો તેમને અવસર પ્રાપ્ત થયો હતો.

''પ્રા.ગં.બા. સરદારના કહેવા મુજબ, એકનાથની ન્યાયનિષ્ઠાનું તુકારામમાં ન્યાયનિષ્ઠુરતામાં રૂપાંતર થયું હતું. બહુજનસમાજમાં રહેતાં સર્વસામાન્ય વ્યક્તિના રાગદ્વેષ અને આશા-આકાંક્ષા અંગે તુકારામે આત્મીયતાથી બોલી બતાવ્યું છે. રૂઢ સંસ્કાર અને સ્વતંત્રતા/ સ્વતંત્ર પ્રેરણા વચ્ચેનો ઝગડો તુકારામનાં મનમાં સતત ચાલતો હતો; અને તેમણે આપેલો માનવતાનો સંદેશ એ પેલા ઝગડાનો જ જાણે કે પરિપાક છે. વર્ણાશ્રમનાં ચૌકઠાને નુકશાન ન કરતાં, દરેકને આત્મવિકાસનો

સુલભ, સરળ માર્ગ દર્શાવવો- એ ધ્યેય તુકારામે સતત નજર સામે રાખી સમાજનાં દુષણો સામે સતત લડતો આપી છે. સમાજમાં દુભાયેલાં લોકોને પોતીકુપણું દર્શાવી તેમને આશ્વાસન આપી, તેમનામાં ચૈતન્ય નિર્માણ કરવું એજ તુકારામની ધ્યેયસિદ્ધ અને ભાગવતધર્મની પરિણતી રહી છે.''- તુકારામ કળશ થયાં એવાતો મર્મ આજ છે.[૧૧૫]

તુકારામનું મૃત્યુ કેવી રીતે થયું, કયાં થયું એ અંગે પણ તેમનાં જન્મ જેવાજ અનેક મતમતાંતરો છે. લોકોકિત અનુસાર તેઓ સદેહે વૈકુંઠ ગયા, તેમને લેવા માટે સ્વયં શ્રીહરિ પધાર્યા હતા. પરંતુ તાર્કિક અને વૈજ્ઞાનિક દષ્ટિએ શકય નથી એ આપણે જાણીએ છીએ. છતાંય ''શ્રદ્ધાનો હો વિષય તો પુરાવની શી જરૂર ?'' તુકારામની સમાધિ કયાંય મળતી નથી. તેમનાં આકસ્મિક મૃત્યુનો કે પછી લાંબા જીવનને અંતે મૃત્યુ પામ્યાનો પણ કોઈ આધાર મળતો નથી. છતાંય જેમ જન્મ માટે મતમતાંતરોને અંતે વિદ્વાનોએ તેમનું જન્મવર્ષ ઈ.સ.૧૫૯૮ કહ્યું છે. તેવી જ રીતે (તેઓ સંત તરીકે વધુ જાણિતા હતા તેને કારણે) તેઓ ઈ.સ.૧૬૪૯ માં સમાધિસ્થ થયા એમ કહેવાય છે. સંત અને જ્ઞાની સર્જક એવા તુકારામે પોતાનાં ૫૧ વર્ષની ઉંમરે જ વૈકુંઠગમન કરી હરિપ્રાપ્તિ કરી એમ કહી શકાય. પંઢરપુરનું મહત્વ વધારવામાં શ્રી વિઠ્ઠલ પછી તુકારામનો સૌથી મોટો ફાળો રહ્યો એ વાત આજે પણ સ્વીકારવી પડે.

---

૧૧૫. પાંચ સંતકવિ, લે.ડૉ.શંકર ગો. તુળપુળે, સુવિચાર પ્રકાશન, પુણે, ત્રીજી આવૃત્તિ-૧૯૮૪, પૃ.૩૬૯